Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ૦ આ૦ શ્રી વિજયપાલજીસ્વામી સ્મારક શાસ્ત્રમાલા મણકો ૩જો.

# વિદ્યમાન તીર્થંકર વિંશતિ
## અને
# સંગ્રહશતક સાર્થ.

પ્રકાશક,
જ્ઞાન-ભંડાર, ( કચ્છ પત્રી ).

સંશોધક અને સંગ્રાહક,
મુનિ દેવચંદ્રજી.

પ્રથમ સંસ્કરણ. પ્રત ૫૦૦.
વિ. સં. ૧૯૮૭. વીર સં. ૨૪૫૬.

કિંમત ૭ આના.

અર્થકાર:—
શાહ માંમજી વીરજી ( કચ્છ પત્રી ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

☞ પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં-
શા. અમરચંદ બહેચરદાસે છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજ્યપાદ સ્વ. આચાર્ય શ્રી વિજયપાલજી સ્વામીના સ્મરણાર્થે શાસ્ત્રમાળાના પ્રથમ મણકા તરીકે પુષ્પ વાટિકાની બીજી આવૃતી બહાર પાડવામાં જે જે ગૃહસ્થો તરફથી મદદ મળેલ છે તેઓના મુબારક નામ

રૂ. ૨૦૦) શા ખીમજી કાનજીની કુંo તરફથી (કચ્છ પત્રીવાલા)

રૂ. ૧૫૦) શા નેણુશી આણુંદજી ( કચ્છ પત્રીવાલા ) નકલ ૧૦૦૦

રૂ. ૧૨૫) બીજું પુષ્પ પૌષધવ્રત પદ્ધતિ છપાવવામાં કચ્છ નવીનારના શ્રી સંઘ તરફથી નકલ ૫૦૦

રૂ. ૨૫૦) ત્રીજુ પુષ્પ શ્રી મૃગાવતી સતીનો રાસ છપાવવામાં કચ્છ નવીનારના શાહ મોનજી ધારશી તરફથી ન૦ ૫૦૦

રૂ. ૨૦૦) ચતુર્થ પુષ્પ તરીકે વિદ્યમાન તીર્થંકર વિંશતિ સાર્થ અને સંગ્રહશતક સાર્થ છપાવવામાં શાહ રતનશી શિવરાજના વિધવા લીલબાઇ તરફથી રૂા. ૪૭) તથા શાહ ચત્રભુજ તેજપાલ હુબલી ( ધારવાડ ) વાળા તરફથી રૂા. ૪૦) બાકીનો ખુટતો ખર્ચ પુસ્તક વેચાણુમાંથી અપાવેલ છે.

ઉપર જણાવેલા પુસ્તકોની કિંમત ખર્ચ પુરતી રાખવામાં આવેલ છે પુસ્તકોના વેચાણુની આવક આ શાસ્ત્રમાળાના પુસ્તકો છપાવવાના ઉપયોગમાં લેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુદ્ધિપત્ર.

| શુદ્ધિ. | અશુદ્ધિ | પત્ર. | પંક્તિ. |
|---|---|---|---|
| પરિણામિક | પરિણુમિક | ૨ | ૧ |
| બાધક | બાધ | ૪ | ૯ |
| સંશ્લેષ | સંશ્વેષ | ૭ | ૯ |
| પરિણુતિ | પરિમણુતિ | ૭ | ૧૫ |
| योगात् | चोगात् | १२ | १४ |
| જ્ઞાનાદિક | જ્ઞાતાદિક | ૧૬ | ૧૭ |
| અતીંદ્રિય | અંતીદ્રિંય | ૧૭ | ૭ |
| પરપર્યાય | પર વર્યાય | ૧૮ | ૧૭ |
| સદુપદેશથી | સદુપેદશથી | ૧૯ | ૧૫ |
| નિર્વિકલ્પ | નિંવકલ્પ | ૨૦ | ૧૧ |
| સ્થિતિએ | સ્થિતિ | ૨૦ | ૧૪ |
| થઈને | થાયને | ૨૧ | ૨૨ |
| શૂન્ય | શૂન્ચ | ૨૧ | ૧૫ |
| નિરાવરણુ | નિવારણુ | ૨૩ | ૧૪ |
| સમાવી | ગમાવી | ૨૬ | ૩ |
| દ્યોતક | દ્યોતક | ૨૬ | ૯ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| શુદ્ધિ. | અશુદ્ધિ. | પત્ર. | પંક્તિ. |
|---|---|---|---|
| અબદ્ધાયુઃ | અબંદ્ધાયું | ૩૧ | ૨૩ |
| શકે | શક | ૩૨ | ૨૦ |
| સંપત્તિ યાને | સંપત્તિને | ૪૦ | ૭ |
| નિપુણ | નિપુર્ણ | ૪૬ | ૧૬ |
| માટે | થાટે | ૪૭ | ૫ |
| વડે | પડે | ૪૮ | ૩ |
| દ્વાદશમ | દશમ | ૪૮ | ૮ |
| નિર્યામક | નિર્યાયક | ૫૩ | ૧૪ |
| હર્તા | હતા | ૫૯ | ૧૯ |
| નર | નવ | ૬૨ | ૯ |
| રૂઢ | રૂઢી | ૬૩ | ૧૮ |
| [ વિ ] સંવાદ | સંવાદ | ૬૫ | ૧૨ |
| युक्तं | युत्तं | ૭૮ | ૬ |
| અંતરંગ | બાહ્યઅંતરંગ | ૮૦ | ૨૦ |
| બાહ્ય | બાહ્મ | ૮૦ | ૨૦ |
| બાહ્ય | બાહ્મ | ૮૦ | ૨૨ |
| બાહ્ય | બાહ્મ | ૮૦ | ૨૩ |
| અસેહતઃ | અસુહતા | ૮૨ | ૨ |
| તે | ને | ૮૨ | ૪ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| શુદ્ધિ. | અશુદ્ધિ. | પત્ર. | પંક્તિ. |
|---|---|---|---|
| સાધને | સાધના | ૮૨ | ૧૮ |
| ત્યારે | કયારે | ૮૩ | ૧૮ |
| છે | છે ? | ૮૪ | ૬ |
| સંપત્તિ | સંપતી | ૮૯ | ૨૦ |
| અનુષ્ઠાનના | અનુષ્ઠાન | ૧૦૨ | ૫ |
| જીવાત્માને | જીવાત્મા | ૧૦૨ | ૨૧ |
| કરતાં | કર્તા | ૧૧૩ | ૧ |
| वंदिअ | वंदिअ | ૧૧૩ | ૩ |
| समुद्द | समुद्द | ૧૧૩ | ૯ |
| તં | તે | ૧૧૪ | ૭ |
| सरुवं | ससवं | ૧૧૭ | ૭ |
| समदिट्ठी | समदिट्ठी | ૧૧૭ | ૭ |
| તેથી | અને | ૧૧૮ | ૨૧ |
| તેનો | તેનું | ૧૧૮ | ૨૧ |
| सुगइए | सुगइऐ | ૧૨૦ | ૩ |
| भणिओ | भणिऔ | ૧૨૦ | ૧૦ |
| તપ | તવ | ૧૨૦ | ૧૨ |
| શોધક છે- | શોધક છે | ૧૨૦ | ૧૩ |
| निच्छयं | निच्छाय | ૧૨૦ | ૨૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| શુદ્ધિ. | અશુદ્ધિ. | પત્ર. | પંક્તિ. |
|---|---|---|---|
| ववहारं | ववहार | ૧૨૧ | ૮ |
| ચારિત્રનો સાર | ચારિત્રનો | ૧૨૨ | ૧૦ |
| દુષમ | દુખમ | ૧૨૫ | ૩ |
| પદાર્થનું | પદાર્થ | ૧૨૬ | ૪ |
| સ્વરૂપ | સ્વરૂપને | ૧૨૬ | ૮ |
| व्वये | वये | ૧૨૭ | ૮ |
| નહિં | નહિં | ૧૩૦ | ૧૫ |
| अब्भुत्तठे | अप्भुतुठे | ૧૩૧ | ૧૫ |
| गुत्तीओ | गुत्तीआ | ૧૩૬ | ૫ |
| सील | सींल | ૧૩૬ | ૫ |
| સંયોગ | સૂંયોગ | ૧૪૪ | ૧૩ |
| રીત્યા | રીત્ય | ૧૪૯ | ૮ |
| પ્રસંગથી- | પ્રસંગ | ૧૪૯ | ૧૩ |
| રૂંધન | રૂંદન | ૧૫૦ | ૧૮ |
| पुग्गलध्धंत्तो | पुगलध्धग्तो | ૧૫૧ | ૧૦ |
| (તીર્થ) પ્રવર્ત્તે | (તીર્થ). | ૧૫૨ | ૧૬ |

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીશ વિહરમાન જિન સ્તવનની અનુક્રમણીકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| ૧ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન ... ... ... ... | ૧ |
| ૨ શ્રી યુગમંધર જીન સ્તવન ... ... ... ... | ૬ |
| ૩ શ્રી બાહુજીન સ્તવન ... ... ... ... | ૧૧ |
| ૪ શ્રી સુબાહુ જિન સ્તવન ... ... ... ... | ૧૭ |
| ૫ શ્રી સુજાત સ્વામી જિન સ્તવન ... ... ... ... | ૨૨ |
| ૬ શ્રી સ્વયંપ્રભ જિન સ્તવન ... ... ... ... | ૨૯ |
| ૭ શ્રી રૂષભાનન જિન સ્તવન ... ... ... ... | ૩૫ |
| ૮ શ્રી અનંત વિર્ય જિન સ્તવન ... ... ... ... | ૪૦ |
| ૯ શ્રી સુરપ્રભ જિન સ્તવન ... ... ... ... | ૪૬ |
| ૧૦ શ્રી વિશાળ જિન સ્તવન ... ... ... ... | ૫૨ |
| ૧૧ શ્રી વજ્રંધર જિન સ્તવન ... ... ... ... | ૫૬ |
| ૧૨ શ્રી ચંદ્રાનન જિન સ્તવન ... ... ... ... | ૬૨ |
| ૧૩ શ્રી ચંદ્રબાહુ જિન સ્તવન ... ... ... ... | ૬૮ |
| ૧૪ શ્રી ભુજંગ સ્વામી જિન સ્તવન ... ... ... ... | ૭૧ |
| ૧૫ શ્રી ઇશ્વર દેવ જિન સ્તવન ... ... ... ... | ૭૬ |
| ૧૬ શ્રી નમિપ્રભ જિન સ્તવન ... ... ... ... | ૮૨ |
| ૧૭ શ્રી વીરસેન જિન સ્તવન .. ... ... ... | ૮૮ |
| ૧૮ શ્રી મહાભદ્ર જિન સ્તવન ... ... ... ... | ૯૨ |
| ૧૯ શ્રી દેવયશઃ જિન સ્તવન ... ... ... ... | ૯૭ |
| ૨૦ શ્રી અજિત વીર્ય જિન સ્તવન ... ... ... ... | ૧૦૧ |
| ૨૧ કળશ ... ... ... ... ... ... | ૧૦૮ |
| ૨૨ દોહા ... ... ... ... ... ... | ૧૧૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સંગ્રહ શતક સાર્થની અનુક્રમણિકા.


૧ મંગલાચરણ
૨ શ્રી સંઘને નમસ્કાર
૩ સંઘકોને કહેવાય ?
૪ શાંતિકર અને ભયંકર સંઘનું સ્વરૂપ
૫ વર્તમાન શાસન કોનું છે ?
૬ શાસન પ્રત્યે જે શ્રદ્ધાવાન તે સમકિતી
૭ સમકિતનું સ્વરૂપ
૮ દેવગુરૂ અને ધર્મનું સ્વરૂપ
૯ સમકિતનું મહાત્મ્ય અને ફલ
૧૦ સમકિત વિના મોક્ષ નહોય
૧૧ સમકિતી કઇ ગતિનું આયુષ્ય બાંધે ?
૧૨ પ્રકારાંતરે સમકિતનું સ્વરૂપ
૧૩ સમકિત વિના નિર્વાણ નહોય
૧૪ ત્રણ પ્રકારના કરણ
૧૫ સમકિત વિનાનું જ્ઞાન તે અજ્ઞાન
૧૬ જ્ઞાન કોને કહીએ ?
૧૭ સમ્યક્ જ્ઞાનની મહત્તા
૧૮ જ્યાં જ્ઞાન ત્યાં ક્રિયા અને ક્રિયા ત્યાં જ્ઞાન
૧૯ શુષ્ક જ્ઞાન નકામું છે
૨૦ જ્ઞાન પૂર્વક ક્રિયા સફલ છે
૨૧ ચરણ-કરણના રહસ્યને કોણ જાણે ?
૨૨ જૈન દર્શનને વ્યવહાર અને નિશ્ચય સમ્મત્ત છે.
૨૩-૨૪ ચરણ કરણ સિત્તરીના ભેદ
૨૫ જ્ઞાન અને ચરિત્રનો સાર (ફલ)
૨૬ મોક્ષ અને બંધનું સ્વરૂપ
૨૭ સમકિત વિના આરાધના ન થાય
૨૮ પરમાર્થને થોડા જાણે છે
૨૯ ઉત્સૂત્ર-ભાષણનું ફલ
૩૦ યથાર્થ વક્તા અને ઉત્સૂત્ર ભાષકનો અંતર
૩૧ ઉત્સૂત્ર ભાષકનું દૃષ્ટાંત પુર્વક ફલ
૩૨ દુષમ કાલમાં જિનાગમનો આધાર
૩૩ જિનાગમની વિરાધનાનું ફલ
૩૪ રત્નત્રયનું સ્વરૂપ
૩૫ દ્રવ્ય ગુણ અને પર્યાયનું સ્વરૂપ
૩૬ " " "


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૭ દ્રવ્ય ગુણ અને પર્યાયનું સ્વરૂપ.
૩૮ ,, ,, ,,
૩૯ સમકિત ધર્મનું મૂલ છે
૪૦ પાંચ સમવાયને માને તે સમકિતી
૪૧ દ્રવ્યાદિ ચતુષ્ટયનું સ્વરૂપ
૪૨ સિદ્ધનું સ્વરૂપ
૪૩ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ
૪૪ જ્ઞાનના આઠ આચાર
૪૫ દર્શનના આઠ આચાર
૪૬ ષટ્ આવશ્યકના કર્ત્તવ્ય
૪૭ ચતુર્થ આવશ્યકનું નામ પ્રતિક્રમણે છે
૪૮ છઠ્ઠા આવશ્યકનું નામ પચ્ચખાણ છે તેના ભેદ
૪૯–૫૦ દશ પચ્ચખ્ખાણના આગાર
૫૧ નિરૂપક્રમ અને સોપક્રમ આયુષ્ય કોને હોય?
૫૨ તીર્થંકર નામ કર્મની સત્તા કઇ ગતિમાં હોય?
૫૩ કર્મની ઉત્તર પ્રકૃતિનું સંક્રમણ
૫૪ મોહના ઉપશમનો ક્રમ
૫૫–૫૬ કર્મ પ્રકૃતિક્ષયનો ક્રમ
૫૭ સર્વજીવ કર્મનું ફલ ભોગવે છે
૫૮ અભવ્ય મોક્ષ ન પામે
૫૯ અનંત વખત દ્રવ્યલિંગ સ્વીકારેલ.
૬૦ પાંચ નિયંઠાનું સ્વરૂપ
૬૧–૬૨ સાધુના સત્યાવીશ ગુણ
૬૩ વાસ્તવિક દુઃખ સુખનું સ્વરૂપ
૬૪ અપ્રશસ્ત રાગનું સ્વરૂપ અને ફલ
૬૫ ભવ પરંપરાથી કોણ મુક્ત થાય?
૬૬ શ્રમણ વગેરેનું સ્વરૂપ
૬૭ ૬૮ પ્રશસ્ત રાગ કોને કહીએ?
૬૯-૭૦ અપ્રસ્ત રાગથી દુઃખને સુખ માનવું
૭૧ વ્યવહાર રાશિમાં ન આવેલા અનંત ભવ્ય જીવો
૭૨ વિષય સુખ વાસ્તવિક દુઃખ છે
૭૩ જીવ અને પુદ્‌ગલાદિકનું અલ્પ–બહુત્વ
૭૪ પર્યાપ્તાદિ સંજ્ઞા જીવને વ્યવહાર નયથી છે
૭૫ ચાર અંગ પામવા દુર્લભ
૭૬ ઉત્સેધાંગુલ વગેરેનું સ્વરૂપ
૭૭ શ્રાવકને સવા વિસવાની દયા
૭૮ સર્વ સ્થલે જન્મ ને મરણ કરેલ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૭૯ કતકફલવત્ જીવ-કર્મનો સંયોગ
૮૦ જીવ લેણુ નિમત્તથી મૃત્યુ થાય
૮૧ કરજ વગેરે અલ્પ પણ સારો નહિં
૮૨ ઔદારિકાદિ આઠ વર્ગણા
૮૩ આહારક શરીર કેટલીવાર કરે?
૮૪ અણાહારિપણું ક્યારે હોય ?
૮૫ ઉપશમ સમકિતી કયા ગુણ સ્થાનને મેળવે ?
૮૬ ઉત્તરોત્તર નિર્જરાની વૃદ્ધિ કરનાર ગુણ શ્રેણિ
૮૭ ધર્મ ન કરવાથી જીવને પશ્ચાતાપ
૮૮ ધર્મક્રિયા ગુરૂ સાક્ષીએ કરવી
૮૯ સામાયિક કરનાર સાધુ જેવો છે
૯૦ ધર્મ કાર્યમાં સમયની સફલતા
૯૧ હમણા સામાયિકાદિ નથી એમ કહેનારનો સંગ તજવો
૯૨ ગૃહસ્થોએ કેવા ગામમાં વસવું ?
૯૩ આરંભાદિકથી દયા વગેરેનો નાશ
૯૪ સરંભ સમારંભાદિનું સ્વરૂપ
૯૫ ગુરૂને વંદન કરતાં ૭ ગુણ થાય
૯૬ સાત કારણથી આયુષ્ય ઘટે
૯૭ બે પ્રકારનો વિહાર
૯૮ ગુણ સ્થાનોની પ્રાપ્તિનો અંતર
૯૯ અશઠ પુરૂષની આચરણા બહુ માન્ય છે
૧૦૦ સિદ્ધના અનેક ગુણો
૧૦૧ લેખકનું અંતિમ કથન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्री वीराय. ॥

श्रीमद् અધ્યાત્મનિષ્ઠ પંડિતવર્ય શ્રીમાન્
દેવચંદ્રજી મહારાજ કૃત.

# વીશ વિહરમાનજિન સ્તવન.

## અર્થ સહિત.

## (૧) શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

જિનજી વિનતડી અવધારો, એ દેશી.

**શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;**
**શુદ્ધ ધર્મ પ્રગટયો જે તુમચો, પ્રગટો તેહ અમારોરે.**
**સ્વામી વિનવીએં મનરંગે. ॥૧॥**

અર્થ.—રાગાદિક શત્રુઓને જીતનાર હે સીમંધર સ્વામી અમારી વિનંતિને તમે સ્વીકારો. હે પ્રભો ! તમારો જે શુદ્ધ ધર્મ સ્વ દ્રવ્યાદિક–અથવા અનંત ધર્માત્મક વસ્તુના મૂલ ધર્મરૂપ કેવલજ્ઞાનાદિક, તે પ્રથમ અન્તરાયલ હતો; પરંતુ આપશ્રીએ ક્ષપકશ્રેણીના બળ વડે તે ધર્મ પ્રગટ કર્યો. તેવીજ રીતે હે પ્રભો ! અમારો પણ સત્તાગત ધર્મ તમારા જેવોજ છે; પરંતુ તે કર્મના સમૂહથી દબાઇ ગયેલ છે. હે નાથ ! તે શુદ્ધ ધર્મ તમારી સંપૂર્ણ કૃપાવડે પૂર્ણ પ્રગટ થાઓ. એમ આપ શ્રીમાન્ ને હૃદયના પ્રેમપૂર્વક વિનંતી કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જે પરિણમિક ધર્મ તમારો, તેહવો અમચો ધર્મ;**
**શ્રદ્ધા ભાસન રમણવિયોગે, વળગ્યો વિભાવ અધર્મ**
**રે, સ્વા૦ ॥૨॥**

અર્થ.—હે પ્રભો ! આપ શ્રીમાન્‌નો જે પરિણામિક ધર્મ જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક અનંત પર્યાયમય-તે ઉત્પાદ વ્યય અને ધ્રૂવ પણે નિરંતર પરિણમી રહ્યો છે. સંગ્રહ નયથી વિચાર કરતાં અમારો પણ સત્તાગત ધર્મ આપના જેવોજ છે; પરંતુ શ્રદ્ધા ( પ્રતિતી ) ભાસન તે જાણપણું અને ચારિત્ર સ્થિરતા રૂપ રમણતાના વિયોગથી એટલે વિપરીત યોગવર્તન થવાથી અમોને અશુદ્ધ પરિણતિરૂપ-રાગદ્વેષાદિ જન્ય કર્મ-પરિણામ મય વિભાવ ધર્મ-વળગ્યો છે. યદ્યપિ જીવનો સામાન્ય સ્વભાવ ( ધર્મ ) અવરાતો નથી, પરંતુ વિશેષ સ્વભાવ અવરાય છે. માટે શ્રદ્ધા વડે અમોએ પુદ્‌ગલનેજ હિત કરનાર સ્વીકારેલ, જાણપણું પણ પુદ્‌ગલ નું કર્યું અર્થાત્ તેનેજ પોતાના કરી માન્યા; અને પુદ્‌ગલમાંજ રમણતા કરી. એમ સર્વત્ર વિપરીત દશા થવાથી આત્માની વિભાવ પરિણતિ અનાદિ કાળથી સંયોગ સંબંધે થયેલ છે.

**વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય;**
**પરવિભાવ અનુગત પરિણતિથી, કર્મે તેહ અવરાય રે.**
**સ્વા૦ ॥૩॥**

અર્થ.—" **वत्थु सहावो धम्मो** " ઇતિ વચનાત્ વસ્તુનો સ્વભાવ તે ધર્મ, સમવાય સંબંધથી વસ્તુ ( દ્રવ્ય ) માં રહેલ છે તેનો મૂલથી અભાવ ( નાશ ) કદાપિ કાળે ન થાય; કારણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ અને ગુણીનું અભેદપણું છે. છએ દ્રવ્ય એક પ્રદેશે એકઠાં રહ્યા છતાં પણ પોતપોતાના સ્વભાવમાં રહે છે. જેમ જીવ અને પુદ્ગલ, લોહ ને અગ્નિની માફક પર્યાયાસ્તિક નયથી અન્યોન્ય મળેલ છે, છતાં પણ લોહ મટીને અગ્નિ સ્વરૂપ કોઇ દહાડો પણ થવા ન પામે, એમ દરેક દ્રવ્ય પોતપોતાના ધર્મને કયારે પણ ન છોડે; પરંતુ વિભાવાનુંગત પરિણુતિથી અનાદિ કાલનો આત્મા સ્વભાવ ને ભૂલીને કર્મ જન્ય પરપરિણુતિના કાર્યને કરતો થકો પોતેજ પોતાની મેળે કર્મથી વીંટાય છે. જેમ કરોળીઓ પોતે પોતાના શરીરને વીંટે છે તેમ પરંતુ આત્મા જ્યારે પોતાની ભૂલ સમજીને છૂટવાનો પ્રયત્ન કરે છે ત્યારે કર્મથી મુક્ત થવા પામે છે.

**જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતિ ભાવ અનાદિ;**
**પર નિમિત્ત તે વિષય સંઆદિક, તે સંયોગે સાદિરે. સ્વા૦ ૪.**

અર્થ.—જે વિભાવિક રાગ દ્વેષાદિકની પરિણુતિ તે પણ નિમિત્તને લઇને જીવ ધન ધાન્યાદિ અને વિષયાદિકમાં મુર્છીત થાય છે. તેવો સંતતિ ભાવ, પ્રવાહથી અનાદિથી, ચાલુ છે; અર્થાત્ વિષયસંગ પ્રમુખની અપેક્ષાએ જે પરનિમિત્તને લઇને સાદિ છે. કારણ ? નવા નવા અશુદ્ધ નિમિત્તો બદલતા જાય છે માટે આદિ સહિત છે. પરંતુ પ્રવાહની અપેક્ષાએ તે અનાદિ છે.

**અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તાકત્તા પરનો;**
**શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્ઘન, કર્તા ભોકતા ઘરનોરે. સ્વા૦૫**

અર્થ.—જ્ઞાનાવરણાદિક કર્મોદયરૂપ અંતરંગ અશુદ્ધ નિમિત્ત, કુદેવાદિક અને પૌદ્ગલિક વસ્તુમાં આસકિત વગેરે બાહ્ય અશુદ્ધ નિમિત્તને પામીને આત્મા પરભાવનો કર્ત્તા થઇ ચતુર્ગતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મય સંસારમાં પરિભ્રમણ કરે છે; પરંતુ જ્યારે ચિદ્દઘન જ્ઞાન સ્વરૂપી આત્મા, શુદ્ધનિમિત્ત જે અંતરંગ સમ્યક્ જ્ઞાનાદિક અને સુદેવાદિક બાહ્ય ઉચ્ચનિમિત્ત તેને પામીને સ્વભાવનો કર્ત્તા-ભોક્તા થાય છે, ત્યારે આત્મા સ્વયં સ્વરૂપાભિલાસી થઈ પરભાવમાં ઉદાસીન થાય છે.

**જેના ધર્મ અનંતા પ્રગટયા, જે નિજ પરિણુતિ વરીયા;**
**પરમાતમ જિન દેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરિયારે. સ્વા૦૬**

અર્થ.—જેના અનંત ધર્મ તિરોભાવે ( શક્તિરૂપે ) હતા તે આવિર્ભાવે ( પ્રગટ ) થયા. અનાદિકાલથી બાધકારક ચક્રના યોગથી આત્માની પરિણુતિ, કર્મદલને ગ્રહણ કરવામાં તત્પર હતી. તે સાધક કારક ચક્રથી પરપરિણુતિને બદલાવીને સિદ્ધ-સ્વરૂપમાં પરિણુતિ કરીને, આત્મિક પરિણુતિને વર્યા-પ્રાપ્ત કરી; અર્થાત્ બહિરાત્મભાવને નિવારી અંતરાત્માના યોગે પરમાત્મ-ભાવને પામ્યા. હે જિનેશ્વર દેવ ! રાગદ્વેષ અને મોહનો ક્ષય કરી આપ શ્રીમાન્ મોહરહિત થયા; અને જ્ઞાનાદિક ગુણરત્નના સમુદ્ર થયા.

**અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ;**
**સેવીએ શુદ્ધ નિમિત્ત અનુપમ, તજીએ ભવભયટેવરે.**
**સ્વા૦ ૭**

અર્થઃ—હે સીમંધરસ્વામી આપ આત્મ સ્વરૂપમાં રમણ કરનાર હોવાથી અમને આધાર રૂપ-પુષ્ટ હેતુ છો. કારણ ? આરિસામાં જેમ જોનારનું પ્રતિબિંબ પડે તેમ આપશ્રીના સ્વરુપનું અવલંબન ગ્રહણ કરતાં પોતાના સ્વરૂપનું ભાસ થાય. વળી આપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સર્વજ્ઞ હોવાથી સર્વ દ્રવ્ય-પર્યાયની પરિણતિને એક સમયમાં જાણી રહ્યા છો; તેથી આપ ઉપદેશકની પદ્ધતિએ પણ ભવ્ય જીવના ઉપકારક છો. એવી રીતે આપ શ્રીમાનને અનુપમ શુદ્ધ નિમિત્ત રૂપ સ્વીકારીને અમે સેવા કરીએ એટલે આપશ્રીની આજ્ઞાનું યથાર્થ પાલન કરીએ. આપશ્રીની આજ્ઞા ( કર્ત્તવ્યાર્થનો ઉપદેશ ) છે કે " પર પરિણતિનો ત્યાગ કરવો " એ આપશ્રીની આજ્ઞાએ પ્રવર્તન કરવાથી સંસાર ભ્રમણની ભીતિ ( ભય ) ટળીજાય; માટે પરમાત્મનું અવલંબન, ભકિત અને બહુમાન ( પ્રભુના સ્વરૂપને સમજીને ) કરવાથી આત્માપણ પરમાત્મ સ્વરૂપ બને છે.

**શુદ્ધ દેવ અવલંબન કરતાં, પરિહરીએ પરભાવ;**
**આતમ ધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવરે. સ્વ૦૮**

અર્થ:—વ્યવહાર નયથી અઢાર દૂષણ રહિત, દ્વાદસ ગુણ સહિત અને એકાંન્ત ભવ્ય જીવના હિતકારક શ્રીજિનેશ્વર દેવનું અવલંબન કરીએ તો પરભાવનો ત્યાગ કરી શકાય; અર્થાત આત્મા સ્વધર્મની ઓળખાણ કરી આત્મ ધર્મના રમણનો અનુભવ કરે ત્યારે આત્મિય ભાન પ્રગટે છે. યદ્યપિ ઉપાદાન કારણ તો આત્મા પોતેજ છે, તો પણ પરમાત્માના ઉત્તમ નિમિત્ત સિવાય ઉપાદાન કારણની જાગૃતિ ન થાય માટે પરમ ઉત્તમ નિમિત્તનું અવલંબન અવશ્ય કરવું જોઇએ.

**આતમ ગુણ નિર્મળ નિપજતાં, ધ્યાન સમાધિ સ્વભાવે;**
**પૂર્ણાનંદ સિધ્ધતા સાધી, દેવચંદ્ર પદ પાવેરે. સ્વા૦ ૯**

અર્થ:—શુદ્ધ સાધ્ય ને લક્ષમાં રાખી જ્યારે પરભાવની ઉપાધિ અને વિકલ્પ જાળનો ત્યાગ કરી, એકાન્ત શુકલ ધ્યાનરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધિ સ્વભાવમાં આત્મા લીન થાય ત્યારે આત્મિકગુણને આવરણ કરનાર જ્ઞાનાવરણાદિક કર્મ મલનો ક્ષય થવા પામે અને નિર્મળ કેવલ જ્ઞાનાદિક ગુણ પ્રગટ થાય. ત્યાર પછી પૂર્ણાનંદ મય સિદ્ધત્વ દશાની સાધના કરતાં દેવમાં ચંદ્ર સમાન નિર્મળ પરમાત્મ પદને પ્રાપ્ત કરી શકાય.

## (૨) શ્રી યુગમંધર જિન સ્તવન.

દેશી નારાયણની.

**શ્રી યુગમંધર વિનવું રે, વિનતડી અવધાર રે; દયાલરાય.**
**એ પર પરિણતિ રંગથી રે, મુજને નાથ ઉગાર રે; દયા૦ ૧**

**અર્થ:**— હે શ્રી યુગમંધર પ્રભુ! આપશ્રીને હું જે વિનતિ કરૂં છું તે આપ સ્વીકારો, આપ દયાલુમાં રાજા સમાન અને ભાવ દયાના ભંડાર છો. " આત્મ ગુણની જે વિધ્વંસના તે હિંસા અને જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્ય એ ચાર ભાવ પ્રાણની રક્ષા તે અહિંસા " આપ સ્વગુણના રક્ષક છો અને બીજાઓને ઉપદેશાદિક દેવાવડે તેના આત્મ ગુણની રક્ષા કરાવો છો. માટે હે પ્રભો! મારા ભાવ પ્રાણો પર પરિણતિ ના યોગથી હણાઇ ગયા છે; તેથી હે દયા સાગર! હવે એ પર પરિણતિ ના રંગથી મને બચાવો. જો પર પરિણતિ છુટે તોજ મારા ભાવ પ્રાણની રક્ષા થાય તેથીજ આપને હું વિનવી રહ્યો છું.

**કારક ગ્રાહક ભોગ્યતા રે, મેં કીધી મહારાય રે; દયા.**
**પણ તુજ સરીખો પ્રભુ લહીરે, સાચી વાત કહાયરે, દયા૦ ૨**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—હે મહાપ્રભો ! મેં અજ્ઞાનપણાથી પરપરિણુતિનું કર્તાપણું, ગ્રાહકપણું અને ભોગ્યતા ( ભોગવવાપણું ) જે અનાદિ કાળથી કરેલ છે. તેથી વસ્તુ સ્વરૂપની મને યથાર્થ ઓળખાણ ન થઇ; પરંતુ તમારા સરખા સંપુર્ણ ઐશ્વર્યવાન પ્રભુને ઓળખીને આપ શ્રીમાન્ પ્રત્યે હું મારી સાચી વાત કહું છું.

**યદ્યપિ મૂલ સ્વભાવમેં રે, પર કર્તૃત્વ વિભાવરે; દયા.**
**અસ્તિ ધર્મ જે માહરો રે, એહનો તથ્ય અભાવરે, દયા૦ ૩**

અર્થ:—જો કે અનાદિ કાળથી મારા મૂલ સ્વભાવમાં પર કર્તૃત્વાદિક વિભાવનો સંશ્લેષ ( સંયોગ ) થયો છે. જેમ સ્ફટિક રત્ન મૂલ સ્વભાવથી નિર્મળ ( સ્વચ્છ ) છે; પરંતુ અન્ય ( રકતાદિ પુષ્પ ) ના સંયોગથી અન્ય (રકતાદિ) સ્વરૂપ ભાસે છે. તેમ મારો આત્મા પણ અશુદ્ધ વ્યવહારથી વિભાવ પરિણુતિનો સંયોગી થઇ અશુધ્ધ ભાવમય બન્યો છે; તોપણ હું શુધ્ધ સંગ્રહ નય વડે મૂલ સત્તાગત અસ્તિ ધર્મ ઉપર જો લક્ષ આપીને મૂલ સ્વરૂપનો વિચાર કરૂં છુ તો એ પર પરિમણુતિજ ઉપાધિ જન્ય હોવાથી તે મારા મૂલ સ્વભાવરૂપ નથી. જેમ સ્ફટિક રત્નથી જો પુષ્પાદિકનો સંશ્લેષ દૂર કરવામાં આવે તો સ્ફટિક રત્ન શુધ્ધ જણાય છે; તેમ પરકર્તૃત્વાદિ-બુદ્ધિનું નિવારણ કરવાથી સ્વકર્તૃત્વાદિક પૂર્વક મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ જણાય છે.

**પર પરિણામિકતા દશારે, લહી પર કારણ યોગરે; દયા.**
**ચેતનતા પરગત થઇ રે, રાચી પુદ્ગલ ભોગરે, દયા૦ ૪**

અર્થ:—હે કૃપાળુ પરમાત્મન્ ! મારી પરભાવમાં પરિણમનપણાની દશા થઇ તેનું નિમિત્ત, માત્ર પરકારણ તે પ્રાણાતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાતાદિક દ્રવ્યાશ્રવ અને મિથ્યાત્વાદિક ભાવાશ્રવના યોગે મારી ચેતનતા, પરાનુયાયિની બની-ઉદય કર્મને આધીન થઇ અને પુદ્ગલની ક્રિયાને મેં મારી ક્રિયા માની. તેથી પુદ્ગલનાજ ભોગમાં આનંદમાની હું પુદ્ગલ ભોગી થયો. અર્થાત્ કર્મ ચેતનાને વશ થવાથી હું સ્વાત્મ ભાન ભૂલી ગયો !

**અશુદ્ધ નિમિત્ત તો જડ અછે રે, વીર્ય શકિત વિહીનરે; દયા.**
**તું તો વીરજ જ્ઞાનથી રે, સુખ અનંતે લીનરે, દયા૦ ૫**

અર્થઃ—જે આત્માને અશુદ્ધ પરિણામના હેતુ ભૂત અશુદ્ધ નિમિત્ત શુભાશુભ કર્મ-ઉદય જન્ય પુદ્ગલ તે તો જડ અને નિર્વીર્ય છે. કારણ ? કર્મ પરમાણુંમાં તેવી વીર્યશકિત નથી; કે જે આત્મગુણુનો ઘાત કરે, પરંતુ જીવ પોતાનાજ વીર્ય વડે કર્મ પરમાણુને ગ્રહણ કરી, સ્વશકિત વડે શુભાશુભ અધ્યવસાયથી પોતેજ; કર્મ પરમાણુંમાં શુભાશુભ રસને ઉત્પન્ન કરે છે. અર્થાત્ જીવ પોતેજ પોતાના અવિચારી પણાથી દુઃખી થાય છે. પણ જીવને જો સ્વરૂપનું ભાન થાય, તો શુભાશુભ ઉદય જન્ય કર્મ પુદ્ગલ કંઇ પણ બંધન ન કરી શકે; આપ શ્રીમાન્ તો અનંત વીર્ય અને જ્ઞાનના બળથી અનંત આત્મિક સુખને ભોગવો છો. માટે આપનું નિમિત્ત ગ્રાહ્ય છે.

**તિણ કારણ નિશ્ચય કર્યો રે, મુજ નિજ પરિણતિ ભોગરે; દયા.**
**તુજ સેવાથી નીપજે રે, ભાંજે ભવભય શોગ રે, દયા૦ ૬**

અર્થઃ—તે કારણુથી મેં મારા મનમાં નિશ્ચય કર્યો છે કેઃ- જેમ પ્રભુ સ્વયં સ્વપરિણુતિના ભોગી થઇ અનંત સુખ ભોગવે છે; તેમ હું પણ સ્વજાતિય દ્રવ્ય છું. માટે આપના જેવા હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાઉં મેં એમ વિચાર કર્યો છે કે હવે મારે પરપરિણતિનો ત્યાગ કરીને આત્મભોગી થવું તે આત્મભોગીપણું તમારી સેવા કરવાથી આપશ્રીની આજ્ઞા મુજબ વર્તન કરવાથી પ્રાપ્ત થાય. અને ભવના ભયનો શોક ટળી જવા પામે.

**શુદ્ધ રમણ આનંદતારે, ધ્રૂવનિસંગ સ્વભાવરે; દયા.**
**સકલ પ્રદેશે અમૂર્ત્તતારે, ધ્યાતાં સિદ્ધિ ઉપાયરે, દયા૦ ૭**

**અર્થ**:—શુધ્ધ આત્મ સ્વરૂપમાં-ચારિત્ર ગુણમાં-સ્થિરતારૂપ અતિશય આનંદપણું, ધ્રૂવ-સદા શાશ્વત-સર્વ પરભાવના સંગથી રહિત સ્વભાવ અને સકલ કર્મ-પુદ્‌ગલના અભાવ ( નાશ ) થી સર્વ પ્રદેશમાં અમૂર્ત્તત્વ આપશ્રીનું પ્રગટ થયું છે; તેનુંજ ધ્યાન કરવું એજ મુકિતનો ઉપાય છે. અર્થાત્ તમારી આત્મિક શુધ્ધતાનું ચિત્તની એકાગ્રતાએ અખંડ ચિંતન કરવાથી મારી સિધ્ધ દશા પ્રગટે.

**સમ્યક્ તત્ત્વ જે ઉપદિશ્યોરે, સુણતાં તત્ત્વ જણાય રે; દયા.**
**શ્રદ્ધા જ્ઞાને જે ગ્રહ્યો રે, તેહિજ કાર્ય કરાય રે, દયા૦ ૮**

**અર્થ**.—આપે જે તત્ત્વ-જીવાદિ પદાર્થનો [1] અવ્યાપ્તિ [2] અતિવ્યાપ્તિ અને [3] અસંભવાદિક દૂષણ રહિત; તેમજ નયગમ અને પ્રમાણથી યુક્ત જે ઉપદેશ કરેલ છે તે અન્ય એકાંત દર્શનોમાં કયાંય પણ નથી. જે અસર્વજ્ઞ અને સરાગી હોય તે વસ્તુ સ્વરૂપનું યથાર્થ કથન કરી શકેજ નહિ આપ શ્રીમાન્ વીતરાગ

---

૧ જે વસ્તુનું લક્ષણ વસ્તુના એક ભાગમાંજ ઘટી શકે તે અવ્યાપ્તિ
૨ જે વસ્તુનું લક્ષણ અન્ય વસ્તુમાં પણ ઘટી શકે તે અતિવ્યાપ્તિ
૩ જે વસ્તુનું લક્ષણ વસ્તુમાં સંભવિત ન હોય તે અસંભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વજ્ઞ હોવાથી તત્ત્વને યથાર્થ પ્રકાશી રહ્યા છો; એટલા માટે આપશ્રીનું પ્રવચન નિઃસંદેહ છે. અતઃ શ્રદ્ધા ( યથાર્થ પ્રતીતિ) યુક્ત જ્ઞાન જો ભવ્યાત્માને પ્રાપ્ત થાય તોજ તે જ્ઞાન સફલ છે. કાર્યકર્ત્તા થાય છે. કારણ ? સ્વરૂપની વિચારણા તે જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા તે ચારિત્ર જ્યાં ઉત્કૃષ્ટ જ્ઞાનદશા ત્યાં ચારિત્ર અવશ્ય હોય; અર્થાત્ સમ્યક્ જ્ઞાનની તીવ્રતા તેજ ચારિત્ર છે. સમ્યક્ જ્ઞાન વિના કેવલ દ્રવ્ય ચારિત્રના બલથી નવ ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે; પરંતુ કાર્ય સિદ્ધિ થતી નથી. શ્રદ્ધા પૂર્વક જ્ઞાન તે ચારિત્રનું કારણ છે, અને ચારિત્ર તે મોક્ષનો હેતુ છે. એમ કુશલ પુરૂષનો અભિપ્રાય છે.

**કાર્ય રૂચિ કર્ત્તા થયેરે, કારક સવિ પલટાયરે, દયા०**
**આતમગતેં આતમ રમેરે, નિજ ઘર મંગલ થાયરે, દયા० ૯**

**અર્થ.**—કારકચક્ર તે કર્ત્તાને આધીન છે; કર્ત્તા તો સ્વતંત્ર છે. જેમ કુંભાર જ્યારે ઘડો બનાવવાને ઇચ્છે છે ત્યારે દંડાદિક કારણ સામગ્રીને ઘટ-કાર્યમાં જોડે છે; અને ઘડાનો નાશ કરવા ઇચ્છતો થકો તેજ દંડથી નાશ પણ કરે છે. તેમ જીવાત્મા પણ પૌદ્ગલિક કાર્ય કરવા ઈચ્છતો થકો બાધક ભાવમાં પરિણામ પામીને વિપરીત ( બાધક ) કાર્ય કરે છે, પરંતુ જ્યારે આત્માને સ્વરૂપનું ભાન થાય છે ત્યારે આત્મા સાધક ભાવમાં પરિણત થયો થકો સ્વકાર્યની સિદ્ધિ કરવા ઇચ્છે એટલે કારક ચક્ર બદલાઈ જવા પામે છે અને આત્મ સ્વરૂપમાં રમણ કરે છે. કારક ચક્રનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ—૧ કર્ત્તા-સાધક આત્મા, ૨ કર્મ સમ્યક્ જ્ઞાનાદિ કિંવા આત્મ-સિદ્ધતા, ૩ કરણ--આત્મ-પરિણામ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ સંપ્રદાન-આત્મ ગુણનો દાન ( લાભ ), ૫ અપાદાન-આત્મની અશુદ્ધતાનો વિનાશ, અને ૬ આધાર-આત્મ-સત્તા-ભૂમિ. એ પ્રમાણે ષટ્કારક ચક્ર આત્મિક-પરિણતિને અનુગત થાય ત્યારેજ આત્મ ગૃહમાં મંગલ થાય કર્મરૂપ રજ ગળી જાય સિદ્ધ પદને જીવાત્મા પ્રાપ્ત કરે.

**ત્રાણ શરણ આધાર છોરે, પ્રભુજી ભવ્ય સહાયરે; દયા૦**
**દેવચંદ્ર પદ નીપજે રે, જિનપદકજ સુપસાયરે, દયા૦ ૧૦**

અર્થ.—હે ઉધ્ધારક પ્રભો ! આપથી ચતુર્ગતિરૂપ સંસારના પરિભ્રમણથી ત્રાસ પામેલ જીવાત્માઓના રક્ષક અને શરણ ભૂત છો; ભવ સમુદ્રમાં બૂડતા પ્રાણીઓને આધાર ભૂત છો તમે ભવ્યાત્માઓ ને ઉપદેશાદિ વડે પરમ સહાય કરનાર છો. આપ શ્રીમાન્‌ના પરમ ઉપકારથી અનેક જીવો આત્મિક ગુણને પ્રગટ કરે છે. તમારા ચરણ કમલની સેવાથી દેવમાં શ્રેષ્ટચંદ્ર સમાન નિર્મલ સિધ્ધપદની પ્રાપ્તિ થાય છે.

## (૩) શ્રી બાહુજિન સ્તવન.

સંભવજિન અવધારિયેં એ દેશી.

**બાહુજિણંદ દયામયી, વર્તમાન ભગવાન; પ્રભુજી !**
**મહા વિદેહે વિચરંતા, કેવલજ્ઞાન નિધાન, પ્ર. બા૦ ૧**

અર્થ-મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન કાલે વિદ્યમાન પરમ ઐશ્વર્યવાન્ અતિશયાદિ બાહ્ય લક્ષ્મી અને જ્ઞાનાદિક આંતરિક સંપત્તિ યુક્ત શ્રી બાહુજિનેશ્વર પરમ અહિંસક છે. કારણ ? આત્મિક ગુણની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘાત કરનારી જે રાગ દ્વેષની પરિણુતિ અને તેના હેતુ ભૂત જ્ઞાનાવરણીયાદિ કર્મ ચતુષ્ટયને તેમણે સર્વથા ક્ષય કરેલ છે. આપ શ્રીમાન્‌ના સર્વ ગુણ પર્યાય અહિંસક થયા છે. આપશ્રી કેવલ-જ્ઞાનના ભંડાર છો કેવલ એટલે ? એકજ સંપૂર્ણજ્ઞાન કિંવા સર્વ પદાર્થની ત્રિકાલિક ત્રિવિધ પરિણુતિ ને જેના વતી એક સમયમાં જાણી શકાય એવું જે જ્ઞાન ( કેવલજ્ઞાન ) તેના ખજાના રૂપ છો. જો કે આત્માના અનંત ગુણ છે તોપણ સર્વ ગુણમાં શ્રેષ્ઠ કેવલજ્ઞાન છે.

**દ્રવ્યથકી છકાયને, ન હણે જેહ લગાર; પ્રભુજી**
**ભાવદયા પરિણામનો, એહિજ છે વ્યવહાર, પ્ર. બા. ૨**

**અર્થ**–આપશ્રી ભાવદયા પરિણામી છો છતાં પણ છકાયજીવની દ્રવ્યથી પણ જરાય હિંસા કરતા નથી. એ ભાવ અહિંસકનો વ્યવહારજ છે. ષટ્કાય પૃથ્વી વગેરે પાંચ સ્થાવર અને ત્રસકાય જીવોના દ્રવ્ય પ્રાણનો નાશ તે દ્રવ્યહિંસા હિંસાના પરિણામ યુક્ત હિંસકને એ હિંસા લાગે. કારણ ? **प्रमत्त योगात् प्राण व्यपरोपणं हिंसा** ” ઇતિ વચનાત્ દ્રવ્ય હિંસામાં ભાવહિંસાની ભજના ( હોય કિંવા ન હોય ) છે. જોકે દ્રવ્યહિંસા ભાવહિં-સાના પરિણામનું નિમિત્ત કારણ છે; તે પણ સાપેક્ષ છે. માટે ભાવ અહિંસાના પરિણામિએ અવશ્ય છકાય જીવની દ્રવ્યથી પણ રક્ષા કરવી એ વ્યવહાર છે. માટે પ્રભુ શ્રી પણ ષટ્કાય જીવની થોડી પણ હિંસા ન કરે એમ કહ્યું. પરંતુ જ્યાં સુધી યોગની પ્રવૃત્તિ છે ત્યાં સુધી છકાય જીવની હિંસા થાય. જો કે કેવલી ભગવાન્ ને ભાવ હિંસાના કારણ ભૂત પ્રમત્તયોગનો અભાવ હોવાથી સ્વરૂપ હિંસા લાગે, પરંતુ અનુબંધથી ( પરિણામે ) ફલ અહિં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાનુંજ થાય કારણ? કેવલી ભગવાનૂના પગ તળે કુર્કટી (કુકડી) પ્રમુખના ઈંડા આવી જાય તો પણ સાંપરાયિકી (કષાય સંબિંધિની) ક્રિયા ન લાગતાં ઇરિયાપથિકી (ઇરિયા વહિયા) ક્રિયા લાગે. માટે ભગવાન્ ષટ્કાય જીવની લેશમાત્ર પણ હિંસા નં કરે અને જીવોને હિંસા ન કરવાનો ઉપદેશ આપે તેથી શ્રી પ્રભુ દ્રવ્ય અને ભાવથી અહિંસક છે.

**રૂપ અનુત્તર દેવથી, અનંતગણું અભિરામ; પ્રભુજી !**
**જોતાં પણ જગજંતુને, ન વધે વિષય વિરામ, પ્ર. બા૦ ૩**

અર્થ.—જો કે અનુત્તર વિમાનના દેવોનું સ્વરૂપ અતિશય મનોહર હોય છે. તેનાથી પણ અનંતગણું અધિક સુંદરરૂપ આપ શ્રીમાનનું છે; સર્વના હ્રદયને આનંદ આપનારૂં છે તથાપિ તે જોતાં જગતના જીવાત્માઓનો વિષય-વિકાર ન વધતાં પરમશાંત થઈ જાય છે-વિરામ પામી જાય છે એજ આપશ્રીના સુંદર રૂપની બલીહારી છે આપ શ્રીમાન્ની પ્રશાંત મુદ્રાને જોવાથી અનેક જીવો વૈરાગ્યને પામે છે.

**કર્મ-ઉદય જિનરાજનો, ભવિજન ધર્મ-સહાય; પ્રભુજી !**
**નામાદિક-સંભારતાં, મિથ્યા દોષ વિલાય, પ્ર. બા૦ ૪**

અર્થ.-આપ શ્રીમાનને જે તીર્થંકર નામ કર્મનો ઉદય થયેલ છે તે પણ ભવ્યાત્માઓને ધર્મ-માર્ગમાં સહાય કરનાર થાય છે. કારણ? "એવી ભાવદયા મન ઉલ્લસી, સર્વ જીવ કરૂં શાસન રસી" એ પ્રશસ્ત અતિશય પ્રેમ (રાગ) ના ઉત્કૃષ્ટ યોગથી અથવા "**सम्मत्त गुण निमित्तं तित्थयरं**" એટલે સમ્યક્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણુના યોગથી આપશ્રીએ તીર્થંકર થવાનાં પહેલાં ત્રીજા ભવમાં તીર્થંકર નામ કર્મ નિકાચીત બાંધ્યું, તેનો વર્તમાનમાં વિપાકોદય વર્તે છે; તેથી ધર્મ–દેશનાદિ વડે તીર્થના સ્થાપક છો. જેનાથી જન્મ મરણુરૂપ સંસાર તરી શકાય તે ' તીર્થ ' ચતુર્વિધ સંઘ પ્રથમ ગણુધર કે શ્રુતને પણુ તીર્થ કહેલ છે તે ( તીર્થ ) ના આપ શ્રીમાન્ સ્થાપનાર હોવાથી ભવ્યાત્માઓના સહાયક છો આપશ્રીના નામાદિક ચાર નિક્ષેપાનું સ્મરણુ ચિંતવન કરતાં મિથ્યાત્વ દોષ નાશ પામે છે. નામાદિક ચાર નિક્ષેપ વસ્તુના પર્યાય સ્વરૂપ છે. વસ્તુ–સ્વરૂપ છે–તે આ પ્રમાણે–' અરિહંત ' એવું નામ તે નામ નિક્ષેપ, અરિહંતનો આકાર ( પ્રતિમા ) તે સ્થાપના નિક્ષેપ, ભાવ નિક્ષેપનાં કારણુ ભૂત આપશ્રીની દ્રવ્ય સંપત્તિ જિનનામ કર્મોદયથી શરીરાદિક–તે સર્વ દ્રવ્ય નિક્ષેપ અને કેવલજ્ઞાનાદિ આત્મિક લક્ષ્મી તે ભાવ નિક્ષેપ છે. ભવ્યજીવ ભાવનિક્ષેપાનું સ્વરૂપ બહિર્દષ્ટિ વડે ગ્રહણુ ન કરી શકે, પરંતુ દ્રવ્ય નિક્ષેપ રૂપ શરીરાદિક ચક્ષુથી જોઇને આ ' અરિહંત દેવ ' છે; એવો ભવ્યાત્માને ઉપયોગ ( લક્ષ્ય ) થવાથી અરિહંતના સ્વરૂપમાં તે તલ્લીન થાય માટે નામાદિ ચાર નિક્ષેપા આદરણીય છે નિક્ષેપાનું વિશેષ સ્વરૂપ અન્ય ગ્રંથોથી અન્ય પ્રકારે પણુ સમજવા યોગ્ય છે.

**આતમ ગુણુ અવિરાધના, ભાવદયા ભંડાર; પ્રભુજી !**
**ક્ષાયિક ગુણુ પર્યાયમેં, નવી પર ધર્મ પ્રચાર, પ્ર. બા૦ ૫**

જે આત્મ ગુણુની ભાવપ્રાણુની રક્ષા તે ભાવદયા, તેના આપશ્રી નિધાન છો આપશ્રીનો ક્ષાયિક ભાવે પ્રગટ થયેલ અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુષ્ટય અને પર્યાયોમાં પુદ્ગલ-ધર્મરૂપ પર પરિણતિનો લવલેશ પણ પ્રચાર નથી કારણ? પરભાવનો આપે સર્વથા ક્ષય કરેલ છે.

**ગુણ ગુણ પરિણતિ પરિણમે, બાધક ભાવ વિહીન; પ્રભુજી**
**દ્રવ્યે? અસંગી અન્યનો, શુદ્ધ અહિંસક પીન, પ્ર. બા૦ ૬**

હે કૃપાલુદેવ! આપશ્રીના જ્ઞાનાદિક ગુણ, પોતાની સ્વભાવ પરિણતિએ પરિણમી રહ્યા છે; તે બાધક ભાવથી રહિત છે. અનંત કર્મ પુદ્ગલરૂપ પરભાવના સંગ રહિત છો તેથી આપશ્રી શુદ્ધ-પરમ અહિંસક છો-અર્થાત્ દ્રવ્યતઃ તમે અહિંસક છો.

**ક્ષેત્રે સર્વ પ્રદેશમેં, નહિં પરભાવ પ્રસંગ; પ્રભુજી!**
**અતનુ અયોગી ભાવથી, અવગાહના અભંગ, પ્ર. બા૦ ૭**

**અર્થ.**—આપશ્રીના અસંખ્યાત આત્મપ્રદેશ રૂપ ક્ષેત્રમાં પરભાવની પરિણતિનો લેશમાત્ર પણ પ્રસંગ નથી વલી શરીર તથા યોગ રહિત હોવાથી આપશ્રીમાનની આત્મપ્રદેશ રૂપ અવગાહના અખંડ છે તેથી આપશ્રી ક્ષેત્રતઃ અહિંસક છો જો કે અરિહંત દેવ તેરમે ગુણસ્થાનકે હોવાથી શરીર અને યોગ છે તો પણ ભાવ યોગ અને ભાવ ઇંદ્રિય વગેરેનો અભાવ હોવાથી સિધ્ધાંતમાં કેવલી ભગવાનને '**નોસન્ની નોઅસન્ની**' વગેરે કહેલ છે; અને બાકીના ચાર અઘાતિ કર્મ પણ બળેલ બીજ જેવા હોવાથી આત્મ ક્ષેત્રમાં જ્ઞાનાદિક ગુણની વિકૃતિ થતી નથી અથવા તે સિદ્ધ થનાર છે માટે કેવલી ભગવાનમાં સિધ્ધ સ્વરૂપનો ઉપચાર કરવાથી તેઓને અતનુ અને અયોગિપણું કહેલ છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્પાદ વ્યય ધ્રૂવપણે, સહજે પરિણતિ થાય; પ્રભુજી !**
**છેદન યોજનતા નહિં, વસ્તુ સ્વભાવ સમાય, પ્ર. બા૦ ૮**

**અર્થ.**—ઉત્પાદ, ( નવીન પર્યાયની ઉત્પત્તિ ) વ્યય ( પૂર્વ પર્યાયનો નાશ ) અને ધ્રૂવ. ( દ્રવ્ય સ્વરૂપતઃ નિત્ય ) એમ ઉત્પત્તિ, નાશ અને સ્થિતિ રૂપ ત્રિવિધ પરિણતિ તે સ્વકાલ વર્તના રૂપ સહજ સ્વભાવથી થાય છે. **जंत्रत्तणाइ सवो कालोद्व्वस्सचेव पज्जाओ** ' ઇતિવચનાત્ જે વર્તનાદિક કાલ છે તે દ્રવ્યનો સ્વપર્યાય છે. એમાં બીજાની મદદ જોઇતી નથી. જેમ અગ્નિમાં દાહકપણું છે તેમાં અન્ય સહાયતાની જરૂર પડતી નથી કિંતુ સ્વભાવથીજ તે દાહક છે ચતુર્ગતિ રૂપ સંસારમાં ભ્રમણ પર્યાયરૂપ કાલનું છેદન યોજનપણું વગેરે જે થાય છે તે પરપરિણતિથી થાય છે. આપશ્રીમાં પર પરિણતિનો અભાવ હોવાથી સાદિ અનંત કાલ ( સ્થિતિ ) લગે સ્વગુણ પર્યાયની પરિણતિ રૂપ વર્તના વડે આપ શ્રીમાન્ કાલતઃ અહિંસક છો.

**ગુણ પર્યાય અનંતતા, કારક પરિણતિ તેમ; પ્રભુજી !**
**નિજ નિજ પરિણતિ પરિણમે, ભાવ અહિંસક એમ, પ્ર.બા૦૯**

**અર્થ**—આપશ્રીના જ્ઞાતાદિક ગુણના અવિભાગ રૂપ પર્યાય અને ખટ્કારક ચક્રની પરિણતિ પોત પોતાની પરિણતિમાં પરિણમી રહી છે; તેથી આપ ભાવતઃ અહિંસક છો. સ્વભાવમાં પરિણતિ કરવી તે અહિંસા અને વિભાવમાં પરિણતિ કરવી તે હિંસા. એમ કુશલ પુરૂષનું મંતવ્ય છે.

**એમ અહિંસકતા મયી, દીઠો તું જિનરાજ; પ્રભુજી !**
**રક્ષક નિજ પર જીવનો, તારણ તરણ જહાજ, પ્ર. બા૦ ૧૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—આપ સ્વ પર જીવના દ્રવ્ય અને ભાવ પ્રાણના રક્ષક હોવાથી તમને પરમ અહિંસક સ્વરૂપે અમે જોયો અનુભવ્યો છે. તમે પોતે તર્યા અને બીજાને ભવસાગર તરવામાં પ્રવહણ સમાન છો. પરમ અહિંસક જે હોય તે સ્વયંતરે અને બીજાને તારે.

પરમાતમ પરમેશરૂ, ભાવ દયા દાતાર; પ્રભુજી !
સેવો ધ્યાવો એહને, દેવચંદ્ર સુખકાર. પ્ર. બા. ૧૧

અર્થ.—સર્વ અંતીદ્રિય ગુણ સંપન્ન હોવાથી આપ પરમાત્મા છો, જગત્ વાસી જીવોથી અનંત ગુણભાવ ઐશ્વર્ય યુક્ત હોવાથી આપશ્રી પરમેશ્વર છો. આપશ્રી ભવ્યાત્માઓને અહિંસાનું શુદ્ધ સ્વરૂપ, નય નિક્ષેપ અને પ્રમાણાદિક વડે સમજાવનાર હોવાથી ભાવદયાના દેનાર છો-કરનાર-છો-માટે હે ભવ્યો એવા શુદ્ધ અહિંસક પરમૈશ્વર્ય વિશિષ્ટ પરમાત્મ પ્રભુની અનન્ય ભાવે સેવા કરો, તન્મયતા પૂર્વક ધ્યાન કરો; તેમની સેવા અને ધ્યાન પરમ સુખ આપનાર છે. એમ શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ હિતશિક્ષા આપે છે.

## (૪) શ્રી સુબાહુજિન સ્તવન.

માહરો વાહલો બ્રહ્મચારી—એ દેશી.

શ્રીસુબાહુજિન અંતરજામી, મુજ મનનો વિસરામીરે;
પ્રભુ અંતરજામી, આતમ ધર્મતણો આરામી, પરપરિણતિ
નિઃકામીરે, પ્રભુ અં૦ ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ. રાગદ્વેષનો જયકરનાર શ્રી સુબાહુ સ્વામી સર્વ દ્રવ્ય અને પર્યાયના સ્વરૂપને જાણનાર હોવાથી મારા અંતર્ગત ભાવને જાણે છે તેથી મારા અંતર્યામી છે; એટલુંજ નહિ પરંતુ મારા મનને પરમ વિશ્રાંતિના સ્થાનકરૂપ છે. કારણ ? મારૂં મન આ સંસારની વિવિધ વિકલ્પ જાલમાં ગુંથાઇ જઈ અનેક ઉપાધિથી અશાંત થયેલું, તેને પરમ સમાધિમય જિનેશ્વર દેવની સેવા ભક્તિજ પરમ વિશ્રાંતિની ભૂમિ છે આપ શ્રીમાન્ આત્મિક ધર્મ-માંજ રમણ કરનાર હોવાથી પરભાવની પરિણતિની ઇચ્છા પણ નથી, એટલે આપશ્રી પરમ નિષ્કામી છો.

**કેવલજ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કમલ વિકાસીરે;**
**પ્રભુ૦ ચિદાનંદ ઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ**
**નિવાસીરે પ્રભુ૦ ૨**

અર્થ.—સમસ્ત વસ્તુના સંપૂર્ણ સ્વરૂપને એક સમયમાં જેનાવડે જાણી શકાય તે કેવલજ્ઞાન, અનંત પર્યાય યુક્ત હોવાથી આપ અનંત વસ્તુના પ્રકાશક છો; અથવા જેનો કોઇ કાલે અંત આવનાર નથી એવા અનંત જ્ઞાનવડે પ્રકાશી રહ્યા છો. અનંત વસ્તુને જણાવી રહ્યા છો. કેવલજ્ઞાનના સ્વપર્યાય અને પરવર્યાય (સ્વપર્યાયવડે જે જ્ઞેયનું જ્ઞાન થાય તે) અનંત હોઇને સર્વ આકાશથી પણ અનંત ગુણ છે આપશ્રી કેવલજ્ઞાનના પ્રકાશ રૂપ સૂર્યવડે ભવ્યજનના હૃદય કમલને વિકસાવનાર છો વલી આપશ્રી જ્ઞાનાનંદના સમૂહરૂપ આત્મ તત્ત્વના વિલાસી અને સકલ પુદ્ગલ રૂપ કલંક રહિત શુદ્ધ આત્મ સ્વરૂપમાં નિવાસ કરનાર છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યદ્યપિ હું મોહાદિકે છલિયો, પર પરિણતિ શું ભલિયોરે;**
**પ્રભુ૦ હવે તુજ સમ મુજ સાહેબ મલિયો, તેણે સવિ**
**ભવભય ટલિયો રે. પ્રભુ૦ ૩**

અર્થઃ—હે પ્રભો! મોહનીય વગેરે આઠ કર્મ સુભટોએ મને ઠગીને–ભાન ભૂલાવીને વિભાવ રૂપ પરિણતિમાં અને કર્મ વર્ગણાની જાલમાં ભેળવી દીધો. તેથી હું મારા સ્વરૂપને ભૂલી જઇ મન વચન અને કાય યોગની ક્રિયા વગેરે પુદ્ગલ પરિણતિને પોતાની માનવા લાગ્યો! અરે! મારા જ્ઞાનાદિક ગુણની પરિણતિનું ભાન માત્ર પણ ન રહ્યું!! પરંતુ હવે તમારા સરખા પરમ ઉપકારક મહા પ્રભુનો મને ભેટો થયો; અને આપ કૃપાલુશ્રીએ મને સમજાવ્યુ કેઃ-"હે ભવ્ય! તું શુદ્ધ ચેતન દ્રવ્ય છો અને પુદ્ગલ અચેતન (જડ) દ્રવ્ય છે માટે આ પુદ્ગલ પરિણતિ તારી નથી, તું અનાદિની ભૂલથી પોતાની માની રહ્યો છો માટે તું તારા સ્વરૂપનો વિચાર કર." એમ પરમ આપ્ત પુરૂષોત્તમ પ્રભુના સદુપેદશથી મને આત્મિક સ્વરૂપની ઓળખાણ થઇ પ્રતીતિ થઇ તેથી ભવ ભ્રમણનો સર્વ ભય ટલી ગયો. કુશલ પુરૂષોનો અનુભવ છે કેઃ-" આત્માની શુદ્ધ પરિણતિ તે મોક્ષ અને અશુદ્ધ પરિણતિ તે સંસાર." એમ સમજીને જે જીવ પર પરિણતિનો ત્યાગ કરે તેમને ભવ (સંસાર) નો ભય નથી.

**ધ્યેય સ્વરૂપે પ્રભુ અવધારી, દુર્ધ્યાન પરિણતિ વારીરે;**
**પ્રભુ૦ ભાસન વીર્ય એકતા કારી, ધ્યાન સહજ**
**સંભારીરે. પ્રભુ૦ ૪**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—શુદ્ધ પરિણતિ નિષ્પન્ન વીતરાગ પરમાત્માને ધ્યેય સ્વરૂપે લક્ષ્યમાં બરાબર રાખી પરમાત્મ સ્વરૂપને ઓળખીને દુર્ધ્યાનની એટલે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનની પરિણતિનો ત્યાગ કરી, કિંવા વિષ ગરલ અને અન્યોન્ય ક્રિયાની પરિણતિને છોડીને; યથાર્થ જ્ઞાન અને સ્વવીર્યની એકતા ( અભેદતા ) સાધી સહજ ધ્યાન પ્રભુના વીતરાગ ભાવનું ચિંતવન કરવું જ્યાંસુધી એકાગ્રતા થાય ત્યાં સુધી, એમ કરતાં આત્મા તદ્ધેતુ અને અમૃત ક્રિયા વિશિષ્ટ નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત થાય.

**ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પર પરિણતિ વિચ્છેદે રે;**
**પ્રભુ૦ ધ્યાતા સાધક ભાવ ઉચ્છેદે, ધ્યેય સિદ્ધતા વેદે રે.**
**પ્રભુ૦ ૫**

અર્થ—નિર્વિકલ્પ ધ્યાનવડે ધ્યાતા તે ધ્યેયથી અભેદ થાય. અર્થાત્ ધ્યાતા આત્મા, ધ્યેય આત્માની સિધ્ધતા અને ધ્યાન આત્મતત્ત્વનોજ માત્ર એક ઉપયોગ જો એ સ્થિતિ ધ્યાતા; ધ્યેય અને ધ્યાનની અભેદતા ( એકતા ) જેમને થાય તેને પછી પર અવલંબનની જરૂર નથી. પરંતુ સાધક દશામાં વર્તનાર ભવ્યાત્મા એ પ્રથમ દુષ્ટ ધ્યાનની પરિણતિનો ત્યાગ કરવા માટે શુભ ધ્યાનના કારણ ભૂત શ્રી વીતરાગ પ્રભુનું ધ્યાન કરવું સ્મરણ કરવું. તે પણ ક્રમશઃ—પદસ્થ, પિંડસ્થ અને રૂપસ્થ ધ્યાનની સિદ્ધિ કરીને પછી કેવલ આત્માવલંબી થઇ રૂપાતીત ધ્યાન કરવાથી આત્મા નિરાવરણ થઇ સકલ પર પરિણતિનો ઉચ્છેદ ( નાશ ) કરે અર્થાત્ શુક્લ ધ્યાનનો બીજો પાયો એકત્વ વિતર્ક અપ્રવિચાર તેના વતી ઘનઘાતિ કર્મનો ક્ષય કરવાથી કેવલજ્ઞાન દર્શન પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય, ત્યારેજ ધ્યાતા અને ધ્યેયની સમાપ્તિ થાય. ધ્યાતા ધ્યેયનો વિકલ્પ ટળી જાય જ્યારે ને ત્યારે એજ કર્ત્તવ્ય છે.

**દ્રવ્યક્રિયા સાધન વિધિયાચી, જે જિન આગમ વાચીરે;**
**પ્રભુ૦ પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તેણે નવ થાય સાચીરે. પ્રભુ૦ ૬**

**અર્થ**.—શ્રીજિન પ્રવચનમાં **મુક્તિના નિમિત્તભૂત દ્રવ્યક્રિયા** શ્રાવક માટે દેવગુરૂની સેવાભક્તિ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, સ્વધર્મિ વાત્સલ્ય, સપ્તક્ષેત્રનું પોષણ વગેરે અને મુનિને માટે તપ, જપ, સમિતિ, ગુપ્તિ, પ્રતિલેખન, પરિષહ સહન, સ્વાધ્યાય, ધ્યાન, ઇત્યાદિક શુભ દ્રવ્ય ક્રિયા મુક્તિના નિમિત્ત ભૂત કહેલ છે. તે ક્રિયા પણ જો સાધ્ય સાપેક્ષ, શાસ્ત્ર સમ્મત અને અંતરંગ પરિણતિ થાયને સ્વાત્મ ભાવમાં લીન થવાય તો મુકિતના સાધનભૂત થવા પામે. પરંતુ તે ક્રિયા પૂર્વોકત સ્થિતિથી વિપરીત–હોય સાધ્ય નિરપેક્ષ અંતરંગ પરિણતિ પર ભાવમાં રાચેલી હોય તો તે સત્ય ક્રિયા પણ સાધ્ય શૂન્ય હોઇને હિત કરનારી થતી નથી.

**પણ ભય નહિં જિનરાજ પસાયે, તત્ત્વ રસાયણ પાયે રે;**
**પભુ૦ પ્રભુ ભગતે નિજ ચિત્ત વસાયે, ભાવ રોગ મિટ જાયે રે. પ્રભુ૦ ૭**

**અર્થ**.—હે જિનેશ્વર ! આપશ્રીના પ્રસાદથી જીવાદિક તત્ત્વનું કિંવા શુદ્ધ દેવગુરૂ અને ધર્મનું યથાર્થ શ્રદ્ધાન રૂપ ઉત્તમ રસાયણ ( ઔષધ ) નો મેં ઉપયોગ કરેલ છે. માટે મને હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરાપણ ભય નથી, કારણ ? મને હવે યથાર્થ વસ્તુ સ્વરૂપનું ભાન થયું છે અને દ્રવ્ય ક્રિયા પણ સાધ્ય સાપેક્ષતાએ મેં સ્વીકારેલ છે. માટે મારૂં આત્મિક કાર્ય સફલ થશે. વલી મારા ચિત્તને આપશ્રીની ભક્તિમાં જોડી દીધું છે. તેથી મારા ભાવ કર્મ રૂપ આંતરિક રોગ પણ ટળી જશે. એ ચોક્કસ છે કારણ ? મેં તત્ત્વ રસાયણનું પાન કરેલું છે.

**જિનવર વચનામૃત અનુસરિયેં, તત્ત્વ રમણ આદરિયેં રે;**
**પ્રભુ૦ દ્રવ્ય ભાવ આશ્રવ પરિહરિયેં, દેવચંદ્ર પદ વરિયેં**
**રે પ્રભુ૦ ૮**

અર્થ.—શ્રીજિનેશ્વર કથિત તત્ત્વરૂપે આગમના વચનામૃતને અનુસરિયેં એટલે યથાર્થ શ્રધ્ધાન પૂર્વક સમ્યક્જ્ઞાનવડે તત્ત્વ રમણતા આદરીએ વિભાવિક પરિણતિનો ત્યાગ કરીએં. આત્મ-રમણતા ( જ્ઞાન-દર્શનમાં સ્થિરતા ) વડે દ્રવ્યાશ્રવ-પ્રાણાતિપાતાદિ અને ભાવાશ્રવમિથ્યાત્વાદિ અંતરંગ અશુદ્ધ પરિણતિ તેનો ત્યાગ કરવાથી દેવમાં શ્રેષ્ઠ ચંદ્ર સમાન નિર્મલ સર્વ કર્મ રહિત સિદ્ધપદને પ્રાપ્ત કરીએં.

---

## (૫) શ્રી સુજાત સ્વામી જિન સ્તવન.

દેહુ દેહુ નણુદ હઠીલી—એ દેશી.

**સ્વામી સુજાત સુહાયા; દીઠા આનંદ ઉપાયા રે;**
**મનમોહન જિનરાયા, જેણે પૂરણ તત્ત્વ નિપાયા,**
**દ્રવ્યાસ્તિક નય ઠહરાયારે. મન૦ ૧ પર્યાયાસ્તિક**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નય રાયા, તે મૂલ સ્વભાવ સમાયા રે; મન૦**
**જ્ઞાનાદિક સ્વ પર્યાયા, નિજ કાર્ય કરણ વરતાયા રે.**
**મન૦ ૨. યુગ્મં**

અર્થ.—શ્રી સુજાતનાથ પ્રભુ ! મારા મનને અત્યંત પ્રિય લાગ્યા. હે મનના મોહન જિનરાજ ! આપશ્રી સર્વને પ્રિય લાગો એમાં આશ્ચર્યનથી કારણ ? જે દેવ રાગ-દ્વેષ સહિત હોય તે ચિત્તને પ્રિય ન લાગે એ સ્વાભાવિક છે. પરંતુ આપ શ્રીમાન્ તો વીતરાગ સ્વરૂપ છો એમ જોવાથી અનુભવ થવાથી મને અત્યંત પ્રમોદભાવ ઉત્પન્ન થયો. પ્રભો ! આપશ્રીએ સંપૂર્ણ આત્મતત્ત્વ ઉત્પન્ન કર્યું-પ્રગટ કર્યું. જોકે સર્વ આત્માઓમાં સંપૂર્ણ તત્ત્વ, અનાદિ કાલથી સંગ્રહ નયવડે સ્વતઃ સિદ્ધ છે, તથાપિ કર્મ-વર્ગણા વડે તે આવરિત છે, પરંતુ આપે તેનો સર્વથા વિદ્ધંસકરી એવંભૂતનયે પરિપૂર્ણ આત્મ તત્ત્વ પ્રગટ કર્યું, અર્થાત્ આપ-શ્રીનું આત્મદ્રવ્ય સર્વથા નિવારણ થયું માટે દ્રવ્યાસ્તિક નય વડે અવસ્થિત ( નિત્ય ) થયું. હવે જે આપ શ્રીમાનનું સંપૂર્ણ આત્મતત્ત્વ પ્રગટ થયું છે તે કોઈ કાલે પણ તિરોભાવ પામે તેમ નથી-કર્મપુદ્‌ગલ સાથે સંશ્લિષ્ટ ( સબંધિત ) પણ થાય નહિં. જેમ દ્રવ્યાસ્તિકનયે આપશ્રી નિર્મલ થયા તેમ પર્યાયા-સ્તિક નય વડે પણ આપશ્રીના જ્ઞાનપર્યાય દર્શન પર્યાય અને ચારિત્ર પર્યાય ઇત્યાદિક અનંત પર્યાય નિર્મલ થયા છે તે મૂલ આત્મ દ્રવ્યમાંજ સમાયેલા છે. સ્વપર્યાય આત્મ દ્રવ્યથી કોઇ કાલે પણ જૂદા પડે નહિં,-આત્માનુયાયિની પ્રવૃત્તિ કરે, જોકે સર્વ ગુણો પોતપોતાનું જૂદું જૂદું કાર્ય કરે તો પણ આત્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યથી ભિન્ન કાર્ય તો નજ કરે. જેમ કોઇ એક રાજાના સેવકો આત્મીય (પોતાના) કાર્ય જૂદા જૂદા કરે, પરંતુ તે કાર્ય રાજાની આજ્ઞાથી ભિન્ન નથી તેમ જ્ઞાન, જાણવા રૂપ, દર્શન દેખવા રૂપ અને ચારિત્ર સ્થિરતા રૂપ કાર્ય કરે એમ દરેક પર્યાય ભિન્ન ભિન્ન કાર્ય કરે, પરંતુ તે આત્મ દ્રવ્યથી અભિન્ન કરે માટે આપશ્રીએ દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિક નયને આત્મ કાર્યમા જોડી દીધા છે.

**અંશ નય માર્ગ કહાયા, તે વિકલ્પ ભાવ સુણાયારે;**
**મન૦ નય ચાર તે દ્રવ્ય થપાયા, શબ્દાદિક ભાવ કહાયારે. મન૦ ૩**

અર્થ.—પ્રમાણનો અંશ (એક દેશ) તે નય કહેવાય, અર્થાત્ પ્રત્યેક પદાર્થને વિષે અનંત ધર્મ રહેલા છે તેમાંથી મુખ્યતાએ એક ધર્મની વ્યાખ્યા કરનાર તે નય. જોકે જેટલા વચનના પ્રવાહ (પ્રકાર) તેટલા નયના માર્ગ છે તથાપિ તે સર્વનો સમાવેશ સાતનયમાં થઇ જાય છે. માટે મુખ્ય સાત નય છે તેના નામ—૧ નૈગમ ૨ સંગ્રહ ૩ વ્યવહાર ૪ ઋજુસૂત્ર ૫ શબ્દ ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂતનય એ નયસપ્તકમાંથી પ્રથમના ચાર નય, દ્રવ્ય (દ્રવ્યાસ્તિક) નય કહેવાય છે અને બાકીના ત્રણ નય (શબ્દાદિક) તે ભાવ (પર્યાયાસ્તિક) નય કહેવાય છે આ શબ્દાદિનય શબ્દ પ્રધાન છે શબ્દની મુખ્યતાવાળા છે. આ વ્યાખ્યા શ્રીમાન્ જિન ભદ્રગણિ ક્ષમાશ્રમણના કથનને અનુસરનારી છે; અને શ્રીમાન્ સિદ્ધસેન દિવાકરજી તો પ્રથમના ત્રણ નયને દ્રવ્યાસ્તિક અને પાછલના ચાર નયને પર્યાયાસ્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માને છે મતલબકે તેઓશ્રી ઋજુસૂત્ર નયને પર્યાયાસ્તિક માને છે. તે પણ અપેક્ષા યુક્ત છે. તથાપિ શુદ્ધનય તો ત્રણજ કહેવાય દરેક નય ઉત્તરોત્તર વિશુદ્ધ છે; વલી અકેક નયના સોસો (૧૦૦) ભેદ થાય છે, સર્વ નયનો સ્વીકાર કરનાર તે સમ્યક્દૃષ્ટિ અને અકેક નયને માનનાર તે મિથ્યાદૃષ્ટિ, નયોનું યથાર્થજ્ઞાન એજ જૈન શાસનની વિશિષ્ટતા છે.

**દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયારે;**
**મન૦ તે સવી પરમાર્થે સમાયા, તસુ વર્તન ભેદ ગમાયારે. મન૦ ૪**

**અર્થ.**—જે વસ્તુના કોઇ પણ એક ધર્મની મુખ્યતાએ વ્યાખ્યા કરે અને ગૌણતાએ રહેલ અન્યધર્મોને ન સ્વીકારે તે દુર્નય અને જે વસ્તુના એક ધર્મની વ્યાખ્યા કરતાં ગૌણધર્મને સાપેક્ષતાએ સ્વીકારકરે અસ્તિ ભાવે માને તે સુનય યથા '**स्यादस्ति घटः**' આ વાકયમાં ઘટ ( ઘડા ) ના અસ્તિત્વ ધર્મની મુખ્યતા અને 'સ્યાત્' શબ્દથી નાસ્તિત્વ ધર્મની ગૌણતાપૂર્વક વ્યાખ્યાન કરનાર તે સુનયી સ્યાદ્વાદી અને બૌદ્ધાદિક અકેક નયના પક્ષને ગ્રહણ કરી એકાંશે વ્યાખ્યા કરનાર તે દુર્નયી એકાંત વાદી કહેવાય છે. હે પ્રભો ! આપશ્રીની આશ્ચર્યતાપૂર્વક વિશિષ્ટતા છે કેઃ—એકાંત દુર્નયને સાપેક્ષતાએ સુનયમાં ચલાવી શકો છો સ્થાપન કરી શકો છો–! આપશ્રીના પ્રવચનમાં સાતે નયની પક્ષપાત વિના પ્રરૂપણા વ્યાખ્યાકે અર્થાત્ સ્યાદ્વાદ દૃષ્ટિએ દુર્નય ( એકાંતનય ) ને પણ સુનયતાએ વિચારી શકાય છે એજ સમ્યક્દૃષ્ટિની બલીહારી છે આપે દુર્નય અને સુનયની અનેકાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દષ્ટિએ એકતા બતાવીને અભેદ ભાવે વિચાર્યા છે. તેથીજ સર્વ નયને પરમાર્થમાં સમાવી આપ્યા છે-જોડી દીધા છે તે નયોની પ્રવૃત્તિ અને ભેદ ( વિકલ્પ ) ને પણ ગમાવી દીધા છે કારણ ? ચારિત્ર ગુણમાં સર્વનય પરસ્પર વિસંવાદિત રહેતા નથી પણ ભળી જાય છે.

**સ્યાદ્વાદિ વસ્તુ કહીજે, તસુ ધર્મ અનંત લહીજે;**
**મન૦ સામાન્ય વિશેષનું ધામ, તે દ્રવ્યાસ્તિક પરિ-**
**ણામ રે. મન૦ ૫**

**અર્થ.**—સ્યાદ્વાદ વાળી વસ્તુ કહેવાય અર્થાત 'સ્યાત્' શબ્દ અનેકાંતનો દ્યોતક-પ્રકાશક છે. 'સ્યાત' એટલે કથંચિત અસ્તિ અને કંથચિત્ નાસ્તિ છે ઇત્યાદિક સ્વરૂપ છે, કારણ પ્રત્યેક વસ્તુ ( દ્રવ્ય ) અનંત ધર્માત્મક છે. તે સર્વ ધર્મ અનેકાંત-સ્યાદ્વાદ પણે રહેલ છે, જેમ કોઈપણ વસ્તુ ( દ્રવ્ય ) માં સ્વદ્રવ્યાદિકપણે અસ્તિત્વ અને પર દ્રવ્યાદિકપણે નાસ્તિત્વ રહેલ છે. કિંવા મૌલિક દ્રવ્યની અપેક્ષાએ એક અને પર્યાય-પ્રદેશાદિ વડે અનેક તેમજ દ્રવ્ય સ્વરૂપે નિત્ય અને ઉત્પાદ અને વ્યય સ્વરૂપે અનિત્ય અથવા ક્ષેત્ર-ક્ષેત્રીપણે અભેદ અને ગુણ પર્યાયપણે ભેદ એવી રીતે ભવ્ય અભવ્ય, વકતવ્ય અને અવકતવ્ય ઇત્યાદિ અનેક ધર્મ મય વસ્તુનું સ્વરૂપ છે. પ્રત્યેક વસ્તુ, સામાન્ય અને વિશેષ સ્વરૂપ છે અર્થાત્ ઉભયાત્મક છે સામાન્ય વિશેષનો આધાર છે, દ્રવ્યના મૂલ અસ્તિ સ્વભાવમાં સર્વ ધર્મ પરિણમે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જિન સ્વરૂપ અનંત ગણીજે, તે દિવ્ય જ્ઞાન જાણીજે;**
**મન૦ શ્રુત જ્ઞાને નય પક્ષ લીજે, અનુભવ આ સ્વાદ**
**ન કીજે. મન૦ ૬**

અર્થઃ—શ્રી જિનેશ્વર દેવ અનંત ગુણ પર્યાય સ્વરૂપ હોવાથી તેઓશ્રીનું સ્વરૂપ અનંત અપાર છે. તે સ્વરૂપનું ભાન દિવ્ય જ્ઞાન ( આંતરિક વિવેક ચક્ષુ ) થી થવા પામે અથવા સદ્ગુરૂના પ્રસાદથી શ્રુત જ્ઞાનના બલ વડે કિંવા નયના માર્ગ ( સ્વરૂપ ) થી શ્રીજિન ભગવાનનું સ્વરૂપ જાણી શકીએ-જ્યારે યથાર્થ સ્વરૂપ જાણવામાં આવે ત્યારેજ અનુભવનો આસ્વાદ ( રસ ) મળે બાલજીવો પ્રભુનું સ્વરૂપ તેમનું શરીર અને સમવસરણાદિકમાં માની લીયે છે કારણ ? તે ચર્મ ચક્ષુથી જોનારા છે પરંતુ જે આંતરિક દૃષ્ટિથી પ્રભુના સ્વરૂપને ઓળખે છે તેને ખરો અનુભવનો આસ્વાદ ( આનંદ ) મળે છે.

**પ્રભુ શક્તિ વ્યક્તિ એક ભાવે, ગુણ સર્વ રહ્યા સમભાવે;**
**મન૦ મારે સત્તા પ્રભુ સરખી, જિન વચન પસાયે**
**પરખી. મન૦ ૭**

અર્થઃ—હે જિનેશ્વર ! આપ શ્રીમાન્‌ની શક્તિ અને વ્યક્તિ એક સ્વરૂપે છે. એટલે ? સંગ્રહ નયે જે આત્મ સત્તા-પરમાત્મ સ્વરૂપ તિરો ભાવે રહેલ તે આપશ્રીએ એવં ભૂત નયે પ્રગટ કરી શક્તિને વ્યક્તિ એક ભાવે થવાથી સર્વ ગુણ સમ ભાવે રહેલ છે. કારણ ? વિષમ ભાવના કારણ ભૂત પર ( રાગદ્વેષાદિ ) પરિણતિનો અભાવ છે. હે પ્રભો ! આપશ્રી અને મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચ્ચે એટલોજ માત્ર અંતર છે કેઃ-મારી આત્મ સત્તા સંગ્રહ નયથી આપ શ્રીમાન્‌ના જેવીજ છે પણ તે શક્તિથી છે વ્યક્તિથી પ્રગટ નથી, એમ જે જાણેલ છે તે આપશ્રીની વાણીના પ્રતાપથી અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચનથી નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ જાણ્યાથી, હું સમજી શકયો છું કે શક્તિતઃ હું આપ સમાન છું પરંતુ વ્યક્તિતઃ તમારા જેવો થવા પામું તે દિવસ ધન્ય છે.

**તું તો નિજ સંપત્તિનો ભોગી, હું પર પરિણતિનો યોગીરે;**
**મન૦ તિણે તુમ પ્રભુ મારા સ્વામી, હું સેવક તુજ ગુણ ગ્રામીરે. મન૦ ૮**

**અર્થ**.—હે પ્રભો ! આપશ્રી તો આત્મિક લક્ષ્મીના સંપૂર્ણ ભોગી છો મારી આત્મિક લક્ષ્મી અનાદિની ભૂલથી અવરાઈ જવાથી, ધન ધાન્યાદિક પરિગ્રહનેજ સ્વ લક્ષ્મી માનીને હું પર પરિણતિનો સંયોગી થયો પરભાવમાં તલ્લીન થયો. તેથી અનંત કર્મ વર્ગણાથી બંધાઈને હું સંસાર ચક્રમાં ભટકયો, પરંતુ હવે હું તમારો ગુણ ગ્રામ કરનાર સ્તુતિ કરનાર સેવક છું અને આપ પરમ ઐશ્વર્યવાન્ પરમાત્મા મારા સ્વામી છો-નાથ છો.

**એ સંબંધે ચિત્ત સમવાય, મુજ સિદ્ધિનું કારણ થાય;**
**મન૦ જિનરાજની સેવના કરવી, ધ્યેય ધ્યાન ધારણા ધરવી. મન૦ ૯**

**અર્થઃ**—એ સેવ્ય (સ્વામી) સેવકના સંબંધ વડે આપ શ્રીમાનની ગુણ સ્તુતિ કરતાં ચિત્તની એકાગ્રતા થાય અને આપશ્રીના પુષ્ટ નિમિત્તના યોગથી મારૂં ઉપાદાન કારણ પ્રગટ થાય ત્યારે તે (ઉપાદાન) આત્મ સિદ્ધિનું કારણ થાય ઉપાદાન કારણને પ્રગટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માટે શ્રીમાન જિનરાજની અનન્યભાવે સેવા ભક્તિ નિરંતર કરવી ચિત્તની પ્રસન્નતાએ શુદ્ધ ધ્યેયનું ધ્યાન કરવું સાધ્ય સાધકની અભેદતાએ સાધના કરવી. તે કયારે થાય ? જ્યારે ઇંદ્રિયના વિષયોના વિરામરૂપ ધારણા થાય અર્થાત્ માત્ર એક જ શુદ્ધ ધ્યેયનું લક્ષ્ય થાય ત્યારેજ મોક્ષની સિદ્ધિ થાય.

**તું પૂરણ બ્રહ્મ અરૂપી, તું જ્ઞાનાનંદ સ્વરૂપી; મન૦**
**એમ તત્વાવલંબન કરીએ, તો દેવચંદ્ર પદ વરીએ**
**મન૦ ૧૦**

અર્થ.—આપશ્રી સંપૂર્ણ બ્રહ્મ નિજ સ્વરૂપ ભોગી હોઇને પરભાવના નિષ્કામી છો; અને વર્ણ ગંધ રસ અને સ્પર્શાદિકથી રહિત હોવાથી આપ શ્રીમાન્ અરૂપી છો-ઇંદ્રિયાદિકથી અગોચર છો કેવલજ્ઞાન વડે સર્વ દ્રવ્ય પર્યાયને વસ્તુતઃ જાણો છો માટે આપશ્રી જ્ઞાનાનંદ સ્વરૂપી છો વલી ચારિત્ર ગુણ વડે નિજાનંદમાં વિલાસ કરી રહ્યા છો માટે આપશ્રીના શુદ્ધ નિષ્પન્ન આત્મતત્ત્વનું ( અમે ) અવલંબન સ્વીકારીએ તેમાંજ ચિત્તની એકાગ્રતા કરીએ તો શ્રેષ્ઠ દેવચંદ્ર પદ ( સિદ્ધપદ ) ને પ્રાપ્ત કરીએ.

## (૬) શ્રી સ્વયંપ્રભ જિન સ્તવન.

મો મનડો હેડાઉહો મિસરી ઠાકુરો સાહરો એ દેશી,

**સ્વામી સ્વયંપ્રભને હો જાઉં ભામણે, હરખે વાર હજાર;**
**વસ્તુ ધર્મ પૂરણ જસુ નીપનો, ભાવ કૃપા કિરતાર**
**સ્વામી૦ ૧**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—શ્રીમાન્ સ્વયં પ્રભ સ્વામીને હું અતિશય પ્રેમ સહિત હજારો વખત ભામણે જાઉં-અત્યંત ભક્તિ ભાવે આધીન રહું આપશ્રીનો સંપૂર્ણ આત્મિક ધર્મ પ્રગટ થયો છે સર્વ ગુણ પર્યાય નિર્મલ થયા છે. તેથી આપશ્રી ભાવદયાના કરનારા છો. કારણ ? અનાદિ કાલથી સંસાર ચક્રમાં પરિભ્રમણ કરનાર જીવો ઉપર ભાવ દયા લાવી તેઓને ચારિત્ર પ્રવહણમાં બેસાડીને મુક્તિ માર્ગે મોકલી રહ્યા છો અને કર્મ રોગથી મુકાવનારાછો એટલેજ આપશ્રી ભાવ દયાલુ છો.

**દ્રવ્ય ધર્મ તે હો જોગ સમારવા, વિષયાદિક પરિહાર;**
**આતમ શકિત સ્વભાવ સુધર્મનો, સાધન હેતુ ઉદાર.**
**સ્વામી૦ ૨**

અર્થઃ—માનસિક વાચિક અને કાયિક યોગને અશુભ કાર્ય ( ઇંદ્રિયના વિષય અને પ્રાણાતિપાતાદિક ) થી વિરામ પમાડીને શુભ કાર્ય ( તપ જપ ધર્મ ધ્યાનાદિક વ્યાપાર ) માં પ્રવૃત્તિ કરવી એ દ્રવ્ય ધર્મ છે; તે અનંત જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સ્વભાવ ધર્મની સિદ્ધિ માટે ઉત્તમ નિમિત્ત છે. વીતરાગ આજ્ઞાએ દ્રવ્ય ધર્મ તે કારણ અને ભાવ ધર્મ તે કાર્ય છે. એમ કુશલ પુરૂષનું મંતવ્ય છે.

**ઉપશમ ભાવે હો મિશ્ર ક્ષાયકપણે, જે નિજ ગુણ પ્રાગ્ ભાવ; પૂર્ણા વસ્થાને હો નીપજાવતો, સાધન ધર્મ સ્વભાવ. સ્વામી૦ ૩**

અર્થ.—ઉપશમ ભાવે, મિશ્ર ( ક્ષયોપશમ ) ભાવે કિંવા ક્ષાયક ભાવે જે જે આત્મિક ગુણનો પ્રાગ્ભાવ યાને પ્રગટપણું તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ભાવ ધર્મ ઉત્તરોત્તર આત્મિક ધર્મનો સાધક છે, પ્રથમ ઉપશમાદિ ભાવે પ્રાપ્ત થયેલ સમ્યકત્વ, તે વિરતિને પ્રાપ્ત કરાવનાર થાય છે. વિરતિથી અપ્રમત્તપણું, અપ્રમત્તતાથી ક્ષપક શ્રેણિ અને ક્ષપક શ્રેણિથી ક્ષીણ મોહતા, એમ યાવત્ અયોગિ પણાની પૂર્ણાવસ્થા પર્યંત સાધન ધર્મ છે. આયોગિપણું પણ સિદ્ધત્વનું સાધન છે; તે એવં ભૂત નયથી સાધન છે સંપૂર્ણ સિદ્ધ દશા પ્રાપ્ત થયા પછી સાધન ધર્મ નથી કાર્યની પૂર્ણતાએ કારણનો અભાવ હોય.

**સમકિત ગુણથી હો શૈલેશી લગે, આતમ અનુગત ભાવ; સંવર નિર્જરા હો ઉપાદાન હેતુતા, સાધ્યાલંબન દાવ. સ્વામી૦ ૪**

અર્થ—પર પરિણતિનો અંતરંગ પરિણામે ત્યાગ કરીને આત્માને અનુગત પરિણતિનું પ્રગટ થવું તે સમકિત ધર્મ (ચોથા) ગુણ સ્થાનથી માંડી યાવત્ શૈલેશી (ચૌદમાં) ગુણસ્થાન લગે છે. ચતુર્થ ગુણસ્થાને જીવાત્માને પ્રથમ યથાર્થ વસ્તુ (તત્ત્વ) નું શ્રદ્ધાન થાય, સાથે સાથે આત્મ ગુણને પ્રગટ કરવાની રૂચિ થાય અને પરભાવનું કર્તાપણું અને ભોક્તાપણું ટળે એટલે સ્વગુણના કર્તા અને ભોક્તાપણાનું ભાન થાય. એમ ઉપાદાન કારણતાએ ગુણમાં સ્થિત થવાથી સંવર અને નિર્જરા થાય. જો કે ચોથે ગુણ સ્થાને વર્તતો જીવ, બહુલ આરંભ સમારંભમાં પ્રવર્તતો હોય વિરતિ ભાવને પણ ગ્રહણ ન કરી શકે; તોપણ અંતરંગ પરિણામે ઉદાસીનપણું અવશ્ય હોય, તીવ્ર પરિણામથી કંઈ પણ પાપાચરણ તે ન કરે સાક્ષી માત્ર રહે. તેથીજ તે જીવાત્મા (પૂર્વ અબંધાયુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો ) ચોક્કસ વૈમાનિક દેવનું આયુઃ બાંધે એમ ચતુર્થ ગુણ સ્થાનથી ઉંત્તરોત્તર ( આગલ આગલ ) ગુણ સ્થાનની વિશુધ્ધતાએ વિશેષ વિશેષતર સંવર અને નિર્જરા થવા પામે છે. ચતુર્થ ગુણ સ્થાનથી યાવત્ શૈલેશી ગુણ સ્થાન પર્યંત સાધ્ય એકજ છે પરંતુ સાધનમાં તરતમતા ( સામાન્ય વિશેષતા છે.

**સકલ પ્રદેશે હો કર્મ અભાવતા, પૂર્ણાનંદ સ્વરૂપ;**
**આતમ ગુણની હો જે સંપૂર્ણતા, સિદ્ધિ સ્વભાવ**
**અનુપ. સ્વામી૦ ૫**

**અર્થ**:—આત્માના સર્વ પ્રદેશમાંથી કર્મ-વર્ગણાનો અભાવ થાય તોજ પૂર્ણ આનંદ સ્વરૂપ આત્મ ગુણની સંપૂર્ણતા પ્રગટે તેજ અનુપમ સિદ્ધનો સ્વભાવ છે અર્થાત્ સિદ્ધ સ્વભાવને કોઈ પણ ઉપમાં આપી શકાય તેમ નથી. જેમ વનવાસી ભીલને કોઈક રાજા નગરમાં લઇ ગયા પછી વિવિધ ઉત્તમ ભોજન અને આભૂષણાદિકનાં સુખો આપવા છતાં તે પુનઃ જંગલમાં ગયો અને પોતાના કુટુંબને મલ્યો. તેઓએ નગરનાં સુખનું વર્ણન પૂછયું, પરંતુ અરણ્યમાં નાગરિક સુખના સાધનોનો અભાવ હોવાથી તે કંઇ પણ વર્ણન કરી શકયો નહિં; માત્ર એટલુજ કહી શકયો કેઃ-શહેરનું સુખ અતિશય સુંદર હતું. તેમ મોક્ષના અતીંદ્રિય સુખનું વર્ણન કેવલી ભગવાન્ જાણે છતાં તે વચન-અગોચર હોવાથી વાણીથી કહી શકે નહિં. ઉત્તમોત્તમ દેવના ત્રણકાલના સુખને એકત્ર કરીને તેને અનંત ગુણ કરીએ તેને અનંત વર્ગે વર્ગિત કરીએ તોપણ સિદ્ધના સુખને અનંતમેં ભાગે પણ ન પહોંચે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અચલ અબાધિત હો જે નિઃસંગતા, પરમાતમ ચિદ્રુપ;**
**આતમ ભોગી હો રમતા નિજપદે, સિદ્ધ રમણ એ રૂપ.**
**સ્વામી૦ ૬**

અર્થઃ—આત્માને સ્વ સ્વરૂપથી ચલાયમાન કરનાર જે રાગ દ્વેષ જન્ય અશુદ્ધ પરિણુતિ તેનો અભાવ હોવાથી હે પ્રભો! આપશ્રી અચપલ છો. આત્માના ગુણો ( જ્ઞાનાદિક ) ને બાધિત કરનાર જ્ઞાનાવરણીયાદિક કર્મોદય વગરેનો અભાવ થવાથી આપ અબાધિત છો, નવવિધ બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહના સંગથી રહિત હોવાથી નિઃસંગ છો સર્વ સંગનો પરિત્યાગ કરવાથી નિઃસંગપણું પ્રાપ્ત કર્યું છે. આપશ્રી જ્ઞાન સ્વરૂપ પરમાત્મા છો. પૌદ્‌ગલિક ભોગને છોડવાથી આપ આત્મ ગુણના ભોગી છો; અને આત્મિક સ્વરૂપમાં રમણ કરનાર છો, એજ સિધ્ધપદનું સ્વરૂપ છે.

**એહવો ધર્મ હો પ્રભુને નીપનો, ભાખ્યો એહવો ધર્મ;**
**જે આદરતાં ભવિયણ શુચિ હોવે, ત્રિવિધ વિદારી કર્મ. સ્વા૦ ૭**

અર્થ.—ઉપર કહેલ ધર્મ ( સ્વભાવ ) આપ શ્રીમાન્‌ને પ્રગટ થયો, એટલેજ આપશ્રીએ તે ધર્મનો ઉપદેશ કર્યો. અર્થાત્ જે સાધન ધર્મ વડે આપશ્રીને સાધ્યની સિધ્ધિ થઇ તે'જ સાધન ધર્મ અને સાધ્યનું સ્વરૂપ આપશ્રીમાને ભવ્યાત્માઓને સમજાવ્યું કહ્યું તે સાધન ધર્મને જો ભવ્યાત્માઓ અંગીકાર કરે અંતરંગ પરિણામે પરિણમાવે, એટલે સાધ્ય ( સિદ્ધ સ્વરૂપ ) ને લક્ષમાં રાખીને સાધન ધર્મને સેવે તો ત્રિવિધ કર્મ ( દ્રવ્ય કર્મ ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ અને નો કર્મ ) ને સર્વથા નાશ કરી પરમ પવિત્ર થાય-પરમાત્મ સ્વરૂપ થાય.

**નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્રને કાલ;**
**ભાવ ધર્મના હેતુપણે ભલા, ભાવ વિના સહુ આલ.**
**સ્વા૦ ૮**

અર્થ:—'ધર્મ' એ શબ્દનો ઉચ્ચાર કરવો તે નામ ધર્મ. ૧. અથવા 'ધર્મી' એવા નામથી જે ઓળખાવતો હોય તેને પણ નામ ધર્મ કહીએ. 'ધર્મ' એવા અક્ષરો લખવા, અથવા દશ વિધ યતિ ધર્માદિકની સ્થાપના કિંવા કોઈ ધાર્મિક જીવાત્માની સ્થાપના કરવી તે સ્થાપના ધર્મ. ૨. ઉપયોગ રહિત ( વસ્તુતઃ વસ્તુના ભાન વિના ) ધર્મ ક્રિયા કરવી તે, અથવા ભાવ ધર્મના કારણ ભૂત જે દ્રવ્ય ક્રિયા તે દ્રવ્ય ધર્મ. ૩. ઉત્તમ તીર્થભુમિ વગેરે જે ક્ષેત્રમાં પ્રાયઃ જીવ ધર્મ સન્મુખ થાય છે જ્યાં અનેક જીવોએ ધર્મ આરાધન કર્યું છે તે ક્ષેત્ર ધર્મ. ૪. અષ્ટમી ચતુર્દશી પૂર્ણિમાં અમાસ, ચતુર્માસી સંવત્સરી પ્રમુખ કલ્યાણિક તિથિઓમાં ઘણા લોકો ધર્મ ક્રિયા કરે છે અથવા પ્રાતઃકાલ વગેરેમાં આવશ્યકાદિક ધર્મ કૃત્ય કરવામાં આવે છે તે પણ કાલ ધર્મ. ૫. અને આત્મિક પરિણતિ ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિક ભાવરૂપ અંતરંગ પરિણામ ધર્મ તે ભાવ ધર્મ. ૬. છઠ્ઠા ભાવ ધર્મના ઉપર્યુકત પાંચ ધર્મો ઉત્તમ હેતુ ભૂત છે; પરંતુ ભાવ ધર્મ નિરપેક્ષ ( ભાવવિના ) પ્રથમ કહેલ ધર્મ પંચક તે નિરર્થક છે. કારણ ? દ્રવ્ય ક્રિયાના બલથી અભવ્ય પણ નવ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે; તથાપિ સાધ્ય ધર્મ નિરપેક્ષ હોવાથી ( અંતરંગ ધર્મ વિના ) આત્મિક સિદ્ધિ થતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રદ્ધા ભાસન હો તત્ત્વ રમણપણે, કરતાં તન્મય ભાવ; દેવચંદ્ર જિનવર પદ સેવતાં, પ્રગટે વસ્તુ સ્વભાવ. સ્વા૦ ૯**

અર્થ—શ્રી જિનેશ્વર કથિત પદાર્થ સત્ય છે એમ અંતરંગ પરિણામે માનવું તે શ્રધ્ધા; જિનોકત નવ પદાર્થનું યથાર્થ જાણપણું તે જ્ઞાન અને વસ્તુનુ સ્વરૂપ સમજી પરભાવથી વિરમી તત્ત્વ રમણી થઇને સંયમ શ્રેણીએ ચડવું તે ચારિત્ર. આ પ્રમાણે રત્નત્રયનું ( ભેદતઃ ) સ્વરૂપ સમજીને પછી અભેદ રત્નત્રયીમાં તન્મય થાય, જ્ઞાન દર્શન અને ચારિત્રાદિ ગુણો આત્મ દ્રવ્યથી અભિન્ન છે એમ સમજી તલ્લીન થાય ત્યારેજ આત્મિક ગુણની નિર્મલતા થાય. સર્વ દેવમાં શ્રેષ્ઠ ચંદ્રની જેમ સૌમ્ય શ્રીજિનેશ્વર દેવના ચરણ કમલની સેવા કરતાં વસ્તુનો સ્વભાવ જે શક્તિરૂપ છે તે પ્રગટ થાય. કારણ ? જીવ નિમિત્તાધીન છે માટે પરમ પુષ્ટ નિમિત્તરૂપ શ્રી જિનેશ્વરની નિરંતર સેવા કરવાથી આત્મકાર્યની સિધ્ધ થાય.

## (૭) શ્રી ઋષભાનન જિન સ્તવન.

વારી હું ગોડીપાસને—એ દેશી.

**શ્રી ઋષભાનન વંદીએ, અચલ અનંત ગુણવાસ; હો જિનવર૦ ક્ષાયિક ચારિત્ર ભોગથી, જ્ઞાનાનંદ વિલાસ. હો જિનવર૦ ૧**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—શ્રી ઋષભાનન પ્રભુને માનસિક વાચિક અને કાયિક શુધ્ધિ પૂર્વક વંદન કરીએ, કારણ ? પ્રભુ શ્રી ત્રણે કાલે ચલિત ન થાય એવા અનંત ગુણના નિધાન છે. સકલ પરભાવની પરિણુતિ રમણુનો ત્યાગ કરી આત્મિક રમણુતા રૂપ ક્ષાયક ચારિત્ર ભોગ ( આસ્વાદ ) થી અનંત જ્ઞાનના આનંદમા વિલાસ કરી રહ્યા છે.

**જે પ્રસન્ન પ્રભુ મુખે ગ્રહે, તેહિજ નયન પ્રધાન; હો૦**
**જિન ચરણે જે નામીએ, મસ્તક તેહ પ્રમાણ. હો૦ ૨**

અર્થ—હે પ્રભો ! આપશ્રી હર્ષ શોકાદિ સર્વ દોષ રહિત હોવાથી તમારી મુખ મુદ્રા સદા પ્રસન્નતા વાલી હોય છે. જે ભવ્યાત્મા સ્વનેત્રથી આપ શ્રીમાનની શાન્ત મુખ મુદ્રાને જુવે છે તેનાં નેત્ર પણ ધન્ય છે, કારણ ? ચક્ષુવડે સારા નઠારા અનેક પદાર્થ જોવાથી તેમાં ઇષ્ટ અનિષ્ટપણું થવા પામે છે, તેથી રાગ દ્વેષની પરિણુતિ થવા પામે છે અને જીવાત્મા કર્મથી બંધાય છે; પરંતુ આપશ્રીના મુખકમલનુ અવલોકન કરવાથી આત્મિક સદ્‌ગુણોનું સ્મરણ થાય, તેથી આત્મા સ્વગુણનો વિકાસ કરી શકે છે. વલી જેનું મસ્તક આપશ્રીના ચરણ યુગલમાં નમે છે ઢળે છે; તે ભવ્યાત્માનું મસ્તક ધન્ય છે- પ્રશંસનીય છે. રાગી દ્વેષી દેવતાઓના ચરણુમાં નમન કરવાથી મિથ્યા પ્રવૃત્તિની વૃદ્ધિ થાય છે; માટે તે મસ્તકનું નમવું અપ્રશંસનીય છે.

**અરિહા પદકજ અરચિયે, સફલ તેહિજ હથ્થ; હો૦**
**પ્રભુ ગુણ ચિંતનમેં રમે, તેહજ મન સુકયત્થ. હો૦ ૩**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—સર્વ પરભાવની ઇચ્છાથી રહિત એવા અરિહંત દેવના ચરણ કમલની અર્ચા જે હાથવડે થાય તેજ હાથ ધન્ય છે સફલ છે. અનંત ગુણ નિષ્પન્ન શ્રી જિનેશ્વર દેવના ગુણોની ચિંતવના વિચારણા કરવામાં જેના ચિત્તની રમણતા તન્મયતા થાય તેનુંજ ચિત્ત ( આત્માના અધ્યવસાય રૂપ ભાવ મન ) ધન્ય છે કૃતાર્થ છે. પરભાવમાં ચિત્તની પરિણતિ તે સંસારની વધારનારી છે. માટે પરમાત્માના ગુણોમાં ચિત્તની રમણતા કરવાથી આત્માનું કલ્યાણ થાય છે. તેથીજ ચિત્ત કૃતાર્થ જાણવું.

**જાણો છો સર્વ જીવની, સાધક બાધક ભાંત; હો૦**
**પણ પ્રભુ મુખથી સાંભલી, મન પામે નીરાંત. હો૦ ૪**

અર્થ.—હે સર્વજ્ઞ પ્રભો ! આપશ્રી કેવલજ્ઞાન વડે સર્વ સંસારી જીવોની સાધક બાધક દશા ( અવસ્થા ) ની સ્થિતિને જાણો છો, જેમકે અમુક જીવ હમણા સમ્યક્ દૃષ્ટિ, દેશ વિરતિ અને સર્વ વિરતિ ભાવનો સાધક છે; કિંવા મિથ્યા દૃષ્ટિરૂપ બાધક ભાવનો સાધક છે; પરંતુ અમુક કાલે તે ( જીવ ) મોક્ષ પામશે. એ પ્રમાણે આપ શ્રીમાન્ સર્વ જીવાત્માઓની વિવિધ સ્થિતિને સર્વથા જાણી રહ્યા છો. કારણ ? આપશ્રીના કેવલા દર્શમાં સર્વભાવ પ્રતિ બિંબિત છે-પ્રતિફલિત છે. તથાપિ હે પ્રભો ! હું જો આપશ્રીના મુખથી સાક્ષાત્ સાંભળું કેઃ-" તું સાધક આત્મા છો, અમુક કાલે તારો મોક્ષ થશે " તો મારૂં અંતઃકરણ નીરાંત પામે શાંત થાય જેમ સૂર્યાભદેવ, શ્રી મહાવીર પ્રભુના મુખથી પોતાનું ભવ્યત્વ સુલભ બોધિત્વ વગેરેનું વૃત્તાંત સાંભળીને હૃદયમાં આનંદ પામ્યો; તેમ હું પણ પ્રમોદ પામું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તીન કાલ જાણંગ ભણી, શું કહીએ વારંવાર; હો૦**
**પૂર્ણાનંદી પ્રભુતણું, ધ્યાન તે પરમ આધાર. હો૦ ૫**

અર્થ:—હે સર્વજ્ઞ પ્રભો! આપશ્રી એક સમયમાં ત્રણ કાલના સર્વ પદાર્થની ત્રિવિધ રચના (ઉત્પાદ વ્યય અને ધ્રૂવ) ની પરિણતિના જાણનાર છો; માટે હે નાથ! તમને ફરી ફરીને શું કહેવું હોય? જો કે આપશ્રી મારા ચિત્તની પરિણતિને સર્વ પ્રકારથી જાણી રહ્યા છો; છતાં પણ હે પ્રભો! હું ભક્તિના આવેશથી આપ શ્રીમાનને વીનવી રહ્યો છું. પૂર્ણાનંદ સ્વરૂપ એવા પરમાત્માનું ધ્યાન કરવાથી આત્મિક ગુણ પ્રગટ થાય છે; માટે આપશ્રીનું ધ્યાન તે મને પરમ આધાર રૂપ છે.

**કારણથી કારજ હુવે, એ શ્રી જિનવર વાણ; હો૦**
**પુષ્ટ હેતુ તુજ સિદ્ધિના, જાણી કીધ પ્રમાણ. હો૦ ૬**

અર્થ.—કારણથી કાર્યની સિદ્ધિ થાય, એમ શ્રી જિનેશ્વર દેવનું તત્ત્વરૂપ અર્થ વચન છે; અને ગણધરોએ પણ સૂત્રમાં તેમજ ગુંથ્યું છે. કારણ મુખ્યતયા બે પ્રકારના છે; ૧ ઉપાદાન કારણ ૨ નિમિત્ત કારણ, કારણ એ ઉત્પન્ન પર્યાય છે. અર્થાત કાર્ય નિષ્પન્ન (સમાપ્ત) થયે કારણપણું રહેતું નથી. કાર્યથી અભિન્ન એ ઉપાદાન કારણ, અને કાર્યથી ભિન્ન જે કારણ સામગ્રી તે નિમિત્ત કારણ, જેમ કુંભાર ઘટ કાર્યને કરવા ઇચ્છતો થકો દંડ ચક્રાદિકના સંયોગ રૂપ નિમિત્ત કારણને મેળવી ઉપાદાન કારણરૂપ મૃત્પિંડ (માટી પિંડ) નો પ્રયોગ ઘટરૂપ કાર્ય કરવામાં કરે છે. અહિં માટીજ ઘટ પરિણામને પામે છે એટલે ઘટ કાર્ય થયે છતે મૃત્તિકારૂપ કારણ રહેતું નથી અર્થાત્ જે કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજ કાર્ય, અને દંડ ચક્રાદિક, કાર્ય (ઘટ) રૂપ ન થતાં નિમિત્તકારણ કહેવામાં આવે છે, નિમિત્ત કારણ ઉપાદાન કારણને અતિશય મદદગાર બને છે; અર્થાત્ ઉપાદાનને જાગૃત કરે, તેમ જીવાત્મા, પુષ્ટ હેતુરૂપ શ્રી જિનરાજનું નિમિત્ત પામીને ઉપાદાન કારણ રૂપ આત્માની જાગૃતિ કરે છે. છેવટે સિદ્ધ સ્વરૂપ થાય છે, માટે મારા ઉપાદાન કારણની સિદ્ધિ આપ શ્રીમાનૂના પુષ્ટ નિમિત્તથી અવશ્ય થશે એમ જાણીને આપશ્રોને પ્રમાણ કર્યા અંગીકૃત કર્યા.

**શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય;**
**હો૦ ત્યાં લગે જગગુરૂ દેવના, સેવું ચરણ સદાય.**
**હો૦ ૭**

અર્થ.—હે પ્રભો! જ્યાંસુધી મારા શુદ્ધ આત્મતત્ત્વની સંપત્તિ કેવલ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની પૂર્ણતા ન થાય ત્યાં લગે સુરાસુરેંદ્રોથી પૂજનીય એવા જગત્ગુરૂ શ્રી વીતરાગ દેવના ચરણ કમલની નિરંતર સેવાકરૂં.

**કારજ પૂર્ણ કર્યા વિના, કારણ કેમ મૂકાય ? હો૦**
**કારજ રૂચી કારણ તણા, સેવે શુદ્ધ ઉપાય. હો૦ ૮**

અર્થ.—જ્યાં સુધી કાર્યની સંપૂર્ણ સિદ્ધિ ન થાય ત્યાં સુધી કારણને કેમ છોડાય ? કાર્ય કરવાની ઇચ્છાવાળો જીવાત્મા શુદ્ધ ઉપાય (કારણ) ને અવશ્ય સેવે જેમ ઘટ કાર્ય ને ઇચ્છતો કુંભાર, દંડ ચક્રાદિક કારણ સામગ્રીને ઘટ કાર્યની સિદ્ધિ થયા પહેલાં છોડે નહિં તેમ મારા કાર્ય (આત્મ-સંપત્તિ) ની પૂર્ણ સિદ્ધિ થયા વિના હું વીતરાગ દેવના ચરણની સેવા કેમ મૂકું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે કાર્યની સંપૂર્ણ સિદ્ધિ થાય ત્યારપછી કારણની કશી જરૂર રહેતી નથી.

**જ્ઞાન ચરણ સંપૂર્ણતા, અવ્યાબાધ સમાય; હો૦**
**દેવચંદ્ર પદ પામીએ, શ્રી જિનરાજ પસાય હો૦ ૯**

અર્થ.—શ્રી જિનેશ્વરના પ્રતાપથી-મહેરબાનીથી સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રની અભેદતા રૂપ સંપૂર્ણ અવ્યાબાધ સંપત્તિને ક્યાંય પણ સર્વ આકાશ પ્રદેશમાંય ન સમાય એવા આત્મિક સુખના નિધાનરૂપ સર્વ દેવમાં ઉત્તમ જે પરમાત્મ પદ તેની પ્રાપ્તિ થાય.

# (૮) શ્રી અનંત વીર્ય જિન સ્તવન.

ચરણાલી ચામુંડા રણ ચઢે એ દેશી,

**અનંત વીર્ય જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંતરે;**
**નિજ આતમ ભાવે પરિણમ્યો, ગુણ વૃત્તિ વર્તના વંતરે**
**મન મોહ્યું રે મ્હારૂં પ્રભુ ગુણે. ૧**

અર્થ.—સામાન્ય કેવલિઓમાં રાજા સમાન શ્રી અનંત વીર્ય ભગવાન્‌નું અનંત પવિત્ર વીર્ય છે. પ્રભુશ્રીના અનંત જ્ઞાનાદિક ગુણની પ્રવૃત્તિ વીર્યના સહાયથી થાય છે માટે અનંત વીર્યવાન્ છે; તે વીર્ય ગુણ સ્વાત્મભાવમાં પરિણમી રહેલ છે; તે પરિણમન સ્વાભાવિક છે, કોઇએ પ્રેરેલ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યદ્યપિ જીવ સહુ સદા, વીર્ય ગુણ સત્તાવંતરે;**
**પણ કર્મે આવૃત ચલ તથા, બાલ બાધકભાવ લહંતરે**
**મન૦ ૨**

અર્થ.—વીર્યત્વ એ પણ જીવનું લક્ષણ છે. કારણ ? કોઇ પણ જીવ વીર્ય રહિત હોય નહિં જો કે શ્રી ભગવતીજીમાં સિદ્ધ પરમાત્માઓને અવીર્ય વીર્ય રહિત કહ્યા છે, તે કરણ વીર્યની અપેક્ષાએ કહેલ છે; પરંતુ અકરણ વીર્ય સિદ્ધને અનંત છે. સત્તાએ સર્વજીવ ( નિગોદ સુદ્ધાંપણ ) અનંત વીર્યવાન્ છે. સત્તાએ તે જીવો સિદ્ધ સમાન છે, પરંતુ વીર્યાંતરાય કર્મના ઉદયથી અનંત વીર્ય ગુણ અવરાઈ ગયેલ છે; તે પણ ચલાયમાન છે. " આત્મ પ્રદેશનું ચલાયમાનપણું, તે ચલ વીર્ય " તેના ચલાયમાનપણાથી આત્માને કર્મપુદ્ગલનો લેપ થાય છે, મનો વર્ગણાદિ વર્ગણાનું ગ્રહણ જીવને થાય છે. આત્માને કર્મપુદ્ગલનો યોગ થવો તે ' યોગવીર્ય ' કહેવાય છે તે બાલવીર્ય છે અને બાધક ભાવમાં પરિણમે છે કારણ ? તે વીર્યથી જીવ કર્મથી લેપાય છે, જ્યાંસુધી આત્મપ્રદેશનું ચલનપણું ત્યાં સુધી આત્મા બંધાય છે " આત્મ પ્રદેશનું કંપન તે લેશ્યા કહીએ " તેનાથી પણ જીવ લેપાય છે, જીવ કર્મને બાંધે છે, ફક્ત આઠ રૂચક પ્રદેશ અકંપ હોવાથી કર્મ રહિત છે.

**અલ્પવીર્ય ક્ષયોપશમ અછે, અવિભાગ વર્ગણા રૂપરે;**
**ષટ્ગુણ એમ અસંખ્યથી, થાય યોગસ્થાન સ્વરૂપરે.**
**મન૦ ૩**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ.**—વીર્ય ગુણ ક્ષાયિકભાવે અનંત છે, પરંતુ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી વીર્ય અલ્પ હોય છે; અર્થાત્ ક્ષાયોપશમિક વીર્ય અલ્પ ( અપૂર્ણ ) હોય છે, સર્વ જીવને વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ ઓછા વધતા પ્રમાણમાં અવશ્ય હોય છે, ક્ષાયોપશમિક વીર્યની તરતમતા ( અવિભાગ અને વર્ગણા )થી ષટ્ગુણ હાનિ વૃદ્ધિના અસંખ્ય સ્થાનક થાય છે, જો કે જીવ અનંત–છે તો પણ વીર્યની તરતમતાના સ્થાનક અસંખ્યાત છે પરંતુ અનંત સ્થાનક નથી. સલેશ્ય વીર્ય વડે આત્મા, કર્મ પુદ્ગલને ગ્રહણ કરવાથી તે યોગી ( કર્મના યોગવાલો ) થાય છે. યોગના પણ અસંખ્ય સ્થાનક છે. અહિં શ્રેણિ, વર્ગણા, સ્પર્ધક અને યોગના સ્થાનકનું સ્વરૂપ કર્મ પ્રકૃતિ ( કમ્મપયડી ) માં સવિસ્તર જણાવેલ છે, તથા શતક કર્મ ગ્રંથમાં પણ વર્ણન છે ત્યાંથી જાણી લેવું.

**સુહુમ નિગોદી જીવથી, જાવ સન્ની વર પજ્જતરે;**
**યોગના ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાવર્ત રે.**
**મન૦ ૪**

**અર્થ**—સૂક્ષ્મ નિગોદ જીવના ભવના પ્રથમ સમયથી માંડી યાવત્ પર્યાપ્ત સંજ્ઞિ પંચેંદ્રિયના ઉત્કૃષ્ટ યોગ સુધી યોગના અસંખ્ય સ્થાનક છે. તેની તરતમતા મોહ કર્મના તારતમ્યથી થાય છે. જો કે યોગની તરતમતા વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી થાય છે; તોપણ મુખ્ય હેતુ મોહનીય કર્મ છે. કારણ ? સર્વ કર્મમાં મુખ્ય કર્મ મોહનીય છે ભાવ લેશ્યા ( કૃષ્ણાદિ ) તે મોહનીય કર્મના ઉદયથી છે; અને વીર્ય તે સલેશ્યી છે, ભાવકર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે રાગ દ્વેષ તે મોહનીની પરિણતિ રૂપ છે. મોહનીય કર્મની પુષ્ટતાએ દરેક કર્મની પ્રબલતા થાય છે અને મોહનીય કર્મની મંદતાએ દરેક કર્મ મંદ થાય છે.

**સંયમને યોગે વીર્ય જે, તમે કીધો પંડિત દક્ષ રે; સાધ્ય રસિક સાધકપણે, અભિશંધિ રમ્યો નિજ લક્ષ રે. મન૦ ૫**

અર્થ—જ્યાંસુધી જીવાત્માઓને આત્મ જ્ઞાન થયું નથી ત્યાંસુધી બાલ વીર્યમાં પ્રવર્તે છે; અને જ્યારે સમ્યક્ જ્ઞાન થાય ત્યારે તે બાલપંડિત કે પંડિત વીર્યમાં પ્રવૃત્તિ કરે છે. પરંતુ આપશ્રી તો બાલ વીર્ય અને બાલ પંડિત વીર્યનો ત્યાગ કરી સર્વ વિરતિ સંયમને ગ્રહણ કરીને સંયમ શ્રેણિએ ચઢી પંડિત વીર્યવાન્ થયા. તેથીજ તમારૂં વીર્ય રત્નત્રયીને સહકારી થયું. કારણ ? જ્યાં તથા રૂપ સંયમ હોય ત્યાં જ્ઞાન દર્શન અવશ્ય હોય આપશ્રી સિદ્ધ સ્વરૂપ સાધ્યના રસિક થઇ સ્વ વીર્યને સાધકપણે પરિણમાવીને અભિસંધિજ વીર્યને ઉપયોગ પૂર્વક આત્મીય લક્ષ્યમાં સ્વકાર્યની સિદ્ધિમાં રમાવ્યો રમણ કરાવ્યો.

**અભિસંધિ અબંધક નીપજે, અનભિસંધિ અબંધક થાય રે; સ્થિર એકત્વતા વર્તતો, તે ક્ષાયિક ભાવ સમાય રે. મન૦ ૬**

અર્થ.—જ્યારે અભિસંધિજ વીર્ય, સ્વકાર્યમાં પ્રવર્તવાથી અબંધક થયો ત્યારે અનભિસંધિજ વીર્ય મતિ વિના ઇંદ્રિય જન્ય યોગવીર્ય તે પણ અબંધક થાય. કારણ ? કેવલિ ભગવાનૂને સર્વ દ્રવ્યેંદ્રિયના વીર્યની પ્રવૃત્તિ હોય છે, પણ મનોપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી નથી કર્મબંધનું કારણ મનોવીર્ય છે, માટે મનોવીર્ય તે અભિસંધિજ અને મન વિના વચન કાયાનો વ્યાપાર તે અનભિસંધિજ જાણવો વચન અને કાયાનો વ્યાપાર તે નામ કર્મ જનિત છે, પરંતુ ભાવ મનનો વ્યાપાર તે જ્ઞાનાવરણીય તથા અંતરાય કર્મના ક્ષયોપશમથી અને નામ કર્મના ઉદય થકી છે. માટે અભિસંધિજ વીર્ય, સ્થિર અને સહચારી થઇ પોતાના ગુણને પોષતો થકો ક્ષાયિક ભાવે થાય એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મ ચતુષ્ટયનો સર્વથા ક્ષય થવાથી અનંત વીર્ય થાય છે.

**ચક્રભ્રમણ ન્યાય સયોગતા, તજી કીધું અયોગિધામરે;**
**અકરણ વીર્ય અનંતતા, નિજ ગુણ સહકાર અકામરે.**
**મન૦ ૭**

અર્થ.—જેમ કુંભાર દંડને ચક્રમાં ઘાલીને બલપૂર્વક ફેરવે છે, પછી તે ચક્ર પોતાની મેળે ફરે છે. તેમ સયોગિ ગુણ સ્થાનકે પણ યોગની પ્રવૃત્તિ પૂર્વકર્મના ઉદયથી થાય છે. પરંતુ મમત્વ ભાવથી યોગક્રિયા થતી નથી. તે પ્રવૃત્તિને પણ શૈલેશીકરણ વડે તજી અયોગિ ચતુર્દશ ગુણ સ્થાનકરૂપ ધામને પામ્યા, ત્યાં અકરણવીર્ય ( અતીંદ્રિયવીર્ય ) ની અનંતતા અનંતપણું પામ્યા, તે નિષ્કામ થઈ પોતાના ગુણની સહાયતામાં પ્રવર્તે છે.

**શુદ્ધ અચલ નિજ વીર્યની, નિરૂપાધિક શક્તિ અનંતરે;**
**તે પ્રગટી મેં જાણી સહી, તેણે તુમહિંજ દેવ મહંતરે.**
**મન૦ ૮**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—સર્વ વિભાવિક સંશ્લેષ ( સબંધ ) રહિત હોવાથી શુદ્ધ, આત્મપ્રદેશની કંપનતા ન હોવાથી અચલ અને કર્મ વર્ગણાની ઉપાધિથી રહિત હોવાથી નિરૂપાધિક, એવા આત્મિક વીર્યની અનંતશક્તિ, આપશ્રીને પ્રગટ થઇ છે; તે મેં સમ્યક્જ્ઞાન વડે જાણી અન્યદેવો બાલવીર્યવાન્ હોવાથી તે રાંકડા છે; અને આપ શ્રીમાન્ અનંત વીર્યવાન્ હોવાથી મહાન છો.

**તુજ જ્ઞાને ચેતનતા અનુગમી, મુજ વીર્ય સ્વરૂપ સમાચરે; પંડિત ક્ષાયકતા પામશે, એ પૂરણ સિદ્ધિ ઉપાયરે. મન૦ ૯**

અર્થ.—હે પ્રભો ! તમારા કેવલ જ્ઞાનમાં મારી ચેતનતા અનુગમી એટલે કેવલજ્ઞાન પ્રગટાવવા માટે રસિક થઇ, તેથી આત્મીયવીર્ય પણ સ્વરૂપાનુયાયી થયું, તે અનુક્રમે બાલવીર્યથી નિવૃત્ત થઇ પંડિતવીર્યમાં પરિણમી ક્ષાયિક ભાવે થશે; એજ સંપૂર્ણ સિદ્ધિનો ઉપાય છે માટે આપશ્રીનો મહાન ઉપકાર છે.

**નાયક તારક તું ધણી, સેવનથી આતમ સિદ્ધિરે; દેવચંદ્ર પદ સંપજે, વર પરમાનંદ સમૃદ્ધિ. મન. ૧૦**

અર્થ.—હે પ્રભો ! તમે ત્રણ ભુવનના નાયક અગ્રેસર છો, તમે ભવ્યોના તારક છો, ભવ સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર છો, આપ શ્રીમાન્‌ની સેવા કરવાથી સેવકને સ્વાત્મ ( કાર્ય ) ની સિદ્ધિ થાય; સર્વ દેવમાં શ્રેષ્ઠ ચંદ્રવત્ સૌમ્ય, સર્વ ઉપાધિ રહિત અને નિર્મલ પરમાનંદ મય એવા સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૮) શ્રી સુરપ્રભ જિન સ્તવન.

દેશી કડખાની.

સૂર જગદીશની તીક્ષણ અતિ શૂરતા, તેણે ચિરકાલનો મોહ જીત્યો; ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પરગટ કરી, નીપન્યો પરમપદ જગ વદીતો. સૂર૦ ૧

અર્થ.—જગત્‌ના સ્વામી શ્રી સૂરપ્રભ પ્રભુની અત્યંત તીક્ષણ (તીખી) શૂરતા વડે સમ્યક્ દર્શન જ્ઞાન અને ચારિત્રની તીક્ષણતા પૂર્વક મહા પરાક્રમવતી અનાદિકાલનો મહા પરાક્રમી અતિશય દુર્ધર્ષ (દુઃખથી જીતાય એવો) જે મોહરાજા તેને તમે જીતી લીધો અને આત્મિક રાજ્ય મેળવ્યું. સ્યાદ્વાદપણું એટલે નિત્ય અનિત્ય, એક અનેક, સત્ અસત્ વક્તવ્ય અવક્તવ્ય ઈત્યાદિક અનેકાંત પક્ષનો શુદ્ધ પ્રકાશ કરીને આપશ્રીએ પોતાનું પરમ ઉત્કૃષ્ટ પદ જગતમાં પ્રગટ કર્યું. આપશ્રી પંચાસ્તિકાયના સ્વરૂપના યથાર્થ પ્રકાશક થયા અને સ્વ સ્વરૂપમાં રમણ કરવાથી પરમપદ પરમાત્મપદ પ્રગટ કર્યું.

પ્રથમ મિથ્યાત્વ હણી શુદ્ધ દંસણ નિપુર્ણ, પ્રગટ કરી જેણે અવિરતિ પણાશી; શુદ્ધ ચારિત્ર ગત વીર્ય એકત્વથી, પરિણતિ કલુષતા સવી વિણાશી. સૂર૦ ૨

અર્થ.—હે પ્રભો ! આપશ્રીએ સર્વ દોષના ઘરરૂપ, સર્વ કર્મની પ્રકૃતિમાં સિતેર કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળો અને દેશોન (કંઇક ઓછું) દશ પૂર્વના અભ્યાસિઓને પણ વિપરીત શ્રધ્ધાન કરાવનાર જે 'મિથ્યાત્વ' નામનો સુભટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો પ્રથમ નાશ કરીને શુધ્ધ દર્શન ( ક્ષાયિક સમકિત ) પ્રગટ કર્યું કારણ ? ફક્ત અનંતાનુબંધી કષાય ચતુષ્કનો ક્ષય કર્યો હોય; પરંતુ જ્યાંસુધી તેનાં બીજ ભૂત મિથ્યાત્વનો ક્ષય ન કર્યો હોય; ત્યાંસુધી અનંતાનુબંધી કષાયનો બંધ પુનઃ ( ફરી ) થાય છે. થાટે મિથ્યાત્વનો સર્વથા ક્ષય થવાથી ક્ષાયક સમકિત પ્રાપ્ત થાય છે. મિશ્રમોહનીય અને સમકિત મોહનીય રૂપ ઉપશમ સમકિતના બલવડે ત્રણ પુંજ કરવાથી થએલ ભેદ પણ મિથ્યાત્વ મોહનીયજ જાણવા માટે મિથ્યાત્વના નાશથી સાત પ્રકૃતિનું નાશપણું સમજવું. ક્ષાયક સમકિત પ્રગટ થયાબાદ અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની કષાયની ચોકડીનો નાશ કરવાથી અવિરતિનો નાશ કર્યો; અને શુધ્ધ ચારિત્ર ( સ્વગુણની રમણતા ) માં પ્રાપ્ત થયેલ વીર્યની એકત્વતાવડે કષાયની કલુષતાની પરિણતિનો આપશ્રીએ સર્વથા નાશ કર્યો.

**વારી પરભાવની કર્તૃતા મૂલથી, આત્મપરિણામકર્તૃત્વ ધારી; શ્રેણિ આરોહતાં વેદ હાસ્યાદિની, સંગમી ચેતના પ્રભુ નિવારી. સૂર૦ ૩**

અર્થ.—કષાયની મલીનતા ટાળવાથી હે પ્રભો ! આપે પરભાવના કર્તૃત્વ ( કર્તાપણા ) ની પરિણતિને નિવારીને આત્મ પરિણામનું કર્તાપણું ધારણ કર્યું, જીવાત્મા જ્યાં સુધી આ તન ધન ધરા અને ધામ વગેરે પૌદ્ગલિક વસ્તુમાં મમત્વ ભાવ ધારણ કરે છે ત્યાં સુધી તે પરભાવનો કર્તા થાય છે પરંતુ જ્યારે જીવાત્મા વિચાર શ્રેણિએ ચડે છે ત્યારે એમ સમજે છે કેઃ— આ પૌદ્ગલિક વસ્તુ મારી નથી, હું તો જ્ઞાનાદિક અનંત ગુણનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધણી છું એમ યથાર્થ વિચારી ને જીવાત્મા આત્મિક પરિણતિનો સાધક થઇ સ્વભાવનો કર્ત્તા થાય ત્યારપછી તે ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઈ જ્ઞાન ચેતનાના બલ વડે પરભાવમાં સંગતિ પામેલી ચેતનાનુ નિવારણુ કરે ત્યારે વેદત્રિક અને હાસ્યાદિક ષટ્ક એ નવ પ્રકૃતિનો નાશ કરે પુર્વોક્ત પન્નર પ્રકૃતિ અને આ નવ પ્રકૃતિ, એકંદર ચોવીશ પ્રકૃતિનો નાશ કરવાથી પછી સંજ્વલનની ચોકડીનો પણ નાશ થાય. એમ અઠાવીશ પ્રકૃતિનો નાશ થવાથી મોહનીય કર્મનો નાશ દશમ ગુણ સ્થાનને અંતે થાય છે. આ વિષયનું વિશેષ સ્વરૂપ કર્મ ગ્રંથથી જાણુવું.

**ભેદ જ્ઞાને યથા વસ્તુતા ઓલખી, દ્રવ્ય પર્યાયમાં થઇ અભેદિ; ભાવ સ વિકલ્પતા છેદી કેવલ સકલ, જ્ઞાન અનંતતા સ્વામી વેદી. સૂર૦ ૪**

અર્થ.—ભેદ જ્ઞાન ( જડચેતનના પ્રથક્કરણ ) વડે પંચાસ્તિકકાયનું યથાર્થ સ્વરૂપ જણાય-સમજાય ષટદ્રવ્યમાં એક જીવ ચેતન દ્રવ્ય અને પાંચ ( ધર્માસ્તિકાયાદિ ) અચેતન ( જડ ) દ્રવ્ય એમ જડ ચેતનનું યથાર્થજ્ઞાન થાય ત્યારે દેહાદિક પુદ્ગલ તે હું નહિં તો પછી દેહાદિકથી ઉત્પન્ન થયેલ પુત્રાદિક તે મારા કયાંથી હોય ? કેવલ આત્મ દ્રવ્યમાં સમવાય સબંધે રહેલ જ્ઞાનાદિક ગુણો તે મારા છે. એ ભેદજ્ઞાન તેજ સમકિત, ભેદ જ્ઞાન વિના કદાપિ કાલે મુક્તિ નથી. ભેદજ્ઞાન નિર્ગ્રંથ પ્રવચન સિવાય ન થાય આગમોક્ત ભેદ જ્ઞાન વડે અભેદી થવાય છે. શુકલ ધ્યાનનો પ્રથમ પાદ ( પાયો ) ' પ્રથકત્વ વિતર્ક સપ્રવિચાર ' ધ્યાન વડે ચેતન અને જડ દ્રવ્યની જુદાંયણુ ( ભિન્નપણું ) તેમજ તેઓના ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યાયની વહેંચણુ થવાથી પછી અભેદી થવાય છે. શુકલ ધ્યાનનો બીજો પાદ તે ' એકત્વ વિતર્ક અપ્રવિચાર ' તેના વડે સવિકલ્પ ( જડ ચેતન વગેરે ) જાલનું સર્વથા ત્યાગ કરી આત્મિક સર્વ ગુણ પર્યાયમય એક આત્મ દ્રવ્યને અભેદપણે ધ્યાવે વિચારે આ ધ્યાન બારમે ગુણસ્થાને હોઇ શકે એના બલવડે બાકીના ત્રણ ઘનઘાતિ કર્મ ( દર્શનાવરણી જ્ઞાનાવરણીય અને અંતરાય ) નો સર્વથા ઉચ્છેદ કરી દ્વાદશમ ગુણસ્થાનને અંત સમયે અનંત કેવલ જ્ઞાન દર્શન પ્રગટ થાય. સર્વ વેદી થાય અર્થાત્ સર્વ જાણનાર દેખનાર થાય.

**વીર્ય ક્ષાયક બલે ચપલતા યોગની, રોધી ચેતન કર્યો શુચિ અલેશી, ભાવ શૈલેશીમાં પરમ અક્રિય થઇ, ક્ષય કરી ચાર તનુ કર્મ શેષી. સૂર૦ ૫**

અર્થ.—તેરમે ગુણ સ્થાનકે ભવ્ય જીવોને અનેકધા ઉપકાર કરી ધ્યાનાંતરિકાએ રહે પછી ક્ષાયક વીર્યના બલથી શૈલેશી કરણ કરી યોગની ચપલતા ( ચલનપણા ) નું રૂંધન કરી અલેશી થાય, સર્વથા પુદ્ગલના લેપ રહિત થાય મતલબકે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ રૂપ શુકલ ધ્યાનના તૃતીય અને ચતુર્થપાદ તેરમાં ગુણસ્થાનકને અંતે અને ચૌદમાં ગુણસ્થાનકે હોય છે તેના બલવડે પરમ અક્રિય થઇને શેષ ચાર અઘાતિ કર્મનો સર્વથા ક્ષય કરે.

**વર્ણ રસ ગંધ વિનુ ફરસ સંસ્થાન વિનુ, યોગતનુ સંગ વિનુ જિન અરૂપી; પરમ આનંદ અત્યંત સુખ અનુભવી, તત્ત્વ તન્મય સદા ચિદ્ સ્વરૂપી. સૂર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—ચૌદમાં ગુણુ સ્થાનકની પંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચાર કાલની સ્થિતિને ક્ષય કરી સિદ્ધપદની પ્રાપ્તિ થાય એટલે વર્ણ ગંધરસ સ્પર્શ અને સંસ્થાન રહિત થાય શરીર રહિત, યોગ રહિત, સંગ રહિત, રૂપ રહિત, અરૂપી, પરમાનંદમયી, સ્વતત્ત્વ તન્મયી અને જ્ઞાન સ્વરૂપી એવા સિદ્ધ પરમાત્મા દેહના ત્રીજા ભાગની અવગાહના ઘટાડી આત્મ પ્રદેશને ઘન કરી જ્યોતિઃમાં જ્યોતિઃ સ્વરૂપ થઇ મળી જાય.

**તાહરી સૂરતા ધીરતા તિક્ષણુતા, દેખી સેવક તણો ચિત્ત રાચ્યો; રાગ સુપ્રશસ્તથી ગુણી આશ્ચર્યતા, ગુણી અદ્‌ભુતપણે જીવ માચ્યો સૂર૦ ૭**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીએ આત્માની અનંત શકિત પ્રગટાવવા શૂરપણું ધારણ કરી અત્યંત બલ વાપરી કર્મનાં દલને તોડી નાખ્યું. વલી આપશ્રીનું ધૈર્ય પણ આશ્ચર્ય ચકિત કરે તેવું છે. કારણ ? પરિષહ અને ઉપસર્ગના સમૂહને સહન કરવામાં તમે અડોલ અચલ રહ્યા, તેમજ આપશ્રીએ શુભા શુભના ઉદય કાલમાં રાગ દ્વેષની પરિણુતિને પણ ધારણ ન કરી એટલુંજ નહિ પરંતુ અતિશય તીક્ષણ શુકલ ધ્યાનરૂપ કાતીલ શસ્ત્ર વડે મોહાદિક મહા સુભટોના મર્મસ્થાનને વીંધી નાખ્યા. આપશ્રી એકલા છતાં વિજય શ્રી મેળવી એ તમારી અદ્‌ભૂત શકિત દેખી આપશ્રીના સેવકનું ચિત્ત આપના પ્રત્યે અત્યંત સ્નેહવાળું થયું. પ્રશસ્ત રાગથી ગુણવાન્ આપશ્રીને વિષે આશ્ચર્યપણું જણાયું અને તમારામાં અદ્‌ભૂતતા પૂર્વક ઉલ્લાસ ભાવ વડે હું આનંદ પામ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આત્મ ગુણ રૂચિ થયે તત્ત્વ સાધન રસી, તત્ત્વ નિ-ષ્પત્તિ નિર્વાણ થાયે; દેવચંદ્ર શુદ્ધ પરમાત્મ સેવન થકી, પરમ આત્મિક આનંદ પાવે. સૂર૦ ૮**

અર્થઃ—જેવા પ્રભુના ગુણો છે તેવા ગુણો સર્વ જીવોને સત્તાએ રહેલા છે. કારણ? " **सचेयणा लक्खणो जीवो** " ઇતિ વચનાત્ પરંતુ કર્મના વશે જીવને આત્મીય શુદ્ધ ઉપયોગનું ભાન ન હોવાથી તે મિથ્યા દૃષ્ટિ જીવોને દ્રવ્ય જીવ કહ્યા છે. " **अणु व ओगो दव्वं** " ઇતિ વચનાત્ તથાપિ જીવને સ્વ સત્તાનું યથાર્થ ભાન થાય અને વસ્તુતઃ પોતાને સિદ્ધ સમાન જાણે ત્યારે તે સમ્યક્ દૃષ્ટિ ભાવ જીવ કહેવાય. સમ્યક્ દૃષ્ટિ જીવજ આત્મતત્ત્વની રૂચિવાલો થાય, એટલે તેની સાધનાનો રસિક થાય; ત્યારે ચારિત્ર ગુણમાં રમણ કરનાર થઇ શકે, ચારિત્ર ગુણમાં સ્થિર થવાથી આત્માને તત્ત્વની નિષ્પત્તિ ( સિદ્ધિ ) અને નિરાવરણતા ( સર્વ ગુણનું પ્રગટપણું ) પ્રાપ્ત થાય. એમ ઉકત ક્રમથી જીવ સંપૂર્ણ સિદ્ધિ ને પામે એ પ્રમાણે સ્તુતિ કર્ત્તા શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કેઃ—પરમાત્માના ચરણ કમલની સેવા ધ્યાન વગેરે પ્રવૃત્તિ કરવાથી પરમાનંદ આત્મિક સુખની પ્રાપ્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૧૦) શ્રી વિશાલ જિન સ્તવન.

પ્રાણીવાણી જિન તણી—એ દેશી.

**દેવ વિશાલ જિણંદની, તમે ધ્યાવો તત્ત્વ સમાધિ રે;**
**ચિદાનંદ રસ અનુભવી, સહજ અકૃત નિરૂપાધિ રે.**
**સહજ અકૃત નિરૂપાધિ, અરિહંત પદ વંદીએ ગુણ વંત રે; ગુણવંત અનંત મહંત સ્તવો ભવ તારણો ભગવંત રે. ૧**

અર્થ.—હે ભવ્યો! શ્રી વિશાલ જિનેશ્વરની તત્ત્વ સમાધિ એવંભુત નયવડે પ્રગટ થઇ છે તેનું તમે ધ્યાન કરો કારણ? જેને પ્રગટ સમાધિ થઈ છે તેનું ધ્યાન કરતાં ધ્યાતા ને પણ સમાધિ પ્રગટ થાય. હે પ્રભો! આપશ્રી ચિદાનંદ આત્મિક અનંત જ્ઞાનાનંદ-ના રસનો અનુભવ કરી રહ્યા છો, વલી તે સહજ છે પણ પૌદ્‌ગલિક રસની જેમ કૃત્રિમ નથી. તેમ અકૃત છે અર્થાત્ કોઇ નો કરેલ નથી વલી આપ નિરૂપાધિક છો પરભાવ રૂપ ઉપાધિ જન્ય નથી સદા અવિનશ્વર છો, અને આપે કર્મ શત્રુને હણેલા છે માટે આપ અરિહંત છો, એવા અનંત ગુણવંત શ્રી પ્રભુના ચરણ કમલને વંદન કરીએ, કારણ? કે આપશ્રી ભવ્યજીવોના તારણહાર છો, પરમ ઐશ્વર્યવાન્ છો.

**ભવ ઉપાધિ ગદ ટાલવા, પ્રભુજી છો વૈદ્ય અમોઘ રે;**
**રત્નત્રયી ઔષધિ કરી, તમે તાર્યા ભવિજન ઓઘરે.**
**તમે તાર્યા ભવિજન ઓઘ, અરિહંત પદ વંદીએ; ગુ૦ ૨**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—ચતુર્ગતિમાં ભ્રમણરૂપ સંસારના કારણભૂત મિથ્યાત્વાદિક જે ઉપાધિ તદ્રૂપ ભાવરોગને ટાલવા આપશ્રી અમોઘ (સફલ) ભાવવૈદ્ય છો. રત્નત્રયી (જ્ઞાન દર્શન ચારિત્ર) રૂપ પરમ ઔષધિ આપીને તમે ભવ્યાત્માઓના સમુહને મિથ્યાત્વાદિક રોગથી નિવૃત્ત કરી મુક્તિ પ્રાપ્ત કરાવી છે. અર્થાત્ જેમ કુશલ વૈદ્યરાજ સન્નિપાતાદિ જ્વરલેણ વ્યાધિને ઉત્તમ ઔષધ આપીને મટાડે છે, તેમ આપશ્રી ભવ્યોના ભાવ રોગ (મિથ્યાત્વાદિક) ને મટાડી નિહાલ (નિરોગ) કરો છો.

**ભવ સમુદ્રજલ તારવા, નિર્યામક સમ જિનરાજ રે;**
**ચરણ જહાજે પામીએ, અક્ષય શિવ નગરનું રાજ**
**રે. અક્ષય શિવ નગરનું રાજ, અરિહંત પદ વંદી-**
**એ. ગુ૦ ૩**

અર્થ.—અત્યંત અપાર સંસારરૂપ સમુદ્રના વિષયરૂપ દુસ્તર જલથી તારવા માટે આપશ્રી નિર્યાયક (ખલાસી) સમાન છો. તમે ચારિત્રરૂપી વહાણમાં બેસાડી અક્ષર મોક્ષ નગરમાં પોંચાડી નિર્ભયરાજ અપાવો છો.

**ભવ અટવી અતિ ગહનથી, પારગ પ્રભુજી સત્થવાહ**
**રે; શુદ્ધ માર્ગ દેશક પણે, યોગ ક્ષેમંકર નાહ રે, યોગ**
**ક્ષેમંકર નાહ, અરિહંત પદ વંદીએ. ગુ૦ ૪**

અર્થ:—સંસાર અટવી અતિશય ગહન ભયંકર છે. તેમાં રાગદ્વેષાદિ ચોરનો સમુદાય મહા નિર્દય છે. તેઓ મુક્તિપુરી પ્રત્યે પ્રયાણ કરતા ભવ્ય જીવોનું જ્ઞાનાદિ દ્રવ્યનું હરણ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીએ છે, પણ જેમ સાર્થવાહ તે ચોરોથી રક્ષણ કરી નિર્ભય સ્થાને પહોંચાડે છે. તેમ આપશ્રી પણ ભાવ સાર્થવાહ છો, કારણ ? શુદ્ધ માર્ગના દર્શક ભોમિયા છો. રાગાદિક શત્રુઓથી રક્ષણ મેળવવા ઉપાય બતાવો છો. વલી આપ યોગ ક્ષેમના કરનાર હોવાથી 'નાથ' છો. "અપ્રાપ્તની પ્રાપ્તિ તે યોગ" એટલે જ્ઞાનાદિક અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર છો, ને "પ્રાપ્ત વસ્તુનું રક્ષણ તે ક્ષેમ" અર્થાત્ આપશ્રી પ્રાપ્ત થયેલ સમ્યક્ દર્શનાદિક ગુણોની રક્ષા કરાવનાર છો.

**રક્ષક જિન છકાયના, વલી મોહ નિવારક સ્વામીરે;**
**શ્રમણ સંઘ રક્ષક સદા, તેણે ગોપ ઇશ અભિરામરે.**
**તેણે ગોપ ઇશ અભિરામ, અરિહંત પદ વંદિએ;**
**ગુણવંતરે૦ ૫**

અર્થઃ—હે કૃપાલુ પ્રભો ! આપશ્રી ભાવ અહિંસક હોવાથી છકાય જીવના રક્ષક છો; અને મોહ કર્મના નિવારક-ટાલનાર છો. કારણ ? તમે સ્વયંમોહને જીત્યો છે માટે અન્યને ઉપદેશ દ્વારા મોહ જીતવાનો સરલ માર્ગ બતાવો છો. વલી આપશ્રી ચતુર્વિધ શ્રી સંઘના રક્ષક છો 'સંઘ' એટલે સમભાવયુક્ત જ્ઞાનાદિગુણ વિશિષ્ટ જે હોય તે તેના સંરક્ષણ કરનાર હોવાથી તમે ગોપ (ગોવાળ) છો જેમ ગોવાળ ગોધનની હિંસક પ્રાણીના ભય વગેરેથી બચાવે છે તેમ આપશ્રી શ્રમણ સંઘને મિથ્યાત્વાદિક ભાવ હિંસકોથી બચાવો છો. વલી આપશ્રી ઇશ્વર છો,—અનંત જ્ઞાનાદિક ભાવ લક્ષ્મી અને પ્રાતિહાર્યાદિક દ્રવ્યશ્રીના વૈભવથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ ઐશ્વર્યયુક્ત છો. ઇંદ્રાદિ દેવો (જે જગતમાં કહેવાતા) તે તો બિચારા રાંકડા છે.

**ભાવ અહિંસક પૂર્ણતા, માહણતા ઉપદેશ રે; ધર્મ અહિંસક નીપન્યો, માહણ જગદીશ વિશેષરે. માહણ જગદીશ વિશેષ, અરિહંત પદ વંદીએ; ગુણવંતરે૦ ૬**

અર્થ.—હે વિશ્વેશ્વર! આપ સંપૂર્ણ અહિંસક છો. કારણ? આપશ્રી સ્વગુણ પર્યાયોને સ્વતંત્રપણે આત્મીય પરિણતિએ પ્રવર્તાવો છો. માટે આપ ભાવ અહિંસક છો, માટેજ આપ ઉપદેશ કરો છો કેઃ—હે ભવ્યો ! કોઇ પણ જીવને હણશો નહિં સર્વ જીવની રક્ષા કરો એ પ્રમાણે 'મા હણતા' નો ઉપદેશ વિશ્વને આપો છો; તેથી આપશ્રી મહા માહણ છો.

**પુષ્ટ કારણ અરિહંતજી, તારક જ્ઞાયક મુનિચંદરે; મોચક સર્વ વિભાવથી, જીપાવે મોહ અરીંદરે. જીપાવે મોહ અરીંદ, અરિહંત પદ વંદીએ; ગુણવંતરે૦ ૭**

અર્થ.—હે પ્રભો ! આપશ્રી ભવ્યજીવોના સત્તાગત રહેલ આત્મ ધર્મરૂપ ઉપાદાન કારણ ને પ્રગટ કરવામાં પરમ બલવાન્ નિમિત્ત છો, ભવ્યજીવના તારક છો. સર્વ દ્રવ્યના ગુણ પર્યાયોને જાણનાર હોવાથી આપશ્રી જ્ઞાયક છો, સર્વ મુનિ રૂપ તારલાઓમાં ચંદ્રસમાન છો. સર્વ વિભાવ પરિણતિ (બંધ ઉદય ઉદીરણા સત્તાદિ) થી છોડાવનાર છો; અને મોહ શત્રુનો જય કરાવનાર છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કામકુંભ સુરમણિ પરે, સહેજે ઉપગારી થાયરે; દેવ૦ ચંદ્ર સુખકર પ્રભુ, ગુણગેહ અમોહ અમાયરે. ગુણગેહ અમોહ અમાય, અરિહંત પદ વંદિયે; ગુણવંતરે૦ ૮**

**અર્થ.**—જેમ કામઘટ ચિંતામણિરત્ન પોતાના અચિંત્ય મહાત્મ્યથી સ્વાર્થ વિના લોકોની દરિદ્રતાનો નાશ કરીને ઉપકારક થવા પામે છે તેમ આપશ્રી આપના અચિંત્ય પ્રભાવથી ભવ્યજનોને મુક્તિનો માર્ગ બતાવી આધિ વ્યાધિ અને ઉપાધિ જન્ય દરિદ્રતાના દુ:ખથી મુકત કરીને અતિશય ઉપકારી થાઓ છો. સ્તુતિકાર શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે:—પ્રભુ શ્રી સુખકર છે-સ્વયં અવ્યાબાધ અનંત સુખના ભોકતા હોવાથી બીજાને સુખના કરનાર છે. અર્થાત્ જે જીવ પ્રભુશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તે તે પરમ સુખ પામે. વલી હે પ્રભો ! આપશ્રી ગુણના ઘર છો અને સર્વથા મોહ તથા માયાનો નાશ કરેલ હોવાથી નિર્મોહી અમાયી છો જોકે મોહમાં માયાનો સમાવેશ થવા પામે છે તથાપિ 'માયા'ની પ્રબલતા બતાવવા સ્વતંત્ર માયાનો નાશ સૂચવેલ છે.

## (૧૧) શ્રી વજ્રંધરજિન સ્તવન.

નદી યમુના કે તીર એ દેશી.

**વિહરમાન ભગવાન સુણો મુજ વીનતિ, જગતારક જગનાથ અછો ત્રિભુવનપતિ; ભાષક લોકાલોક તેણે જાણો છતી, તો પણ વીતક વાત કહું છું તુજ પ્રતિ૦ ૧**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરતા પરમ ઐશ્વર્ય-વાન્ હે શ્રી વજ્રંધર સ્વામી ! તમે મારી વિનંતિ કૃપા કરીને સાંભળો, આપશ્રી જગતના તારક વિશ્વના નાથ અને ત્રિભુવનનાં સ્વામી છો, સુર અસુર અને તેમના અધિપતિ ઇંદ્રો તે પણ આપ શ્રીની સેવા કરનારા છે, આપ લોકાલોકનાં સ્વરૂપને જાણનાર છો, આપ છતી પર્યાય (જ્ઞાન) વડે સર્વજ્ઞ હોવાથી આપશ્રીને કંઈ પણ વસ્તુ અજ્ઞાત નથી. તોપણ હે પ્રભો ! આપ પ્રત્યે (મારૂં) કંઈક વૃત્તાંત નિવેદન કરૂં છું.

**હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પર પુદ્‌ગલે, ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણાજલે; આશ્રવ બંધ વિભાવ કરૂં રુચિ આપણી, ભૂલ્યો મિથ્યાત્વ દોષ દઉં દોષ પરભણી૦ ૨**

અર્થ.—હું અનાદિ કાલથી અજ્ઞાન વશ થઇ સ્વસ્વરૂપને છોડી યાને નિજગુણ રમણ રૂપ ચારિત્રનો ત્યાગ કરી પરભાવ રૂપ પુદ્‌ગલમાં રમ્યો આનંદ પામ્યો; અને વિવિધ વિષય રૂપ તૃષ્ણા-જલમાં ઉલ્લાસ પૂર્વક ન્હાયો વિષયાદિક આશ્રવમાં આસકત થયો થકો ઇષ્ટાનિષ્ટના પ્રસંગથી રાગદ્વેષની પરિણતિ કરી હું કર્મ વર્ગણાથી બંધાઇ રહયો છું. જો કે એ વિભાવ પરિણતિ છે તો પણ હું રૂચિ પૂર્વક આશ્રવની પ્રવૃત્તિ કરી રહયો છું ! મિથ્યા વાસના વડે વસ્તુતઃ તત્ત્વની અનભિજ્ઞતા સ્વપરની અજ્ઞાનતાપૂર્વક દેહાત્મ બુદ્ધિ વડે કર્મનો બંધ કરી રહયો છું !! બાંધેલા કર્મના વિપાકોદય કાલમાં વિવિધ અસહ્ય દુઃખ ભોગવું છું, ત્યારે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય નિમિત્ત માત્ર છતાં બીજાનો દોષ કાઢું છું; પરંતુ પોતાની ભૂલને જોતો નથી. પૂર્વકૃત કર્મનો દોષ અનુભવતો નથી !!!

**અવગુણ ઢાંકણ કાજ કરૂં જિનમત ક્રિયા, ન તજું**
**અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા; દૃષ્ટિ રાગનો**
**પોષ તેહ સમકિત ગણું, સ્યાદ્વાદની રીત ન દેખું**
**નિજપણું૦ ૩**

**અર્થ**:—મારામાં અનાદિ કાલની રહેલી રાગ દ્વેષાદિક અવગુણની પ્રવૃત્તિ મને વ્હાલી થઇ પડી છે ! અને યત્ કિંચિત્ જૈન ધર્મ સંબંધી ક્રિયા સામાયિક પ્રતિક્રમણ પૌષધ દેવ-ગુરૂવંદન અને શાસ્ત્રાભ્યાસાદિકની પ્રવૃત્તિ કરી રહ્યો છું, તે પણ પોતાના દોષને ઢાંકવા માટે, જો હું આ પ્રવૃત્તિ કરીશ તો મારો યશઃ થશે લોકો મને ઉત્તમ માનશે, અથવા માયાદિશલ્ય ત્રય પૂર્વક ઇહ લોકાદિ પૌદ્ગલિક સુખની અભિલાષા માટે ક્રિયા કરી રહ્યો છું ! પરંતુ નિષ્કામ ( નિરાશંસ ) ભાવે તદ્દ્હેતુ કિંવા અમૃતાનુષ્ઠાન પણે શુદ્ધ ક્રિયા કરતો નથી. વળી કુલ પરંપરાએ પોતાના ગચ્છના સાધુઓનેજ ગુરૂ માનીને વીતરાગ દેવે કથિત તત્ત્વના જાણનાર અને યથાર્થ પ્રરૂપણાના કરનાર યથાશક્તિ ચારિત્રના આચરનાર અન્યગચ્છના સદ્ગુરૂની ઉપેક્ષા તિરસ્કાર કરતો થકો અવિધિ માર્ગમાં પ્રવૃત્તિ કરવાથી વિધિ માર્ગનો અરસિક અનીચ્છક થયો. અર્થાત્ હું એ પ્રમાણે દૃષ્ટિરાગી થયો ! અને દૃષ્ટિરાગનું પોષવું તેનેજ મેં સમકિત માન્યું-માની રહ્યો છું. પરંતુ સ્યાદ્વાદ શૈલિએ અનેકાંત દૃષ્ટિએ હું સમ્યક્ શ્રદ્ધાન પૂર્વક નવતત્ત્વના યથાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનથી વિમુખ થયો, ખાસ કરીને મેં નયગમ ભંગ અને પ્રમાણ વડે આત્મ ( જીવ ) તત્ત્વને જાણ્યું નહિં

**મન તનુચપલસ્વભાવ વચન એકાંતતા, વસ્તુ અનંત સ્વભાવ ન ભાસે જે છતા; જે લોકોત્તર દેવ નમું લૌકિકથી, દુર્લભ સિદ્ધ સ્વભાવ પ્રભો તહકીકથી ૪**

અર્થ—હે પ્રભો ! મારૂં મન અને શરીર બન્ને અસ્થિર સ્વભાવ વાલા છે, તેથી પાંચ ઇંદ્રિયના વિષયોમાં આનંદ પૂર્વક પ્રવૃત્તિ કરી રહેલ છે. વલી વચન ( વાણી ) ની પ્રવૃત્તિ એકાંત પક્ષવાળી છે. અર્થાત્ અનેકાંત ( સ્યાદ્વાદ ) નું મને ભાન ન હોવાથી દુર્નય ( અમુક એકજ નય ) નો પક્ષ ગ્રહણ કરી અનંત ધર્માત્મક વસ્તુ છતાં એકજ ધર્મ ( સ્વભાવ ) નીજ વકતવ્યતા ( કથનપણું ) કરી રહયો છું-અનંત ગૌણ ધર્મનું મને જ્ઞાન પણ નથી અર્થાત અભિલાપ્ય ( કહેવા યોગ્ય ) ભાવથી અનભિલાપ્ય ( વચનથી ન કહેવા યોગ્ય ) ભાવ અનંત ગુણ છે, એમ મેં જાણ્યુંજ નહિં તેથી હું કેટલીક વખત ભાન ભૂલ્યો, જેથી લોકોત્તર દેવ વીતરાગ પ્રભુને લૌકિક ભાવથી હું નમ્યો, ઉપ લક્ષણથી વંદન વગેરે પ્રવૃત્તિકરી એટલે ? લોકોત્તર મિથ્યાત્વના ઉદયથી કિંવા લૌકિક ધર્મના સબંધથી અન્યદેવોની માફક શ્રી વીતરાગ દેવને સુખ દુઃખના દાતા અને કર્ત્તા હતા જાણી આ લોકના સુખ માટે હું તેમને નમન કરતો, સ્તવતો લૌકિક સુખની માગણી કરતો, આ બધી પ્રવૃત્તિ કુલાચારથી લૌકિક દૃષ્ટિએ કરી મહા દુઃખે કરી પ્રાપ્ત કરી શકાય એવો સિદ્ધ સ્વભાવ તો વીતરાગનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાર્થ સ્વરુપ સમજી તે સ્વરૂપ પોતાના આત્માનુંજ છે એમ ચોક્કસ કરી વીતરાગ દેવનું ધ્યાન કરવાથી જ પ્રાપ્તિ થાય, અન્યાથા ન થાય.

**મહા વિદેહ મુઝાર કે તારક જિનવરૂ, શ્રીવજ્રંધર અરિહંત અનંત ગુણા કરૂ; તે નિર્યામક શ્રેષ્ઠ સહી મુજ તારસે, મહા વૈદ્ય ગુણ યોગ રોગ ભવ વારસે૦ ૫**

અર્થઃ—મહા વિદેહ ક્ષેત્રને વિષે વર્તમાન કાલે વિચરતા કર્મ શત્રુને નાશ કરનાર શ્રી વજ્રંધર સ્વામી અનંત જ્ઞાનાદિક ગુણની ખાણ છે. ભવ્ય જીવોને સંસાર સમુદ્રથી તારનાર હોવાથી 'તારક' છે નિર્યામક છે, માટે મને પણ ચોક્કસ તારશે. વલી તેઓશ્રી મહાવૈદ્ય ( ભાવ વૈદ્યરાજ ) હોવાથી મારા અંતરના રાગ દ્વેષાદીક રોગને દૂર કરશે, એવો વીશ્વાસ છે.

**પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ સુણે જો માહરો, તો પામે પ્રમોદ એહ ચેતન ખરો; થાય શિવપદ આશ રાશિ સુખવૃંદની, સહજ સ્વતંત્ર સ્વરૂપ ખાણ આનંદની૦ ૬**

અર્થઃ—જેનામાં પલટવાનો સ્વભાવ હોયતે ભવ્યાત્મા, જેમ મિથ્યાત્વીની સ્થિતિમાંથી પલટીને સમકિતી થવું તે ભવ્યાત્મા પોતાના કાર્ય ( મોક્ષ ) ની સિદ્ધિ કરવા માટે યોગ્ય થાય છે. જેનામાં પલટવાપણું નથી તે અર્થાત્ અનાદિ અનંતકાલ મિથ્યાત્વ ભાવમાં રહેવાથી મોક્ષ મેળવવાને અયોગ્ય તે અભવ્ય કહેવાય છે, જ્યારે હું પ્રભુશ્રીના મુખ થકી એમ સાંભળું કેઃ-'તું ભવ્ય છો' ત્યારે મારો આત્મા પ્રમોદભાવ પામે, અને અનંત અવ્યાબાધ સુખના સ્થાનરૂપ મોક્ષપદની મને આશા બંધાય. અને સહજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્ર અને આનંદ સ્વરૂપ સુખના ભંડારની સાદિ અનંત ભાંગે મને પ્રાપ્ત થશે એમ ચોકકસ થાય.

**વલગ્યા જે પ્રભુ નામ ધામ તે ગુણતણા, ધારો ચેતન રામ એહ સ્થિરવાસના; દેવચંદ્ર જિનચંદ્ર હૃદયે સ્થિર સ્થાપજો, જિન આણા યુત ભક્તિ શકિત મુજ આપજો૦ ૭**

અર્થ.—હે પરમાત્મન્! જે ભવ્યાત્મા આપશ્રીના પવિત્ર નામને વિષે પોતાનું ચિત્ત લગાડે છે તન્મય થાય છે તેને ગુણવાન્ જાણવા, માટે હે ચેતન રામ ! તું પણ શાંતિ અને સ્થિરતા પૂર્વક એ વાસના ( શ્રદ્ધાન ) ધારણ કર બીજે ઠેકાણેથી ચિત્તને નિવૃત્ત કર વલી સ્તુતિકાર શ્રી દેવચંદ્રજી કહે છે કેઃ–શ્રી જિનચંદ્રને હૃદય કમલમાં સ્થિર કરીને સ્થાપજો કયારે પણ વીસારશો નહિં. હે પ્રભો ! મને જિનાજ્ઞા પૂર્વક ભકિત કરવાની શકિત આપશો કારણ ? આજ્ઞા વિનાની માત્ર ક્રિયા નિષ્ફલ છે. માટે પૂજન વંદન તપ જપ જ્ઞાન ધ્યાન વગેરે પ્રવૃત્તિમાં ' આજ્ઞા ' જ પ્રધાન છે. એમ સ્તુતિકારનું માનવું છે–( શાસ્ત્ર પણ તેમજ કહે છે ) માટેજ સ્તુતિકારે પણ આજ્ઞા પૂર્વક ભકિતની શક્તિ પ્રાપ્ત કરવા માગણી કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૧૨) શ્રી ચંદ્રાનન જિન સ્તવન.

વીરા ચાંદલા એ દેશી.

**ચંદ્રાનન જિન ! સાંભલીએ અરદાસરે, મુજ સેવક ભણી; છે પ્રભુનો વિશ્વાસરે ચંદ્રાનન જિન સાં. અ૦ ૧**

અર્થ. હે ચંદ્રાનન પ્રભો ! મારી અરજી સાંભલો " આ સેવકનો આપશ્રી ચોક્કસ ઉદ્ધાર કરશો " એવો મને ચોક્કસ વિશ્વાસ છે કારણ ? જે સ્વયં બંધનથી મુક્ત થયેલ હોય તે બીજાને છોડાવી શકે માટેજ આપશ્રી મને કર્મ થકી મુકાવશો.

**ભરત ક્ષેત્રમા નવ પણુંરે, લાધું દુઃષમકાલ; જિન-પૂર્વધર વિરહથીરે, દુલ્લહો સાધન ચાલરે. ચં૦ ૨**

અર્થ.—ભારત ભૂમિ ( આર્યક્ષેત્ર ) અને સામગ્રી સહિત મનુષ્ય જન્મ, પૂર્વના પુણ્યોદયે મલ્યો છે પરંતુ તે દુષમકાલમાં પ્રાપ્ત થયું છે જો કે મને જૈનધર્મની પ્રાપ્તિ થઇ છે તો પણ તીર્થંકર કેવલજ્ઞાની મનપર્યવજ્ઞાની અવધિજ્ઞાની ચૌદ પૂર્વી અને દશ પૂર્વી મુનિઓનો પરમ વિયોગ હોવાથી સત્યને શુદ્ધ માર્ગ સાધવાનો દુર્લભ થઈ પડયો છે ! " કારણ ? પૂર્વોકત પુરૂષોના વચનો પ્રમાણ યુક્ત નિઃસંદેહ હોવાથી પ્રમાણ ભૂત હોય છે. કદાચ કોઇને સંદહ પડે તો તેઓ નિવારણ કરી શકે અને ઉન્માર્ગે જનારને શુદ્ધ માર્ગ બતાવે તેવા મહાપુરૂષોનો વર્તમાન કાલમાં યોગ નહિ હોવાથી ઘણા મતભેદને લઇ અન્યોન્ય ધાર્મિક ઝગડાઓમાં ફસાઇ પોતાના પક્ષને સ્થાપન કરવા કમ્મર કસે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા સંજોગોમાં આત્મ ધર્મની પ્રાપ્તિ સુસાધ્ય નહિં પરંતુ દુઃસાધ્ય છે અર્થાત્ આત્મિક ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે. ”

**દ્રવ્ય ક્રિયા રૂચિ જીવડારે, ભાવ ધર્મ રૂચિ હીન; ઉપદેશક પણ તેહવારે, શું કરે જીવ નવીન રે. ચં૦ ૩**

**અર્થ.**—વર્તમાન કાલમાં પ્રાયઃ જીવો દ્રવ્ય ક્રિયાની રૂચિવાલા છે. અર્થાત્ સામાયિક પ્રતિક્રમણ પૌષધ જિનપૂજન યાત્રા ઉદ્યાપન સાધર્મી વાત્સલ્ય વગેરે શ્રાવકોચિત પ્રવૃત્તિ, અને પંચ સમિતિ ત્રણ ગુપ્તિ પરિષહ સહન લોચાદિક કષ્ટ વગેરે મુનિને યોગ્ય દ્રવ્યક્રિયાના કરનાર જીવોની બહુલતા છે પરંતુ તે ક્રિયાઓ ભાવ ધર્મ સમ્યક જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ અંતરંગ ધર્મની રૂચિવગર સાધ્ય નિરપેક્ષપણે કરવામાં આવે છે કારણ ? અંતરંગ ધર્મનું ભાન ન હોવાથી અંતરંગ ધર્મની શ્રદ્ધા અને જ્ઞાન પૂર્વક પ્રાપ્તિ, ગીતાર્થ સદ્ગુરૂના ઉપદેશ વડે થાય પરંતુ વર્તમાન કાલે ઉપદેશકો ધર્મ ગુરૂઓ પણ પ્રાયઃ ભાવધર્મની રૂચિવગર માત્ર બાહ્ય ક્રિયાના રસિક આચરણ કરનાર જોવામાં આવે છે. કારણ ? અતરંગ ધર્મની પ્રાપ્તિ તેઓને પણ થયેલ નથી એટલે તે સ્વયં બાહ્ય ક્રિયામાં રાચેલા હોઇને અન્યને પણ કુલાચાર ક્રિયા કરાવે છે, જેને લઈને બાપડા સંસારી જીવો ચાલી આવતી રૂઢી ક્રિયાથી બીજુ નવીન શું કરી શકે ? અનંત કાલથી અંતરંગ ( ભાવ ) ધર્મની પ્રાપ્તિ થયેલ નથી એજ ( અંતરંગ ધર્મ ) અપૂર્વ નવીન છે.

**તત્ત્વાગમ જાણુંગ તજીરે, બહુજન સમ્મત જેહ; મૂઢ હઠી જન આદર્યો રે, સુગુરૂ કહાવે તેહરે. ચં૦ ૪**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—હે પ્રભો! આપશ્રીએ કહેલ પરમ તત્ત્વરૂપ આગમ યથાર્થ જાણનાર સદ્ગુરૂને છોડીને તત્ત્વાગમના અજ્ઞાત બહુલ મૂઢ અને કદાગ્રહી લોકોએ આગ્રહ પૂર્વક સ્વીકાર કરાયેલા એવા કુગુરૂઓ સદ્ગુરૂનું નામ ધરાવે છે; અને તથા રૂપે જગતમાં પ્રસિદ્ધિ મેળવે છે.

**આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો ધર્મ; દર્શન જ્ઞાન ચરિત્તનો રે, મૂલ ન જાણ્યો મર્મ રે. ચં૦ ૫**

અર્થ.—આજ્ઞાએ સર્વ તપ સંયમાદિ ધર્મ છે, એમ શાસ્ત્રીય કથન છે. પરંતુ લોકો આજ્ઞાનું ઉલ્લંઘન કરી વિધિ માર્ગનો લોપ કરી અવિધિ માર્ગમાં પ્રવૃત્તિ કરી રહ્યા છે; અને અવિધિ પૂર્વક ક્રિયાને ધર્મ માની રહેલા છે. પરંતુ "**सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्ग.**" એ મૂલ માર્ગનો મર્મ જાણવો જોઇએ તે આ પ્રમાણેઃ-જીવાદિક નવ પદાર્થનું યથાર્થ શ્રદ્ધાન (પ્રતિતી) તે સમ્યક્ દર્શન, નયનિક્ષેપાદિ સહિત નવ તત્વનું યથાર્થ જાણપણું તે જ્ઞાન; અને જ્ઞાન દર્શનમાં રમણતા પૂર્વક સંવર નિર્જરાનું ગ્રહણથી આશ્રવ બંધની પરિણતિનો ત્યાગ તે ચારિત્ર. એ લક્ષ્ય થયા વિના દ્રવ્ય ક્રિયા નિરર્થક છે. મોક્ષના ફલ વગરની છે.

**ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ; આતમ ગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે. ચં૦ ૬**

અર્થ.—વર્તમાન કાલે દુષમ કાલના યોગે આત્મિક ધર્મની ઓળખાણ વિના જીવાત્માઓ સ્વગચ્છ-મતની મમત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાગ્રહમાંજ ધર્મ માનીને કહે છે કેઃ–અમારા ગચ્છની પ્રતિક્રમણાદિક ક્રિયા કરવાથીજ કલ્યાણ છે, અમુક સમાચારીજ શાસ્ત્ર પ્રમાણે છે તેનાથીજ મોક્ષ માર્ગનો લાભ મળે છે ઇત્યાદિ અનેક વ્યવહારિક ભેદોપભેદના ઝગડા ઉભા કરે છે જેવાં કે, ઇરિયાવહિયાનો, મુહપત્તિનો, અધિક માસનો વગેરે વગેરેનો વિતંડાવાદ કરી મતાભિનિવેશથી અન્યોન્ય ‘ઉત્સૂત્ર ભાષી’ કહી કલેશ ઉત્પન્ન કરે છે! પરંતુ સ્યાદ્વાદ શૈલિના ઉપાસકને કશા ઝગડામાં પડવાની જરૂરજ ન હોય. કારણ કે તેઓએ સિદ્ધાંત ( નિશ્ચય ) કરેલ છે કે “ સાધ્ય એક અને સાધન અનેક છે ” એટલે તેઓને ગચ્છમતનું મમત્વ હોયજ નહિ. મમત્વમાં કષાયની કલુષતા હોય છે અને શુદ્ધ ધર્મ અકષાયતા ( અમમત્વ છે )

**તત્ત્વ રસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ;**
**જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિવાદ રે. ચં૦ ૭**

અર્થ.—હે જિનેશ્વર! પરમાર્થતઃ તાત્વિક વસ્તુને ઓળખી આત્મ સ્વરૂપમાં રમમાણ થઇ માધ્યસ્થ વૃત્તિના ધારક વિરલ મનુષ્યો હોય છે. પરંતુ ગચ્છ મતના મમત્વને લઇને શુષ્કવાદ કે વિતંડાવાદને કરનાર બહુલ જીવાત્માઓ હોય છે. શ્રીમાન્ મોહન વિજયજીએ કહેલું છે કેઃ–મતમત જનક મમત્વતા, સિદ્ધિ જનક અમમત્વ; ધન્યગણે સમભાવ જે, મત અનેક એકત્વ ૧. માટે મતમમત્વને લઇને સંપ્રતિ કાલના કહેવાતા જૈનોની પરસ્પર વિવાદ વગેરે પ્રવૃત્તિને આપશ્રી લોકાલોક ભાસ્કર રૂપ કેવલજ્ઞાન વડે જાણી રહ્યા છો. સ્તુતિકાર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ ગીતાર્થ અને ગચ્છમતની મમતા વિગરના હતા. એટલેજ ઉપર્યુક્ત હકીકતથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેદ પામીને પરમાત્માની પાસે તેઓશ્રીએ પ્રાર્થના કરેલ છે. એઓશ્રીનો અંતર અભિપ્રાય એ છે કે આજ્ઞા પ્રધાન બનીને રાગદ્વેષની પરિણુતિ ઘટાડવા પ્રયત્ન કરવો, સર્વથી મૈત્રી ભાવ ઉત્પન્ન કરવો, સત્ય શુદ્ધ જૈનત્વને જાણી આત્મશ્રેયઃના માર્ગે યથાશકિત આગળ વધવુ. આનાથી જે વિપરીત થવા પામે એ શું આ વિષમ કાળનો પ્રભાવ કહી શકાય કે બીજું કંઇ ?

**નાથ ચરણુ વંદન તણોરે, મનમાં ઘણો ઉમંગ; પુણ્ય વિના કેમ પામીએરે, પ્રભુ સેવનનો રંગરે ચં૦ ૮**

અર્થ,—યોગ ક્ષેમના કરનાર પરમાત્માના ચરણુ કમલ પ્રત્યે વંદન કરવાનો મારા મનમાં અતિ ઉમંગ છે. પરંતુ તે અભિલાષ તો પુણ્યાનુબંધિ પુણ્યના ઉદય વિના કેમ પાર પડે? અનાદિ કાલથી ભવચક્રમાં પરિભ્રમણુ કરતાં જીવાત્માએ વીતરાગ પ્રભુની શુદ્ધ પ્રણિધાન પૂર્વક સેવા કરી નથી, જો એક વખત પણુ શાસ્ત્રોકત રીતિએ પ્રભુની સેવા થાય તો સંપુર્ણ કાર્યની સિદ્ધિ થાય મતલબ કે શ્રી વીતરાગ દેવની સુપ્રશસ્ત રાગથી કરાયેલી સેવા અપ્રશસ્ત કામરાગાદિકનો નાશ કરી ક્ષાયોપશમિક ધર્મને પ્રાપ્ત કરાવે છે; અને છેવટમાં એ પ્રશસ્તનો પણુ નાશ કરી ક્ષાયિક ધર્મને પ્રાપ્ત કરાવે છે.

**જગતારક પ્રભુ વંદીએરે, મહાવિદેહ મુઝાર; વસ્તુ ધર્મ સ્યાદ્વાદતારે, સુણી કરીએ નિરધારરે ચં૦ ૯**

અર્થ.—મહાવિદેહમાં વિચરતા, સંસાર સમુદ્રથી ભવ્ય જીવોને તારનાર એવા પ્રભુને પવિત્ર ભાવે વંદન કરીએ. તેઓશ્રીના મુખથી અનંત ધર્માત્મક વસ્તુના સ્વભાવને, સ્યાદ્વાદની પદ્ધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિએ સાંભલીએ; નય નિક્ષેપ પ્રમાણુ સપ્તભંગી વગેરેથી નિર્ધાર ( ચોકકસ ) કરીએ ત્યારેજ સમ્યક્ જ્ઞાન થાય.

**તુજ કરુણા સહુ ઉપરેરે, સરખી છે મહારાય; પણ અવિરાધક જીવનેરે, કારણ સફલો થાય; ચં૦ ૧૦**

**અર્થ.**—હે કરૂણાસાગર પ્રભો ! આપશ્રીએ " સવીજીવ કરૂં શાસનરસી " એ ભાવના યોગે તીર્થંકર નામ કર્મને ગત ત્રીજા ભવમાં બાંધેલ તે વર્તમાનમાં તમને વિપાકોદયે વર્તે છે; તેથી આપ શ્રીમાન્ અનંત કૃપાના નિધાન છો. આપશ્રીનો સર્વ જીવાત્માઓ પ્રત્યે સમાનભાવ વર્તે છે. જેમ સૂર્ય સર્વને પ્રકાશ આપે છે. વૃષ્ટિ સર્વત્ર વરસે છે તેમ આપશ્રીની દયા સર્વ ઉપર છે. તથાપિ કોઇક વિરાધક જીવને આપશ્રીનું નિમિત્ત કારણ, ઘૂવડને સૂર્ય અને મગશેલીઆ ને વર્ષાદના ન્યાયે સફલ ન થાય તેમાં તે જીવોનો દોષ છે. પરંતુ અવિરાધક જીવાત્મા તો આપશ્રીની આજ્ઞા પ્રમાણે ચાલે તેથી આપશ્રીનું નિમિત્ત તેને સફલ થાય.

**એહવા પણ ભવ્ય જીવને, દેવ ભક્તિ આધાર; પ્રભુ સ્મરણથી પામીએ, દેવચંદ્ર પદ સારરે ચં૦ ૧૧**

**અર્થ.**—પૂર્વોક્ત અવિરાધક જીવોને તો આપ દેવાધિ દેવની ભક્તિનો પરમ આધાર છે પરંતુ જે વિરાધક જીવો છે તે પણ ( જો ભવ્ય હોય તો ) પરમાત્માની સેવા કરવાથી આરાધક થાય, તેની પણ દશા પલટાય, પ્રભુના સ્મરણથી દેવમાં શ્રેષ્ઠ ચંદ્રવત્ પરમાત્મ પદને મેળવીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૧૩) ચંદ્રબાહુ જિન સ્તવન.

શ્રી અરનાથ ઉપાસના એ દેશી.

**ચંદ્રબાહુ જિન સેવના, ભવનાસિની તેહ;**
**પર પરિણુતિ નાપાશને, નિષ્કાશન રેહ ચંદ્ર૦ ૧**

**અર્થ.**—નિષ્કામ વૃત્તિ પૂર્વક સાધ્ય સાપેક્ષપણે શ્રી ચંદ્રબાહુ જિનેશ્વરની ભક્તિ કરવાથી ચતુર્ગતિ સંસાર ભ્રમણનો નાશ થાય છે અનંતકાલીન પર પરિણુતિનો પાસ ( બંધન ) ચેતનને લાગેલ છે તેથીજ વિવિધ ઇષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ દ્વેષની પ્રવૃત્તિથી જીવ બંધ દશાને પામે છે, તે બંધ દશા રોગને ટાળવા માટે પણ પરમાત્માની સેવા અમૂલ ઔષધ છે કે તેથી પરભાવની પરિણુતિ રૂપ વ્યાધિ દૂર થવા પામે છે.

**પુદ્ગલભાવ આસંસના, ઉદ્દાસન કેતુ; ( હેતુ ? )**
**સમ્યક્ દર્શન વાસના, ભાસન ચરણ સમેત ચંદ્ર૦ ૨**

**અર્થ.**—અનંત કાલથી જીવાત્મા સ્વ સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો પરભાવના ગ્રાહક વ્યાપકપણાથી અશુદ્ધ રાગ ભાવની પરિણુતિએ પુદ્ગલ ભાવની ઇચ્છા કરે છે એટલુંજ નહિં પરંતુ તેને પોતાના માનીને દેહાધ્યાસ વડે પોતાના સ્વરૂપનું ભાન ભૂલી ગયો. જ્યારે ભેદ જ્ઞાન ( જડ ચેતનનું પ્રથક્ કરણ ) થયું, ત્યારે આત્માને પુદ્ગલથી ભિન્ન જાણુવાથી આત્મા પૈદ્ગલિક અભિલાષા રહિત થયો, તે પરમાત્માની સેવાના નિમિત્તને લઇને, કારણ ? પ્રભુની સેવા, પૌદ્ગલિક ઇચ્છાનો નાશ કરવામાં પુષ્ટ હેતુ છે તે સમ્યક્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસના પૂર્વક હોવી જોઇએ, કારણ ? સમ્યક્ વાસનાથી સ્વસ્વરૂપનો કર્તાને ભોકતા છું એવું શ્રદ્ધાન થવા પામે છે, જો કે તે વાસના પણ સમ્યક્ જ્ઞાનથી થાય છે, ત્યારે જીવાત્મા સમ્યક્ દર્શન અને સમ્યક જ્ઞાનમાં રમણ કરનાર એટલે ચારિત્ર યુકત થાય છે.

**ત્રિકરણ યોગ પ્રશંસના, ગુણ સ્તવના રંગ;**
**વંદન પૂજન ભાવના નિજ પાવના અંગ. ચં૰ ૩**

અર્થ.—પ્રશસ્ત મન વચન અને કાયાના યોગ વડે શ્રી તીર્થંકરની કીર્તિ ( યશઃ વાદ ) પૂર્વક તેમના અનંત જ્ઞાનાદિ ગુણની ( હૃદયના અભંગ ) ઉમંગથી સ્તુતિ કરવી. વંદન ( કર-જોડન ) નમન ( સોલ્લાસ મસ્તક નમાવવું ) કરવું અને ચંદનાદિક પવિત્ર દ્રવ્ય વડે ભક્તિ પૂર્વક વિવિધ ભેદે પૂજન કરવું, એ દ્રવ્ય પૂજા છે અને અંતરંગ પ્રેમ સહિત આત્મ પરિણામની નિર્મલતા તે ભાવ પૂજા છે. દ્રવ્ય પૂજન ભાવના પૂર્વક હોવું જોઇએ, ગાડરિયા પ્રવાહે ન થવું જોઇએ, સાધક દશામાં રહીને સાધ્યની સાથે અભેદતાની વિચારણા રૂપ ભાવના વડે વંદન નમન અને પૂજન શ્રેયસ્કર છે. તેથીજ પોતાના આત્માની પવિત્રતા નિરાવરણતા પ્રાપ્ત થાય છે.

**પરમાતમ પદ કામના, કામ નાશન તેહ;**
**સત્તા ધર્મ પ્રકાશના, કરવા ગુણ ગેહ. ચં૰ ૪**

અર્થ.—કેવલ જ્ઞાનાદિ અનંત ગુણની પ્રગટતા નિરાવરણતા રૂપ પરમાત્મ પદની અભિલાષા ( જ્ઞાનાદિ ગુણ પ્રગટ કરવાની રૂચિ ) તે પંચેંદ્રિયના વિષયોનાં અભિલાષને નાશ કરનાર છે, જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જીવાત્મા શુદ્ધ સંગ્રહ નયથી સત્તાએ સિદ્ધ ( પરમાત્મા ) સમાન છે; તથાપિ વ્યકત ભાવે નથી પરંતુ સાધક, સાધ્ય રૂચિ જ્યારે થાય ત્યારે પરમાત્મ પદની ક્રમશ સિદ્ધિ થાય, ઉપાદાન કારણ તો આપણો આત્માજ છે, પણ તેને પ્રગટ કરવામાં શ્રી જિનેશ્વર દેવ પુષ્ટ હેતુ છે. વ્યક્ત ( પ્રગટ ) ગુણવાન્‌ની સેવા કરતાં પોતાના ગુણ પ્રગટ થાય.

**પરમેશ્વર આલંબના, રાચ્યા જેહ જીવ;**
**નિર્મલ સાધ્યની સાધના, સાધે તેહ સદીવ ચંદ્ર૦ ૫**

અર્થ.—જે જીવો પરમૈશ્વર્યવાન્ પરમ ગુણિ શ્રી વીતરાગ પ્રભુનું અવલંબન ગ્રહણ કરે છે, પ્રભુ ભકિતમાં તલ્લીન થાય છે; તે જીવો પરમ શુદ્ધ પરમાત્મપદ રૂપ સાધ્યને સદાય સાધે છે.

**પરમાનંદ ઉપાયવા, પ્રભુ પુષ્ટ ઉપાય;**
**તુજ સમતારસ સેવતાં, પર સેવ ન થાય ચંદ્ર૦ ૬**

અર્થ.—હે પ્રભો ! મારૂં પરમાનંદ ( પદ ) પ્રગટ કરવામાં આપશ્રી ઉત્તમ નિમિત્ત છો ઉંચામાં ઉંચા ઉપાયરૂપ છો. હે પ્રભો ! તમારા જેવા પરમ તારકની સેવા કરનાર જીવાત્માથી ક્યારે પણ અન્ય દેવોની સેવા ઉપાસના નજ થાય જો કે નિશ્ચયથી તો તે જીવાત્મા પૌદ્‌ગલિક પરિણતિનું સેવન અંગીકાર કરવાપણું પણ ન કરે પરંતુ તમારી સેવાથી કેવલ પોતાના શુદ્ધ આત્માની સેવા થાય છે.

**શુદ્ધાતમ સંપત્તિ તણા, તમે કારણ સાર;**
**દેવચંદ્ર અરિહંતની, સેવા સુખકાર. ચંદ્ર૦ ૭**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—આત્મ દ્રવ્યથી અભિન્ન સર્વ પુદ્ગલના સબંધ રહિત અનંત સ્વગુણ લક્ષ્મીના આપશ્રીમાન્ ઉત્તમ નિમત્ત કારણ છો. દેવાધિ દેવ શ્રી અરિહંતની સેવા યાને તેમની આજ્ઞાએ પ્રવૃત્તિ કરવી તે સુખકારક છે.

# (૧૪) શ્રી ભુજંગ સ્વામીજિન સ્તવન.

**પુષ્કલાવતી વિજયે હોકે વિચરે તીર્થપતિ, પ્રભુ ચરણને સેવે હોકે સુરનર અસુરપતિ; જસ ગુણ પ્રગટયા હોકે સર્વ પ્રદેશમાં, આતમ ગુણની હોકે વિકસી અનંત રમા ૧**

અર્થ.—પુષ્કરવર દ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની પુષ્કલાવતી વિજયમાં વિચરતા, સમ્મક્ દર્શન અને જ્ઞાનના ભાજન રૂપ ચતુર્વિધ તીર્થના સ્થાપન કરનાર તીર્થના સ્વામી શ્રી ભુંજગ દેવ પ્રભુના ચરણની સેવા, ચતુર્નિકાયના દેવ અને ઇંદ્રો મનુષ્યોને નરેદ્રો વગેરે કરે છે. કારણ ? જેમના ગુણો સર્વાત્મ પ્રદેશમાં શુદ્ધ ક્ષાયક ભાવે પ્રગટ થયા છે. તેથી આત્માના અનંત સ્વાભાવિક ગુણ રૂપ લક્ષ્મી અતિશય શોભે છે વિકસિત થઇ છે. તે લક્ષ્મીના આપશ્રી ભોકતા છો.

**સામાન્ય સ્વભાવની હોકે પરિણતિ અસહાયી, ધર્મ વિશેષની હોકે ગુણને અનુયાયી; ગુણ સકલ પ્રદેશે હોકે નિજ નિજ કાર્ય કરે, સમુદાય પ્રવર્તે હોકે કર્ત્તા ભાવ ધરે ૨**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—વસ્તુ ( પ્રત્યેક દ્રવ્ય ) માં અનંત સામાન્ય સ્વભાવ અને વિશેષ સ્વભાવ છે. સામાન્ય સ્વભાવ વિના વસ્તુની અસ્તી ( છતી ) નહિં અને વિશેષ સ્વભાવ વિના કાર્ય થઇ શકે નહિં સામાન્ય સ્વભાવ તે દ્રવ્યાસ્તિક નયની અપક્ષાએ અને વિશેષ સ્વભાવ તે પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ છે. જે સ્વભાવમાં એકપણું નિત્યપણું નિરવયવપણું અક્રિયપણું અને સર્વગતપણું હોય તે સામાન્ય સ્વભાવ કહેવાય છે; તે મૂલ છ પ્રકારના હોય છે. તેનાં નામ ૧ અસ્તિત્વં ૨ વસ્તુત્વં ૩ દ્રવ્યત્વં ૪ પ્રમેયત્વં ૫ સત્ત્વં અને અગુરૂ લઘુત્વં. ઉત્તર સામાન્ય સ્વભાવ અનંત છે. તે સર્વ દ્રવ્યમાં પોતાના પરિણામિક પણાથી પરિણમી રહ્યા છે પરંતુ અન્યની સહાયતા નથી. વિશેષ સ્વભાવની પરિણતિ તે સ્વગુણને અનુયાયિની હોય છે. જેમ જ્ઞાયકતા ( સ્વભાવ ) જ્ઞાન ગુણને અનુસરે છે અનુયાયી થાય છે પશ્યતા, એ દર્શણ ગુણને અનુસરે છે. એમ ચારિત્રાદિક વિશેષ સ્વભાવની પરિણતિ સ્વગુણોનેજ અનુકૂલ પ્રવૃત્તિ કરે છે. હે પ્રભો! આપશ્રીના અનંત ગુણો પ્રત્યેક પ્રદેશે સ્વસ્થાનમાં રહીનેજ પોત પોતાનું ભિન્ન ભિન્ન કાર્ય કરે છે, જેમ જ્ઞાન ગુણ જાણવાનું કાર્ય કરે છે, દર્શન ગુણ દેખવાનું કાર્ય કરે છે; એમ દરેક ગુણ માટે જાણવું. તે પણ સર્વ પ્રદેશ એકઠા મલીને સામુદાયિક કાર્ય કરે છે, પરંતુ અમૂક પ્રદેશ કાર્ય કરે અને અમૂક પ્રદેશ કાર્ય ન કરે એમ નહિં. અર્થાત્ સર્વ પ્રદેશ કાર્ય કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જડ દ્રવ્યે ચતુષ્કે હો કે કર્ત્તા ભાવ નહિં, સર્વ પ્રદેશે હો કે વૃત્તિ વિભિન્ન કહી, ચેતન દ્રવ્યને હોકે સકલ પ્રદેશે મિલે, ગુણ વર્ત્તના વર્તે હોકે વસ્તુને સહજ બલે. ૩.**

અર્થ—ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય, એ ચાર જડ દ્રવ્યમાં કર્ત્તાપણું નથી, કારણ ? તેઓના સર્વ પ્રદેશ એકઠા મલીને કાર્ય કરતા નથી. પરંતુ ભિન્ન ભિન્ન પ્રદેશ જૂદું જૂદું કાર્ય કરે છે, ભિન્નવૃત્તિ હોવાને લીધે તે જડ દ્રવ્ય ચતુષ્કમાં કર્તૃત્વ હોઇ શકે નહિં, અને કાલ દ્રવ્ય તો ઔપચારિક દ્રવ્ય છે. જીવદ્રવ્યનો સ્વભાવજ એવો છે કે તેના દરેક પ્રદેશે અનંત ગુણ–અવિભાગ ( પર્યાય ) છે. તે સર્વ ગુણાવિભાગો એકત્ર મલીને સામુદાયિક કાર્ય કરેછે. એમ થવું તે વસ્તુનો સહજ સ્વભાવ છે.

**સંકર સહકારી હોકે સહેજે ગુણવર્તે, દ્રવ્યાદિક પરિ-ણતિ હોકે ભાવે અનુસરતે, દાનાદિક લબ્ધિ હોકે ન હુવે સહાય વિના, સહકાર અકંપે હોકે ગુણ નિવૃત્તી ધના. ૪.**

અર્થ—બે વિરૂદ્ધ ધર્મ ( સ્વભાવ ) નો એક સ્થાનમાં સમાવેશ ( પ્રાપ્ત ) થાય તે ‘ શંકર ’ કહેવાય. ત્યારે અહિં તો અનેક પર્યાયો ભિન્ન સ્વભાવવાળા છતાં અન્યોન્ય સહજ સ્વભાવે સહકારક મદદગાર બને છે. જ્યારે અનંતગુણ અવિભાગ ( પર્યાયો ) મલીને એક કાર્ય કરે છે તે ગુણ કહેવાય છે. જ્ઞાનદર્શન પ્રમુખ અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણના અનંત અનંત પર્યાય છે. उक्तं च–"सव्वे सपज्जवा गुणा" ઇતિ વચનાત્ તથા "अपज्जवे नाणणा नत्थि." ઇતિ જ્ઞેયં. એમ અનંતગુણ પણ એક એકને સહકારિપણે પ્રવૃત્તે છે. દ્રવ્યની પરિણુતિ ચાર પ્રકારે થવા પામે છે. ૧ સ્વદ્રવ્ય. ૨ સ્વક્ષેત્ર. ૩ સ્વકાલ. ૪ સ્વભાવ. સ્વદ્રવ્ય તે સ્વગુણનો સમુદાય. સ્વક્ષેત્ર તે અવગાહના. સ્વકાલ તે પોતાના અગુરૂ લઘુત્વની ઉત્પાદવ્યય અને ધ્રૌવ્યયુક્ત વર્તના. સ્વભાવ તે ગુણ-પર્યાયની પ્રવૃત્તિ. એ સ્વચતુષ્ક દ્રવ્યમાં સ્વભાવતઃ છે. સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર અને સ્વકાલની પરિણુતિ, તે સ્વભાવને અનુસરીને વર્તે છે. અર્થાત્ સ્વભાવથી ભિન્ન ન પ્રવર્ત્તે. જેમ ચેતનનો સ્વભાવ ચેતનતા. ધર્માસ્તિકાયનો સ્વભાવ ચલન સહાયકતા એમ અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનું સમજવું. વલી દાનાદિક પાંચ લબ્ધિ પણ પરસ્પર સહાયતાએ પ્રવર્ત્તે છે. મુખ્ય પણે આત્માના અનંતગુણની પ્રવૃત્તિવીર્ય ગુણથી થવા પામે છે. વીર્યગુણને જ્ઞાનની સહાયતા અને જ્ઞાનને ચારિત્રની સહાયતા છે. એમ અનંતગુણને સહાયતા રૂપ દાનધર્મ આત્માને વિષે છે. એમ લાભાદિક લબ્ધિપણ જાણવી સર્વગુણ પરસ્પર સહકાર ભાવે થવા પામે છે તે અકંપ નિશ્ચલ વીર્યગુણને આભારી છે, અર્થાત સર્વગુણનો એ પ્રેરક છે. હે પ્રભો! આપશ્રીના અનંતગુણની પ્રવૃત્તિપણ એ પ્રકારે થઈ રહેલ છે.

**પર્યાય અનંતા હોકે જે એક કાર્યપણે, વર્તે તેહને હો કે જિનવર ગુણ પભણે; જ્ઞાનાદિક ગુણની હો કે વર્ત્તના જીવ પ્રત્યે, ધર્માદિક દ્રવ્યને હોકે સહકારે કર તે. ॥ ૫ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—અનંત પર્યાય મળીને જે એક કાર્ય કરે છે તેને શ્રી જિનેશ્વર દેવ ' ગુણ ' કહે છે ગુણ અવિભાગ અનંત છે તે છતી પર્યાય છે તે છતી પર્યાયનું સામુદાયિક કાર્ય તે ગુણ એમ નય(સાર) ચક્રમાં કહેલું છે. છતી પર્યાયથી સામર્થ્ય પર્યાય અનંત ગુણ છે જેમ એક દોરડાનો તંતુ તે અવિભાગ (પર્યાય) છે તેજ છતી પર્યાય; અને તે પર્યાયો વડે ભિન્ન ભિન્ન કાર્ય થાય તે સામર્થ્ય પર્યાય છે એમ સમજવું સ્વીય અનંત જ્ઞાનાદિક ગુણની વર્ત્તના સહજ સ્વભાવે સામુદાયિક રીતિએ જીવદ્રવ્યમાં પ્રવર્ત્તે છે; અને ધર્માસ્તિ કાયાદિક દ્રવ્યમાં તે જ્ઞાનાદિક ગુણ નથી પરંતુ ચલન સહાયાદિક ગુણ છે તે સ્વપ્રદેશના સમુદાયથી ધર્માસ્તિકાયાદિકની વર્તના થતી નથી, પણ જીવ અને પુદ્ગલને સહાય દેવા વડે સહકારકપણે વર્તના થાય છે. તે પણ ભિન્ન ભિન્ન પ્રદેશે ભિન્ન ભિન્ન થાય છે.

**ગ્રાહક વ્યાપકતા હોકે પ્રભુ તુમ ધર્મે રમી, આતમ અનુભવથી હોકે પરિણતિ અન્ય વમી; તુજ શક્તિ અનંતી હોકે ગાતાં ને ધ્યાતાં, મુજ શકિત વિકાશન હોકે થાય ગુણ રમતા ૬**

અર્થ—હે પ્રભો ! તમારી ગ્રાહકતા અને વ્યાપકતા પણ તમારા આત્મ ધર્મમાં રમી રહી છે કારણ ? આપશ્રી આત્મ ગુણનાંજ ગ્રહણ કરનાર છો, અને આત્મ ભાવમાંજ વ્યાપક છો. આત્મના અનુભવી છો તમે પરભાવની પરિણુતિને સર્વથા તજી દીધી છે તેથીજ પર ગ્રાહકપણું અને પર વ્યાપકપણું નથી. તમારી અનંત શકિત પ્રગટ થઈ છે જો કે તે શકિત મારામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપ્રગટપણે ( તિરોભાવે ) રહેલ છે, સાક્ષાત્ અનુભવ ગોચર નથી માટે આપ શ્રીમાન્‌ની અનંત શકિતની સ્તુતિ કરવાથી અને એકાગ્રતાએ ધ્યાન કરવાથી એમ સ્વગુણમાં રમણ કરવાથી મારી શકિતનો વિકાશ થાય.

**એમ નિજગુણ ભોગી હોકે સ્વામી ભુજંગમુદા, જે નિત વંદે હોકે તે નર ધન્ય સદા, દેવચંદ પ્રભુની હોકે પુણ્યે ભકિત સધે, આતમ અનુભવની હોકે નિત નિત શકિત વધે. ૭**

**અર્થ.**—નિરંતર શુદ્ધ સ્વગુણના ભોગી શ્રી ભુજંગ સ્વામીને જે ભવ્યાત્મા સ્વગુણની રૂચિવાળો થયો થકો સાધ્ય સાપેક્ષપણે હર્ષોલ્લાસ પૂર્વક હમેશાં સ્તુતિ કરે છે તે ધન્ય કૃતાર્થ જાણવો, સર્વ દેવમાં ચંદ્રવત્ સૌમ્ય કર્મના તાપ રહિત પરમાત્માની ભક્તિ, મહાન્ પુણ્યોદયથી કરી શકાય છે. ક્રમશઃ પ્રભુની ભકિત સાધવામાં તલ્લીન થયો થકો જીવાત્મા સ્વાનુભવની શકિતની વૃદ્ધિ દરરોજ કરે છે, એમ સ્વશકિતની વૃદ્ધિ કરતો થકો તે આત્માની સંપૂર્ણ શકિતને પ્રગટ કરે છે.

## (૧૫) શ્રી ઈશ્વરદેવ, જિન સ્તુતિ.

કાલ અનંતાનંત–એ દેશી.

**સેવો ઇશ્વરદેવ, જેણે ઇશ્વરતા હો નિજ અદ્‌ભૂત વરી; તિરો ભાવની શકિત, આવિર્ભાવેહો સહુ પ્રગટ કરી. ૧**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ.**—હે ભવ્યો ! મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી ઇશ્વર દેવને અતિશય આદર પૂર્વક સેવો ભકિત કરો. કારણ ? જે ઈશ્વરદેવે અત્યંત આશ્ચર્યકારક પરમૈશ્વર્યપણું પ્રાપ્ત કરેલ છે. જે શક્તિ પ્રથમ તિરો ભાવે હતી કર્મવડે આવરિત હતી તેને અપૂર્વ વીર્યોલ્લાસ પૂર્વક રત્નત્રયની આરાધના કરી મોહના સૈન્યને નાશ કરવાથી પ્રગટ કરી અર્થાત્ અનંત આત્મિક શકિતનો આવિર્ભાવ કર્યો. એ શકિત પ્રગટ થયા પછી હવે કોઇપણ કાલે ફરીથી આવરિત ( કર્મનું આવરણ ) થવા ન પામે. કારણ ? તે આત્મિક શકિત ( લક્ષ્મી ) ક્ષાયિક ભાવે પ્રગટ થયેલ છે, હે પ્રભો ! એ તમારા પરમૈશ્વર્ય આગલ ઇંદ્રાદિકનું ઐશ્વર્ય, અલ્પ અને તુચ્છ ભાસે છે-લાગે છે.

**અસ્તિત્વાદિ ધર્મ, નિર્મલ ભાવે હો સહુને સર્વદા; નિત્યત્વાદિ સ્વભાવ, તે પરિણામી હો જડ ચેતન સદા ૨**

**અર્થ.**—૧ અસ્તિત્વ ૨ વસ્તુત્વ, ૩ દ્રવ્યત્વ ૪ પ્રમેયત્વ ૫ સત્ત્વ અને અગુરૂ લઘુત્વ એ છ સામાન્ય સ્વભાવ, ષટ્દ્રવ્યમાં સદાય નિરાવરણ ભાવે છે. કારણ ? વસ્તુ (દ્રવ્ય) ના સામાન્ય સ્વભાવને આવરણ થતું નથી. પરંતુ વિશેષ સ્વભાવને આવરણ થવા પામે છે સર્વ જડ ચેતન દ્રવ્યો નિત્યત્વાદિક સ્વભાવ વડે સદા પરિણમે છે તે આ પ્રમાણે અસ્તિત્વ સ્વભાવ-પ્રદેશોનું મિલન ( સમુદાય રૂપ થવું ) તે પંચાસ્તિકાયમાં છે, કેવલ કાલ દ્રવ્યમાં અસ્તિપણું ( સમુદાય રૂપ ) નથી કારણ ? કાલ દ્રવ્ય સ્વયં ઔપચારિક છે અને તેના સમય એકઠા થતા નથી માટે તેમાં અસ્તિપણું નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુત્વ-પોતપોતાના ગુણ-પર્યાયને ગ્રહણ કરવાપણું અર્થાત્ કોઇ પણ દ્રવ્ય, અન્યદ્રવ્યના ગુણ પર્યાયને ગ્રહણ ન કરે દ્રવ્યત્વ-દ્રવ્યનુ લક્ષણ ચેતનનું ચેતનપણું, ધર્માસ્તિકાયનું ચલન સહાયપણું એમ સર્વ દ્રવ્યમાં દ્રવ્યપણું સમજવું પ્રમેયત્વ-પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણ વડે દ્રવ્યનું નિર્ણય કરવાપણું સત્ત્વ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય વિશિષ્ટપણું सलक्षणं द्रव्यं અને उत्पादव्यय ध्रौव्य युक्तंसत् ઇતિ વચનાત્ અથવા સ્વદ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવપણું તે સ્વત્વઃ અને અગુરૂ લઘુત્વ-ષટગુણ હાનિ વૃદ્ધિપણું એ છ સામાન્ય સ્વભાવ સર્વદ્રવ્યમાં છે માટે હે પ્રભો ! સામાન્ય સ્વભાવથી પરમ ઐશ્વર્ય પણાની પ્રાપ્તિ ન થાય.

**કરતા ભોકતા ભાવ, કારક ગ્રાહકહો જ્ઞાન ચારિત્રતા; ગુણપર્યાય અનંત, પામ્યા તુમચાહો પૂર્ણ પવિત્રતા ૩**

**અર્થ**.—હે પ્રભો ! આપશ્રીના કર્તાપણું ભોકતાપણું કારકપણું ગ્રાહકપણુ અને જ્ઞાન ચારિત્રપણું વગેરે અનંતગુણ પર્યાયો પરમ નિર્મલ ( નિરાવરણ ) થયા છે; માટે જ આપ પરમ ઐશ્વર્યને પ્રાપ્ત કરેલ છે કર્તૃત્વ ભોકતૃત્વાદિક ભાવ, જડ દ્રવ્યોમાં છેજ નહિ માટે તેઓને પરમ ઐશ્વર્યપણું નથી જોકે જીવ દ્રવ્યમાં કર્તા ભોકતાપણું છે, તો પણ તે કર્માવૃત્ત ( કર્મથી આવરેલ ) હોવાથી વિભાવ પરિણતિમાં પરિણમેલ છે; તેથી અશુદ્ધ જીવ દ્રવ્યને પરમ ઐશ્વર્યપણું પ્રાપ્ત થયેલ નથી માટે આપશ્રી પરમ ઐશ્વર્ય પદને યોગ્યજ છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પુર્ણાનંદ સ્વરૂપ, ભોગી અયોગી હો ઉપયોગી સદા;**
**શકિત સકલ સ્વાધીન, વરતે પ્રભુની હો જે ન ચલેકદા ૪**

અર્થ.—હે પ્રભો ! આપશ્રી પુર્ણાનંદ સ્વરૂપ છો સાતા જન્મ સુખ તે વાસ્તવિક સુખ નથી પણ દુઃખ જ છે; અને દેહ ઇંદ્રિય જન્ય સુખ તે પણ દુઃખ રૂપ છે માટે દેહ ઇંદ્રિય રહિત અતીંદ્રિય સુખ તેજ વાસ્તવિક સુખ છે એટલે આપ અંતીદ્રિય સુખના ભોગી છો મન વચન અને કાયાના યોગ ( વ્યાપાર ) થી રહિત હોવાથી આપ અયોગી છો આપ કેવલજ્ઞાનાવરણીય કેવલ દર્શનાવરણીયનો સમૂલ નાશ કરીને સંપૂર્ણ જ્ઞાન દર્શનોપયોગમાં અખંડ પ્રવૃત્તિવાલા હોવાથી સદા ઉપયોગી છો, ( છદમસ્થાવસ્થામાં પ્રથમ દર્શનોપયોગ અને પછી જ્ઞાનોપયોગ હોય છે, કેવલિ ભગવાનને પ્રથમ સમયે જ્ઞાનોપયોગ અને બીજે સમયે દર્શનોપયોગ હોય છે. ) આપશ્રીમાન્‌ની સર્વ શકિતઓ આપશ્રીને સ્વાધીન છે. તે સદાય સ્વકાર્ય કરવામાંજ પ્રવૃત્તિ કરી રહેલ છે; અને આત્મ દ્રવ્યમાં ધ્રૂવ ( નિશ્ચલ ) હોવાથી કદાપિ કાળે તે ચલાયમાન થતી નથી.

**દાસ વિભાવ અનંત, નાશે પ્રભુજી હો તુજ અવલંબને;**
**જ્ઞાનાનંદ મહંત, તુજ સેવાથી હો સેવકને બને. ૫**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીનો આ દાસ, સત્તાએ તો આપના જેવો છે. પરંતુ અનાદિ કાલથી વિભાવ પરિણતિના યોગે અશુદ્ધ વ્યવહારમાં પ્રવર્ત્તતો થકો અનંત વિભાવમય હું થયો છું મારા આત્માના અકેક પ્રદેશે અનંતી કર્મ વર્ગણા છે, અકેકી વર્ગણામાં અનંત પરમાણુઓ છે; અકેક પરમાણુઓમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત રસાણુઓ છે. તેઓને મેં રાગ દ્વેષની પરિણતિથી સંગ્રહ કરેલા છે. તેથીજ હું વિભાવમય અશુદ્ધાત્મા થયો છું, પરંતુ આપ પરમાત્માના દર્શન થવાથી મને આત્મીય સ્મૃતિ થઈ કર્મ પુદ્ગલથી છુટવાની રૂચિ થઇ, એટલે તેથી છુટવા માટે આપશ્રીમાનનો આશ્રય કર્યો, તેથીજ હવે મારો વિભાવ નાશ પામશે મહા પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે. કારણ ? મહાન્ પુરૂષની સેવા ક્યારે પણ નિષ્ફલ ન જાય, આપ સ્વયં પરભાવથી મુકત થયા છો એટલે મને પણ ચોક્કસ મુકત કરાવશો એમ વિશ્વાસ છે.

**ધન્ય ! ધન્ય ! તે જીવ, પ્રભુ પદ વંદી હો જે દેશના સુણે; જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ, અનુભવ યોગે હો નિજ સાધકપણે. ૬**

અર્થ.—ધન્ય છે ! ધન્ય છે ! તે જીવોને, કારણ ? જે પ્રભુના ચરણ કમલ પ્રત્યે અંતરંગ ઉલ્લાસ પૂર્વક પંચાભિગમ સાચવી બત્રીશ દોષ રહિત વંદન કરીને પ્રભુના મુખથી પરમ અમૃતમયી દુ:ખ ધ્વંસિની અને આત્મ સ્વરૂપ પ્રકાશિની ધર્મ દેશનાને સાંભળે છે. તે દેશનામાં જ્ઞેય હેય અને ઉપાદેયનું શ્રવણ કરી, જ્ઞેય ( જાણવા યોગ્ય ) ને હૃદયમાં અવધારી, હેય ( કષાયાદિક ) નો ત્યાગ કરી, અને ઉપાદેય ( સમ્યક્ જ્ઞાનાદિ ) નો અંગીકાર કરે છે. અર્થાત્ શુદ્ધ જ્ઞાન તે યથાર્થ ભાસનરૂપ અને શુદ્ધ ક્રિયા તે બાહ્ય અતરંગરૂપ, બાહ્ય ક્રિયા તે વિધિ પૂર્વક આવશ્યકાદિક અને અંતરંગ ક્રિયા તે સ્વ સમય પર સમયના યથાર્થ જ્ઞાનોપયોગમાં પ્રવૃત્તિ રૂપ ક્રિયા, અંતરંગ ક્રિયા પૂર્વક બાહ્ય ક્રિયા પરમ હિતકર છે, કેવલ બાહ્ય ક્રિયા નિરર્થક ઉદ્દેશ શૂન્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરંગ શુધ્ધિના ઇચ્છકે બાહ્ય ક્રિયા વિધિસહ અત્યાદર પૂર્વક અવશ્ય કરણીય છે; કારણ ? તે અંતરંગ શુધ્ધના નિમિત્ત ભૂત છે, કેવલ બાહ્ય ક્રિયામાં જ રાચનાર અંતરંગ શુધ્ધિ ન કરી શકે. માટે અનુભવ જ્ઞાન સહિત સાધકપણે બાહ્ય અંતરંગ ક્રિયા રૂપ સાધનને ગ્રહણ કરી સાધ્ય સિધ્ધિ માટે જે જીવાત્માઓ પ્રવર્ત્તમાન થયા છે તે ધન્યવાદને પાત્ર છે.

**વારંવાર જિનરાજ ! તુજ પદ સેવા હો હોજો નિર્મલી; તુજ શાસન અનુયાયી, વાસન ભાસન હો તત્ત્વ રમણ વલી. ૭**

અર્થ.—હે સ્યાદ્વાદ માર્ગના યથાર્થ પ્રરૂપક ! શુદ્ધ થયેલ ગુણ યુકત પ્રભો ! આપશ્રીના ચરણારવિંદની પવિત્ર સેવાનો લાભ મને ફરી ફરી મળો. વળી હે પ્રભો ! સર્વ દર્શનનાં મૂળ રૂપ, સર્વ નય વિશુધ્ધ અને વર્તમાન કાલે ભવ્યજનોને મુકિતના માર્ગમાં પરમ આધારભૂત એવા આપશ્રીના ‘ શાસન ’ ના અનુયાયિપણાની મને શ્રદ્ધાજ્ઞાન અને રમણતા સદાય હોજો. એ પ્રાર્થના આપ શ્રીમાનની આગળ હું કરૂં છું. કારણ ? એકાંત દર્શન એ કાચના કટકા રૂપ છે અને સ્યાદ્વાદ દર્શન ચિંતામણિ રત્ન તુલ્ય છે.

**શુદ્ધાતમ નિજ ધર્મ, રૂચિ અનુભવથી હો સાધન સત્યતા, દેવચંદ્ર જિન ચંદ, ભકિત પસાયે હો હોશે વ્યકતતા, ૮**

અર્થ—સર્વ પરભાવના સંશ્લેષ ( સંબંધ ) રહિત, વાસ્તવિક શુદ્ધ નિજાત્મ ધર્મ, જીવાત્માને સત્તાએ રહેલ છે. તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગટ કરવા અનુભવ પૂર્વક ક્ષયોપશમ ભાવે ભેદતઃ રત્નત્રય રૂપ સાધન તે અનુભવ સહ ક્ષાયિક ભાવે અભેદતા રત્નત્રયને પ્રગટ કરે છે. અર્થાત્ જે સાધન વડે શુદ્ધ અભેદ રત્નત્રય સાધ્ય કરી શકાય તેજ શુદ્ધાત્મના સત્ય સાધન કહેવાય છે. ને અનુભવ પૂર્વક હેતુ દૃષ્ટિએ ગ્રહણ કરેલ સર્વ બાહ્ય સાધન, સાધ્યના સાધક થવા પામે છે શ્રી દેવચંદ્રજી મુનિ કહે છે કે શ્રી જિનેશ્વરની ભક્તિ ( પ્રભુની આજ્ઞાનું આરાધન ) કરવાથી મારી શુદ્ધાત્મ સંપત્તિ પ્રગટ થશે શુદ્ધ કારણથી શુદ્ધ કાર્ય થાય. માટે જિનેશ્વરની સેવા ભક્તિ હિત કરનાર છે.

## (૧૬) શ્રી નમિ પ્રભજિન સ્તવન.

અરજ અરજ સુણો હો રૂડા રાયજી–એ દેશી.

**નમિ પ્રભ નમિ પ્રભ પ્રભુજી વીનવું હોજી, પામી વર પ્રસ્તાવ, જાણો છો જાણો છો વિણ વીનવે હોજી, તો પણ દાસ સ્વભાવ નમિ૦ ૧**

અર્થ.—હે નમિપ્રભ સ્વામિન્ આપ ત્રિકાલજ્ઞ હોવાથી જગતના સર્વ ભાવને જાણી રહ્યા છો. છતાં આપ શ્રીમાન્‌ને હું વિનંતી કરૂં છું વિજ્ઞપ્તિ પણ સમય પરત્વે કરવામાં આવે તોજ યોગ્ય કહેવાય ત્યારે હું સાધના સામગ્રી સંપન્ન માનવ જન્મ પામ્યો એટલે આપ સર્વજ્ઞ છો એમ મને અનુભવ થયો, તથાપિ સેવકનો સ્વભાવ ( ધર્મ ) છે કે:-જે પોતાના વિવિધ દુઃખોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવેદન ( કથન ) પોતાના સ્વામી પાસે નિઃશંકપણે કરે છે; અર્થાત્ દુઃખોને દૂર કરવા અરજ કરે છે.

**હું કર્ત્તા હું કર્ત્તા પરભાવનો હોજી, ભોકતા પુદ્ગલ રૂપ; ગ્રાહક ગ્રાહક વ્યાપક એહનો હોજી, રાચ્યો જડ ભવ ભૂપ ! નમિ૦ ૨**

અર્થ.—હે નાથ ! હું અનાદિ કાલથી પરપરિણુતિમાં પરિણુત થવાથી મારા શુદ્ધ આત્મ સ્વરૂપને ભૂલી ગયો તેથી જડ પુદ્ગલના સંગે જડવત્ બનીને દેહ ધન ધાન્યાદિકમાં મમત્વી થયો. એટલે હું પરભાવનો કર્ત્તા ભોકતા થયો, એટલું જ નહિં પરંતુ પુદ્ગલ સ્વરૂપી બન્યો ! અર્થાત્ હું ' અરૂપી ' છતાં વર્ણ ગંધ રસ અને સ્પર્શમય ( પુદ્ગલમય ) રૂપી મનાયો, વલી ' ગ્રાહક ' પણુ પુદ્ગલનો થયો, અર્થાત્ મેં અનંત કર્મ પુદ્ગલને આત્મ પ્રદેશને વિષે એકઠા કર્યા ! અરે ! એકઠા કર્યા એટલું જ નહિં પરંતુ પુદ્ગલમાંજ વ્યાપક થયો તલ્લીન થયો. લોહ પિંડ અગ્નિવત્ ક્ષીરનીરવત્ હું પુદ્ગલમાં ઓતપ્રોત થયો. તેથીજ હું દેવ નારકી વગેરે કહેવાયો, ' અવેદી ' છતાં પુરૂષાદિ વેદથી ઓળખાયો હે નાથ ! એમ પુદ્ગલના સંગે અનેક રૂપ મેં ધારણુ કર્યા; ક્યારે પણુ સ્વરૂપ ( અચલ અકલ અવેદી અરૂપી અપુદ્ગલી વગેરે, ) ને હું ભૂલી જઇને પૌદ્ગલિક ભાવમાં રાચી રહ્યો ! !

**આતમ આતમ ધર્મ વિસારીઓજી, સેવ્યો મિથ્યા-માગ; આશ્રવ આશ્રવ બંધપણું કર્યું હોજી, સંવર નિર્જરા ત્યાગ નમિ૦ ૩**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—હે પ્રભો ! મેં રત્નત્રયની અભેદતા રૂપ આત્મિક ધર્મને વીસાર્યો, અને મિથ્યાત્વ માર્ગનો સ્વીકાર કર્યો. માત્ર દુઃખનું કારણ અને સર્વ કર્મ પ્રકૃતિમાં મહતી સ્થિતિવાળો મિથ્યાત્વ મોહ છે. તેથી હું આશ્રવ અને બંધનો કર્ત્તા થવાથી સંવર અને નિર્જરામય મુક્તિ માર્ગથી વિમુખ રહ્યો, આશ્રવ બે પ્રકારનો છે ? ૧ ભાવાશ્રવ ૨ દ્રવ્યાશ્રવ. ભાવાશ્રવ આત્મના મિથ્યાત્વાદિરૂપ અશુદ્ધ પરિણામ તે અને દ્રવ્યાશ્રવ-ભાવાશ્રવ વડે અષ્ટવિધ કર્મ પુદ્ગલનું ગ્રહણ કરવું તે દ્રવ્યાશ્રવ-અથવા ભાવાશ્રવના નિમિત્ત કારણ ભૂત પ્રાણાતિપાતાદિકને પણ 'આશ્રવ' કહેવામાં આવે છે ( કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી ) પ્રાણાતિપાતાદિક, જો ભાવાશ્રવના કારણ ભુત ન થાયતો આશ્રવના કારણ ન થતાં સંવરના કારણ થવા પામે છે. यदुक्तं चागमे आसवा ते परिसवा ઇત્યાદિ અર્થાત્ જે કર્મ બંધના કારણ તે કર્મ-નિર્જરાના કારણ થાય છે. ઇત્યાદિક પરમાર્થ શ્રી આચારાંગ સુત્રમાં કહેલ છે. બંધ-આત્મના મિથ્યાત્વાદિમય પરિણામ વડે કર્મ પરમાણુઓને ગ્રહણ કરી લોહપિંડ અગ્નિની પરે આત્મ પ્રદેશની સાથે એકી ભૂત ( સંમિલન ) કરવું તે જીવાત્મા જેવા જેવા ( તીવ્રમંદ ) રસવિશિષ્ટ અધ્યવસાય વડે કર્મ પરમાણુને ગ્રહણ કરે તેવા તેવા તીવ્રમંદ રસવાળા કર્મ, આત્મિક શક્તિથી જીવને બંધનરૂપ થાય છે, કારણ ? કર્મ પરમાણુમાં જીવને ઘાત કરવાની સ્વતંત્ર શકિત નથી. પરંતુ જીવ પોતેજ આત્મિક રાગ દ્વેષની પરિણુતિના ચીકાસથી કર્મ પુદ્ગલને ગ્રહણ કરી અજ્ઞાનના યોગે પોતે પોતાને બંધનરૂપ કરે છે. અર્થાત્ પોતાનાજ વીર્યથી સ્વયં બંધાય છે. તે બંધ ચાર પ્રકારનો છે. ૧. પ્રકૃતિબંધ ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્થિતિબંધ ૩. રસબંધ અને ૪. પ્રદેશબંધ ઉત્કૃષ્ટ ત્રિવિધયોગથી** ઉત્કૃષ્ટ પ્રકૃતિ બંધ અને પ્રદેશ બંધ થાય છે; અને ઉત્કૃષ્ટ કષાય વડે રસબંધ તથા સ્થિતિ બંધ થાય છે. એ બંધ ચતુષ્ટય દ્રવ્યથી છે, ભાવબંધ-આત્મના અશુદ્ધ પરિણામ તે, સંવર- આત્મનો શુદ્ધ ઉપયોગ તે અથવા સ્વ સ્વભાવમાં પરિણામની સ્થિરતા રૂપ સંવર એ ભાવસંવર વડે નવીન કર્મ પુદ્ગલના ગ્રહણનો અટકાવ કરવો તે દ્રવ્ય સંવર; અને પાંચ સમિતિ વગેરે પણ સંવર કહેવાય છે તે ભાવ સંવરના નિમિત્ત કારણ છે; કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી ભાવ સંવરના ઉપયોગ વિના સંવરના કારણો-કર્મ નિર્જરાના કારણો તે આશ્રવના-કર્મ બંધના કારણો થવા પામે છે "**परिसवा ते आसवा**" નિર્જરા બે પ્રકારની છે-૧. ભાવ નિર્જરા ૨. દ્રવ્યનિર્જરા. ભાવનિર્જરા-પરપરિણતિના ત્યાગપૂર્વક શુદ્ધ આત્મ સ્વરૂપમાં રમણતા ઉપયોગની પરિણતિ-તે દ્રવ્ય નિર્જરા આત્મ પરિણામ રૂપ ભાવ નિર્જરાના સામર્થ્યથી કર્મપુદ્ગલનું આત્મ પ્રદેશથી ખરવું દૂર થવું તે દ્રવ્ય નિર્જરાના નિમિત્ત કારણરૂપ બાર પ્રકારનો તપ, તે પણ ( કારણમાં કાર્યના ઉપચારથી ) નિર્જરા કહેવાય છે. અંતરંગ ભાવ નિર્જરાના પરિણામ વિના જીવને દ્વાદશ વિધ તપ, નિર્જરાનો હેતુ થતો નથી.

**જડચલ જડચલ કર્મ જે દેહનેજી, જાણ્યું આતમ તત્ત્વ; બહિરાતમ બહિરાતમ તામેં ગ્રહી હોજી ચતુ. રંગે એકત્વ, નમિ. ૪**

**અર્થ.**—અચેતન ભૂત અને નાશવંત આ શરીરને મેં આત્મા માન્યો ! તેથી દેહને વિષે અહંબુદ્ધિ ઉત્પન્ન થઈ, એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહે શરીર સુખી દુઃખી થવાથી હું પોતાને સુખી દુઃખી માનવા લાગ્યો. સારીરિક ક્રિયાને આત્મની ક્રિયા માની લેવાથી જડ ચેતનનો ભિન્ન સ્વભાવ ન જાણ્યો; જેને લઇને મેં બહિરાત્મ ભાવ પ્રાપ્ત કર્યો. અર્થાત્ હું બહિરાત્મા થયો. જોકે હું દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવવડે પુદ્ગલ થકી અત્યંત ભિન્ન છું તથાપિ બહિરાત્મ ભાવને લઇને મારા શુદ્ધ સ્વરૂપને હું ભૂલી ગયો; અને પુદ્ગલના દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવમાં એકત્વ પામ્યો-તન્મય થયો માટે આત્મ સ્વરૂપથી વંચિત રહ્યો.

**કેવલ કેવલ જ્ઞાન મહોદધિ હોજી, કેવલ દર્શન બુદ્ધ; વીરજ વીરજ અનંત સ્વભાવનો હોજી, ચારિત્ર ક્ષાયક શુદ્ધ, નમિ. ૫**

અર્થ.—હે પ્રભો! આપશ્રી સ્વયંભૂરમણ સમુદ્રની પરે અખૂટ કેવલ જ્ઞાનના સાગર છો, કેવલ દર્શનિ છો, પરમ તત્ત્વના જાણનાર છો, આપ સ્વભાવિક (અકરણ વીર્યવાન્ છો તેમજ સ્વગુણમાં સ્થિરતા રૂપ શુદ્ધ ક્ષાયક ચારિત્રવાન્ છો. અર્થાત્ અનંત ચતુષ્ટય (જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્ય) મયી છો.

**વિશ્રામી વિશ્રામી નિજ ભાવના હોજી, સ્યાદ્વાદી અપ્રમાદ; પરમાતમ પરમાતમ પ્રભુ દેખતાં હોજી, ભાંગી ભ્રાંતિ અનાદ, નમિ. ૬**

અર્થ.—હે કૃપાનિધે! આપશ્રી સર્વ વિભાવથી વિરામ પામી ને સ્વસ્વભાવમાં વિશ્રામ કર્યો છે. આપશ્રી સ્યાદ્વાદી છો યાને અનેક ધર્મ નિત્યત્વ અનિત્યત્વ એકતા અનેકતા ભેદતા અભેદતા ઇત્યાદિક યુક્ત છો, વલી આપશ્રી સદા અપ્રમત્ત છો અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાત્ આપશ્રી ક્યારે પણ સ્વધર્મથી ચ્યુત ( ચલિત ) થયા નથી. એવા હે પ્રભો ! આપના પરમાત્મપણાના પદનું દર્શન શ્રદ્ધાન થવાથી મારી અનાદિ કાલની બહિરાત્મ ભાવની ભ્રાંતિ નાશ પામી સ્વરૂપની ઓળખાણ થઇ.

**જિનસમ જિનસમ સત્તા ઓલખીજી, તસુ પ્રાગભાવની ઇહ; અંતર અંતર આતમતા લહી હોજી, પરપરિણુતિ નિરીહ, નમિ. ૭**

અર્થ.—હે પ્રભો ! જેવી આપ જિનેશ્વરની એવંભૂત નયે શક્તિ છે, તેવીજ મારી સત્તાએ ( સંગ્રહ નયવડે ) શકિત છે. એમ બન્ને નયવડે વસ્તુ ( આત્મ ) નું યથાર્થ સ્વરૂપ જાણ્યું; અને જાણ્યા પછી તે શકિત ( પરમાત્મત્વ ) ને પ્રગટ કરવાની ઇચ્છા થઇ-રૂચિ થવા પામી ત્યારે અંતરાત્મ દશા પામવાથી બહિરાત્મ દશા ( પર પરિણુતિની ઇચ્છા ) થી પરાઙ મુખ થયો. અર્થાત આત્મા અને પુદગલની ભિન્નતા ભેદ જ્ઞાનવડે જણાણી.

**પ્રતિચ્છંદે પ્રતિચ્છંદે જિનરાજને હોજી, કરતા સાધક ભાવ; દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી, શુદ્ધાતમ પ્રાગભાવ, નમિ. ૮**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીએ સાધક દશામાં રહીને રત્નત્રયના સાધનવડે પરભાવનો ત્યાગ કરી સાધ્યની સિદ્ધિ કરી અભેદ રત્નત્રયમયી થયા. તેમ કોઇપણ ભવ્યાત્મા તે જિનેશ્વરને જોઇ તથા રૂપ સ્વરૂપને યથાર્થ અનુભવીને જો સાધક દશા ધારણ કરે તો સર્વ દેવમાં શ્રેષ્ઠ પરભાવના તાપ રહિત ચંદ્રવત્ સૌમ્ય શુદ્ધાત્મ પદને પ્રાપ્ત કરે, જિનેશ્વર સમાન થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૧૭) શ્રી વીરસેન જિન સ્તવન.

લાચ્છલ દે માત મલ્હાર—એ દેશી.

**વીરસેન જગદીશ, તાહરી પરમ જગીશ;**
**આજ હો દીસેરે વીરજતા ત્રિભુવનથી ઘણીજી. ૧**

**અર્થ.**–હે વીરસેન સ્વામિન્ ! હે જગતના નાથ ! આપશ્રી આ વિશ્વને વિષે પરમેશ્વર પદને પામ્યા. જગત્‌ના પૂજ્ય થયા. તમારૂં વીર્યપણું ત્રણભુવનવાસિ જીવાત્માઓથી અનંતગણું છે, કારણ ? સંસારિ જીવાત્માનું વીર્ય, ક્ષયોપશમ ભાવે પુદ્ગલાવલંબી હોય છે; અને આપ શ્રીમાન્‌નું વીર્ય ક્ષાયક ભાવે આત્માવલંબી હોઇને સર્વ કર્મનો નાશ કરીને અનંત સ્વ સંપત્તિ રૂપ પ્રભુતા પ્રાપ્ત કરી છે.

**અણાહારી અશરીર, અક્ષય અજેય અતિ ધીર;**
**આજહો અવિનાશી અલેશી ધ્રુવ પ્રભુતા બનીજી ૨**

**અર્થ**–હે પ્રભો ! આપશ્રી ઔદારિકાદિક પુદ્ગલ વર્ગણા મય શરીરથી રહિત છો. અર્થાત અશરીરી હોવાથી આપ અનાહારી છો. જ્યાં શરીર હોય ત્યાં આહાર હોય એ સર્વ સાધારણ નિયમ છે. વલી આપશ્રી દશવિધ દ્રવ્ય પ્રાણ રહિત હોવાથી અક્ષય છો. દ્રવ્ય પ્રાણ કર્મ જન્ય હોવાથી તે નાશવંત છે; અને ભાવ પ્રાણ ચતુષ્ટયનું કયારે પણ નાશ થતો નથી. જો કે કોઇ પણ દ્રવ્ય ( ધર્માસ્તિ કાયાદિ ) કોઈ દ્રવ્યનો ઘાત કરી શકે નહિ, તથાપિ જીવ દ્રવ્યજ, સ્વવિભાવ પરિણતિથી સ્વયં પરાજય પામે છે–રાગદ્વેષાદિથી પરાભાવ પામે છે. પરંતુ આપશ્રી સ્વભાવ પરિણતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડે પરિણત હોવાથી અજેય છો. અર્થાત્ રાગાદિકથી પરાભવ પામતા નથી આપે ભય મોહનીયનો નાશ કરેલ તેથી તમે પરમ ધૈર્યવાન્ છો. વલી આપ અવિનાશી છો. કારણ ? જ્યાં સુધી જીવાત્મા વિનશ્વર પુદ્ગલ ભાવમાં 'અહં' બુદ્ધિ ધારણ કરે છે ત્યાં સુધી પુદગલનો ( શરીરાદિકનો ) નાશ થવાથી પોતાનો નાશ માને છે, પરંતુ આપશ્રી તો પુદગલની પરિણતિ ભિન્ન આત્મિક પરમાનંદમાં મગ્ન થવાથી અવિનશ્વર છો. આપશ્રી અલેશ્યી છો, કારણ ? જીવાત્માના પ્રદેશ ચલિત થવાથી વીર્ય ચલાયમાન થવા પામે છે તેથી કષાય અને યોગ વડે જીવ કર્મ પુદગલ વડે લેપાય છે તે લેશ્યા અને આપ શ્રીમાન તો કષાય અને યોગ રહિત હોવાથી લેશ્યા રહિત છો; અને આપ શ્રીમાનની પ્રભુતા પરમૈશ્વર્ય નિશ્ચલ છે. શકેંદ્ર કે ચક્રવર્ત્તિ વગેરેની પ્રભુતા પૌદગલિક અને ઉપાધિ જન્ય હોવાથી વિનશ્વર છે અવાસ્તવિક છે આપશ્રીની પ્રભુતા આત્મ દ્રવ્યથી અભેદ અને સ્વાભાવિક હોવાથી ધ્રુવ છે.

**અતીંદ્રિય ગત કોહ, વિગત માય મય લોહ;**
**આજ હો સોહેરે મોહે જગ જનતા ભણીજી ૩**

અર્થ-સ્પર્શ રસ ગંધ રૂપ અને શબ્દ એ પાંચ ઈંદ્રિયના વિષયો છે તે પૌદગલિક જડ છે. પરંતુ આપશ્રી તેથી રહિત છો અંતીદ્રિય છો. ઈંદ્રિય અગોચર છો. આપ પરમ શાંત પરમ સમભાવી હોવાથી ક્રોધ રહિત છો. આપ સ્વગુણ સંપતીના ભોગી હોવાથી માન રહિત છો. આપશ્રીની ગુણપર્યાયની પરિણતિ સ્વસ્વભાવમાં પરિણત હોવાથી વક્રતા રહિત છો,-માયા રહિત છો. આપની પાસે આત્મિક અનંત લક્ષ્મી હોવાથી લોભ રહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છો, એ પ્રકારની આપ શ્રીમાનની અદ્ભુત પ્રભુતા શોભી રહી છે, તેને ભવ્યજનો જોઇને આનંદ પામે છે અને આત્મીય અંતરંગ લક્ષ્મીને પ્રગટ કરવાની રૂચિવાલા થાય છે.

**અમર અખંડ અરૂપ, પૂર્ણાનંદ સ્વરૂપ;**
**આજ હો ચિદ્રૂપે દીપે સ્થિર સમતા ધણીજી. ૪**

**અર્થ.**—પાંચ ઇંદ્રિય ત્રણ બલ ( મનો બલ વગેરે ) શ્વાસોશ્વાસ અને આયુઃ એ દશવિધ દ્રવ્ય પ્રાણનો નાશ થવાથી મરણ કેહેવાય છે. પરંતુ આપશ્રી એ દ્રવ્ય પ્રાણથી રહિત હોવાથી અમર છો, આપશ્રીના ભાવપ્રાણ ( જ્ઞાનાદિ ) નો નાશ કોઈ કાલે થવાનો નથી. વલી આપશ્રી અખંડ છો એક સ્વરૂપ છો. કારણ ? આપશ્રીના જ્ઞાનાદિક ગુણો, અસંખ્યાત પ્રદેશાત્મક આત્મ દ્રવ્યમાં સમવાય સબંધ વડે રહેલા છે; તેથી તેનો ભંગ ન થાય જે સંયોગવાલા પદાર્થ હોય તેનોજ નાશ થાય છે. ભંગ થાય છે આપશ્રીમાન્ અરૂપી છો. અમૂર્ત્ત છો અર્થાત્ પુદ્ગલના સબંધથી રહિત છો. વલી આપ સંપૂર્ણ આનંદ સ્વરૂપ છો, જે પ્રૌદ્ગલિક આનંદ છે તે અપૂર્ણ અને ક્ષણિક છે. જ્ઞાન સ્વરૂપ પ્રકાશમાં સ્થિર છો એટલેજ રાગ દ્વેષનો અભાવ છે—સમતાવાન્ છો.

**વેદ રહિત અકષાય, શુદ્ધ સિદ્ધ અસહાય;**
**આજ હો ધ્યાયકે નાયકને ધ્યેય પદે ગ્રહ્યોજી. ૫**

**અર્થ.**—હે પ્રભો ! આપશ્રીએ સ્રીવેદ પુરૂષવેદ અને નપુંસકવેદનો નવમે ગુણ સ્થાને તથા કષાયનો દશમાં ગુણ સ્થાનના અંત સમયે નાશ કર્યો છે; તેથી આપ અવેદી અને અકષાયી છો. વલી આપ સર્વથા કર્મ મલરહિત હોવાથી એવંભૂત નયથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ થયા છો, આપશ્રીમાનૂની સર્વ ગુણ પરિણતિ અન્યની સહાય વિના પ્રવર્ત્તે છે માટે આપશ્રી અસહાયી છો. આપશ્રીના સર્વ ગુણો ક્ષાયક ભાવે છે તેથી ક્ષયોપશમ ભાવે વર્તતા ધ્યાયકો (સાધક આત્માઓ) આપશ્રીને ધ્યેય પદે (ધ્યેય સ્વરૂપે) ગ્રહણ કરીને તમારૂં ધ્યાન ધરે છે

**દાન લાભ નિજ ભોગ. શુદ્ધ સ્વગુણ ઉપભોગ;**
**આજ હો અયોગી કર્ત્તા ભોકતા પ્રભુ લહ્યોજી. ૬**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીમાનૂને અનંત સ્વગુણની સહકારતા રૂપ દાન, અનંત સ્વગુણના સહાય રૂપ લાભ, અનંત સ્વ પર્યાયનો ભોગ અને અનંત શુદ્ધ સ્વગુણનો ઉપભોગ છે. એ બધું સ્વવીર્યથી છે, આપ યોગ વીર્યથી રહિત હોવાથી અયોગી અને યોગ ક્રિયાનો અભાવ હોવાથી સ્વભાવના કર્ત્તા ભોક્તા છો.

**દરિસણ જ્ઞાન ચરિત્ર, સકલ પ્રદેશ પવિત્ર;**
**આજ હો નિર્મલ નિઃસંગી અરિહા વંદિયેંજી ૭**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીના અનંત જ્ઞાન દર્શન અને ચારિત્ર, સર્વ પ્રદેશમાં પરિપૂર્ણ શુદ્ધ હોવાથી તે (જ્ઞાનાદિ) સ્વકાર્યને કરી રહ્યા છે કર્માવૃત્ત જીવાત્માઓના આઠ રૂચક પ્રદેશ તમારા જેવા નિર્મલ છે, છતાં પણ તે સ્વકાર્યને કરી શકતા નથી; માટે આપ શ્રી પરમ શુદ્ધ છો વલી આપશ્રી કર્મ પરમાણુના સંગથી રહિત હોવાથી નિઃસંગ છો આપ સર્વ સ્વગુણથી સંપૂર્ણ હોવાથી ઇહા (ઇચ્છા) રહિત છો માટે હે વીરસેન પ્રભો ! આપશ્રીને મારા જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિના હેતુભૂત જાણીને હું આનંદ પૂર્વક વંદન કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દેવચંદ્ર જિનચંદ્ર, પૂર્ણાનંદનો વૃંદ;**
**આજ હો જિનવર સેવાથી ચિર આનંદીએજી ૮**

અર્થ.-સ્તુતિકાર શ્રી દેવચંદ્રજી ગણી કહે છે કે સ્વાભાવિક સ્વગુણમાં પૂર્ણાનંદ સ્વરૂપ શ્રી જિનેશ્વરની સેવા ભક્તિથી ચિરકાલ પર્યંત આનંદને પામીએ અર્થાત જિનાજ્ઞાએ વર્તતાં સાદિ અનંત ભાંગે પરમાનંદ મોક્ષ સુખ ને પ્રાપ્ત કરીએ

---

## (૧૮) શ્રી મહાભદ્ર જિન સ્તવન.

તટ યમુનાનું રે-એ દેશી.

**રાજ વિરાજે હો આજ તુમારડોજી, મહાભદ્ર જિનરાજ; ધર્મ અભંગે હો તું સાહેબ વડોજી, ક્ષાયક વીર્ય અનંત હું બલિહારીરે શ્રી જિનવર તણીજી ૧**

અર્થ.—સર્વ જિન ( અવધ્યાદિ જ્ઞાન સંપન્ન ) માં રાજા સમાન હે મહાભદ્ર જિનરાજ ! આપશ્રીનું નિષ્કંટક રાજ્ય અતિશય શોભે છે આપ શ્રીમાનનો ક્ષાયક વીર્ય અનંત છે, વલી આપનો ધર્મ પણ અભંગ છે કારણ ? તે આત્મ દ્રવ્યથી તાદાત્મ્ય સબંધે રહેલ છે. આપશ્રીની આજ્ઞા સર્વ માને છે, અર્થાત આપશ્રી કેવલજ્ઞાન વડે જે પ્રમાણે જાણો છો તે પ્રમાણે દરેક દ્રવ્યની પરિણતિ થવા પામે છે આપશ્રીની આજ્ઞાનું કોઇ પણ ઉલ્લંઘન કરી શકે તેમ નથી, એ આપશ્રીની અદ્દભૂત રાજ્યનિતિ છે–આપના રાજ્યની બલિહારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કારક કારણુ હો તું સ્વામી છતોજી, કર્ત્તા ભોક્તાભાવ;
સર્વ વસ્તુનો હો ધર્મ પ્રકાશતોજી, જ્ઞાનાનંદ પ્રધાન
હુ૦ ૨**

અર્થ.—આપશ્રીના અનંત ધર્મ રૂપ પ્રજાના ઉત્પન્ન કર્ત્તા અને ભોક્તા પણુ આપશ્રીજ છો. વળી આપ કારક અને કારણુ પણુ પોતેજ છો, અર્થાત ષટકારક સ્વરૂપે અભેદ છો તે આ પ્રમાણેઃ—આપશ્રીનો શુદ્ધ આત્મા તે ' કર્ત્તા, જાણુવા રૂપ ' કાર્ય, જેનાવતી જાણી શકાય એવું જ્ઞાન તે ' કરણુ, ' નવીન પર્યાયનો ઉત્પાદ તે ' સંપ્રદાન, ' પૂર્વ પર્યાયનો વ્યય તે ' અપાદાન ' અને આત્મની સત્તાભૂમિ તે આધાર. એ પ્રમાણે ષટકારક ચક્ર આપશ્રીમાં અભેદ સ્વરૂપથી રહેલ છે. વળી જ્ઞાનાનંદ નામનો પ્રધાન છે, તે સર્વ વસ્તુના ધર્મ ( સ્વભાવ ) નો પ્રકાશ કરે છે; અર્થાત સર્વગુણુ-પર્યાયની પરિણુતિ જ્ઞાન ગુણુને અનુસરીને પ્રવર્ત્તે છે.

**સ્થિર નિર્ધારેરે અવિસંવાદતાજી, સમ્યક્ દર્શન મિત્ત,
કોશ અનશ્વરે રે નિજ આનંદતાજી, અવ્યાબાધ સમાધ હુ૦ ૩**

અર્થ.—સમ્યક્ દર્શન તે જ્ઞાનાનંદ પ્રધાનનો પરમ મિત્ર છે. જ્ઞાનાનંદ અને સમ્યક્ દર્શન એ બન્ને સહાય ભેળા રહે છે—એક ક્ષણુ પણુ અલગ રહેતાજ નથી સમ્યક્ દર્શન મિત્ર, જ્ઞાનાનંદ પ્રધાનના કાર્યને પુષ્ટિ આપે છે અને પ્રધાનના કાર્યને અવિસંવાદ ( પ્રમાણિક વાદ ) વડે સ્થિર અને ચોક્કસ કરે છે, તેથીજ પ્રધાનનું કાર્ય નિર્દોષ થવા પામે છે. તે બન્ને અવ્યાબાધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધિ રૂપ અનંત રત્નથી સદા પરિપૂર્ણ ભંડાર ( ખજાના ) ને અક્ષય ( અખૂટ ) રાખે છે તજ્જન્ય આનંદને આપશ્રી ભોગવી રહ્યા છો તમને કોઈ જાતિની ઉપાધિ નથી એ અદ્ભુત આશ્ચર્ય છે.

**નિજ નિજ રીતે રે ગુણ સંપત્તિ ભર્યાજી, દેશ અસંખ્ય પ્રદેશ; આતમ શકતે હો પરજય સંચર્યાજી, ચારિત્ર દુર્ગ અભંગ હું૦ ૪**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીનું રાજ્ય અસંખ્ય પ્રદેશવાળું છે, કારણ ? દરેક પ્રદેશમાં અનંત ગુણાવિભાગ (પર્યાય) રૂપ લક્ષ્મી વડે ભરપૂર છે; સર્વ સમાન સંપત્તિ વાલા છે તેથી કોઇ કાલે પણ વધઘટ થઇ શકે તેમ નથી. એ અસંખ્ય પ્રદેશ રૂપ મહાન્ વિશાલ દેશના રક્ષણ માટે આપશ્રીનું ચારિત્ર તે અભંગ કિલ્લારૂપ છે. તેથી કર્મરૂપ શત્રુઓ તે ગઢની અંદર પ્રવેશ કરી શકે તેમ નથી. એવા અલૌકિક રાજ્યના આપશ્રી ભોકતા—સ્વામી—છો. એ અનાદિનું સ્વરાજ્ય આપશ્રીનું હતું તે મોહરાજાએ દબાવી લીધું હતું પરંતુ તે આપશ્રીએ સ્વ બલવડે મોહનો પરાજય કરીને સ્વરાજ્ય ભણી સંચર્યા.

**પરિણતિ પ્રભુતા હો તુજ બલ આકરોજી, ધર્મ ક્ષમાદિક સૈન્ય; સાદિ અનંતી રે રીતે રાતે પ્રભુધર્યાજી, તત્ત્વ સકલ પ્રાગ્ભાવ હું૦ ૫**

અર્થ.—હે પ્રભો ! આપશ્રીએ મોહ ભૂપતિને જીતવા માટે ક્ષમા વગેરે સૈન્યને સજ્જ કર્યો આપના અતુલ બલવાળા ક્ષમા વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુભટોએ મોહ નૃપનો નાશ કર્યો, તે આ પ્રમાણે-ક્ષમા વડે ક્રોધનો માર્દવ વડે માનનો આર્જવ વડે વક્રતાનો મુક્તિ વડે-(નિર્લોભતા વડે) લોભનો તપ વડે ઇચ્છાનો સંયમ વડે હિંસાનો સત્યવડે અસત્યનો શૌચ વડે અદત્તનો અકિંચન વડે પરિગ્રહનો બ્રહ્મચર્ય વડે કામ ( મૈથુન ) નો એમ આપના બલવાન્ સૈન્ય વડે શત્રુના લશ્કરનો સર્વથા નાશ કરીને સંપૂર્ણ સાર્વભૌમ રાજ્યને સાદિ અનંત ભાંગે નિષ્કંટક કર્યો.

**સકલ નિવારીરે સાહેબ અવતર્યોજી, દ્રવ્ય ભાવ અરિ-લેશ; ભોગી ઉપયોગી રે જ્ઞાન ગુણે ભર્યોજી, સહજ સ્વભાવ વિલાસ હું૦ ૬**

અર્થ—હે પ્રભો ! જ્ઞાનાવરણીયાદિ દ્રવ્ય શત્રુ અને વિભાવ પરિણતિરૂપ ભાવ વૈરિનો સમૂલ નાશ કરી, આપશ્રી સંપૂર્ણ સ્વરાજ્યના અધિપતિ થયા; અને આપના સહજ નિરૂપાધિક સ્વભાવ સુખના વિલાસી-ભોક્તા બન્યા છો. વલી આપશ્રી અખંડ સતત્ જ્ઞાન ગુણ વડે સ્વરાજ્યની સ્થિતિ અને નીતિના સાવધાન પણે ઉપયોગી-જાણનાર છો.

**સાધક મુનિવર હો દેશ વિરતિ ધરૂજી, આચારજ ઉવઝાય; કારણ રૂપેરે યોગ ક્ષેમંકરૂજી, આતમ સિદ્ધિ અનંત હું૦ ૭**

અર્થ-સ્વયં પાંચ આચારના પાલનાર અને અન્યને પલાવનાર તે આચાર્ય, સ્યાદ્વાદ શૈલિએ સૂત્ર-અર્થના દાતાર તે ઉપાધ્યાય, અને મુક્તિ માર્ગના સાધક સાધુ તથા દેશ વિરતિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( શ્રાવકો ) સર્વ આપશ્રીની આજ્ઞાનું આરાધન કરે છે–અનંત આત્મિક ગુણ પ્રગટાવવા ઉદ્યમ કરે છે. તે સર્વના આપશ્રી યોગ ક્ષેમના કરનાર હોવાથી પરમ ઉત્તમ નિમિત્ત કારણ છો.

**આણા રાગી હો સહુ જિનરાજનાજી, સમ્યક્ દષ્ટિ જીવ; સેવે પદ પંકજ હો શ્રી મહારાજનાજી, આતમ સાધન કાજ હું૦ ૮**

અર્થ—ચતુર્થ ગુણસ્થાન વર્તિ સમ્યક્ દષ્ટિ જીવ, જોકે ચારિત્ર મોહનીયના ઉદયથી સાધન યાને વ્રતાદિ અનુષ્ઠાન કરી શકતા નથી તો પણ તે શ્રી જિનેશ્વરની આજ્ઞાના પરમ રાગી છે; તેથી પોતાના આત્મ સ્વરૂપને પ્રગટાવવા માટે આપશ્રીના ચરણ કમલની સેવા ભકિત કરે છે. અર્થાત્ વંદન પૂજન અને બહુમાન વડે ભકિત યોગમાં તત્પર રહે છે.

**ભકતેં રાચ્યો હો ભવ્ય આત્મરૂચિજી, દેવચંદ્ર જિનચંદ્ર; સંપત્તિ પ્રગટે હો સત્તાગત શુચિજી, અવ્યય અક્ષય શુદ્ધ હું૦ ૯**

અર્થ—શ્રીમાન દેવચંદ્રજી મહારાજ ઉપકારની ભાવના વડે ભવ્યાત્માઓને કહે છે કે:— હે ભવ્યો ! જો તમે સત્તાગત આત્મ લક્ષ્મીને પ્રગટાવવા ઇચ્છતા હો તો શ્રી જિનેશ્વરની પરમ ભકિતમાં તલ્લીન થાઓ તન્મય બનો, તોજ તમારી અવ્યય અક્ષય સર્વ પરભાવના સબંધ રહિત અને શુદ્ધ જ્ઞાનાદિક સંપત્તિ પ્રગટ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૧૯) દેવયશઃ જિન સ્તવન.

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું–એ દેશી.

**દેવજસા દરિસણ કરો, વિઘટે મોહ વિભાવ લાલરે;**
**પ્રગટે શુદ્ધ સ્વભાવતા, આનંદ લહરી દાવ લાલરે,**
**દેવ૦ ૧**

અર્થ—હે ભવ્ય જીવો ! અષ્ટાદશ દોષરહિત દ્વાદશ ગુણ-યુક્ત શ્રી દેવયશાઃ પ્રભુનું દર્શન કરો, તે પૂજ્ય પરમાત્માના સ્વરૂપનું સમ્યક્ પ્રકારે મનન કરો પ્રભુના યથાર્થ–સ્વરૂપ દર્શનથી અનાદિકાલથી લાગેલ વિભાવ ( મોહનીય કર્મરૂપ ) તે આત્માથી દૂર થાય, અને સમ્યક્ દર્શન ( શુદ્ધ સ્વભાવ ) પ્રગટ થાય સમ્યક્ દર્શન પ્રગટ થવાથી આત્મિક પરમાનંદની લહેરનો સમય પ્રાપ્ત થાય.

**સ્વામી વસો પુષ્કર વરે, જંબૂ ભરતે દાસ લાલરે;**
**ક્ષેત્ર વિભેદ ઘણો પડયો, કેમ પહોંચે ઉલ્લાસ લાલરે**
**દેવ૦ ૨**

અર્થ—હે પ્રભો ! આપશ્રી પુષ્કરવરદ્વીપમાં વિચરો છો અને આપશ્રીના દર્શનનો અભિલાષી સેવક હું જંબુદ્વીપના ભરત-ક્ષેત્રમાં વસું છું તમારા અને મારા વચ્ચે ક્ષેત્રનો અત્યંત અંતર પડયો, તેથી મારા મનની ઉમેદ કેમ પાર પડે ? અર્થાત્ દર્શન કરવાનો ઉલ્લાસ ઘણો છે પરંતુ તે શી રીતે સફલ થઇ શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હોવત જો તનુ પાંખડી, આવત નાથ હજુર લાલરે;**
**જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર**
**લાલરે દેવ૦ ૩**

અર્થ—હે જગન્નાથ! જો મારા શરીરમાં પાંખો હતે તો જરૂર ઉડીને આપશ્રીની પાસે આવીને સેવામાં હાજર રહેત અને વંદન પૂજન પણ કરત. અથવા જો મને અંતરચક્ષુ (અવધિજ્ઞાન–દર્શન) હતે તો અહિં રહ્યો થકો પણ નિરંતર આપશ્રીની વિભૂતિ (સમવસરણાદિક ઋદ્ધિ) ને જોયા કરત. પરંતુ તે બન્નેય શકિતથી હું રહિત હોવાથી આપશ્રીનું દર્શન વગેરે શી રીતે કરી શકું?

**શાસન-ભકત જે સુરવરા, વીનવું શીશ નમાય લાલરે;**
**કૃપા કરો મુઝ ઉપરે, તો જિન વંદન થાય લાલ રે,**
**દેવ૦ ૪**

અર્થ—હે શાસનના અધિષ્ઠાયક દેવો! હું તમને મસ્તક નમાવીને અરજ કરૂં છું કે—મારામાં પ્રભુશ્રીના દર્શન કરવાની શકિત નથી. માટે મને કૃપા કરીને મહાવિદેહક્ષેત્રમાં લઇ જઇને શ્રી દેવયશા પ્રભુના દર્શન-વંદન વગેરેનો અલભ્ય લાભ અપાવો. આ પંચમકાલમાં યક્ષા સાધ્વી વગેરે એ જિનનાદર્શન શાસનભકત દેવની સહાયતાવડે કરેલ છે. એમ શાસ્ત્રમાં કહેલું છે. માટે હું પણ શાસનરક્ષક દેવોને વીનવી રહ્યો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂછું પૂર્વ-વિરાધના, શી કીધી? એણે જીવ લાલ રે;**
**અવિરતિ મોહ ટલે નહિં, દીઠે આગમ દીવ લાલરે.**
**દેવ૦ ૫.**

અર્થ—( જો ત્યાં હું પહોંચું તો ) શ્રી દેવયશાઃને પૂછું કે—હે પ્રભો! મારે જીવે પૂર્વભવમાં એવી શી આત્મધર્મની અત્યંત વિરાધના કરી છે? તે કૃપા કરીને કહેશો? અરે! ચેતન-જડનાં યથાર્થ સ્વરૂપને પ્રકાશ કરનાર આગમદીપકની મને પ્રાપ્તિ થઇ-આગમનો બોધ થયો. છતાં પણ અવિરતિનો મોહ ( ચારિત્ર મોહનીય ) અને રાગ દ્વેષની પરિણતિ ટળતી નથી. કારણ? પુદ્ગલમાં મમત્વભાવરૂપ અવિરતિ વર્તે છે. તેને લઇને કષાય ( ક્રોધાદિક ) ની પરિણતિ મારા આત્મધર્મને મલીન કરે છે; અને આત્મસ્વરૂપને પ્રગટ થવા આપતી નથી.

**આતમ શુદ્ધ સ્વભાવને, બોધન શોધન કાજ લાલરે;**
**રત્નત્રયી પ્રાપ્તિ તણો, હેતુ કહો મહારાજ! લાલ રે,**
**દેવ૦ ૬.**

અર્થ—સર્વ કર્મકલંક રહિત-નિષ્કલંક શુદ્ધાત્મ સ્વભાવનો યથાર્થ બોધ જેનાવડે થાય તે જ્ઞાન અને અનાદિકાલના વિભાવ રૂપ મિથ્યાત્વનો નાશ દર્શન અને અવિરતિ કષાય અને યોગ રૂપ-મલનું શોધન તે ચારીત્ર એ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ, હે કરૂણાસાગર! શીરીતે થાય તે કૃપા કરીને કહો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તુજ સરિખો સાહેબ મલ્યો, ભાંજે ભવભ્રમ ટેવ લાલરે,**
**પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પરસેવ લાલ રે.**
**દેવ૦ ૭**

અર્થ—હે પ્રભો! તમારા જેવો નાથ મલ્યો. અર્થાત અનંતગુણનો નિધાન-રત્નત્રયીની પ્રાપ્તિ કરાવનાર પ્રભુનો મેળાપ થતાં સંસારમાં ભટકવાની કુટેવથી મુક્ત કરનાર અને મારા આત્મ સ્વરૂપને પ્રગટ કરવામાં પુષ્ટ નિમિત્તભૂત પ્રભુનું દર્શન પામ્યા પછી અન્ય સરાગિ દેવોની કોણ સેવા કરે? અથવા આપના દર્શનથી આત્મસ્વરૂપની ઝાંખી (ઓળખાણ) થવાથી આત્મ-સાધનની પરિણુતિને છોડી કરી પરભાવને કોણે સેવે.

**દીન દયાલુ કૃપાલુઓ, નાથ ભવિક આધાર લાલ રે,**
**દેવચંદ્ર જિન સેવના, પરમ અમૃત સુખકાર લાલ રે,**
**દેવ૦ ૮**

અર્થ—ચતુર્ગતિરૂપ સંસારમા પરિભ્રમણ કરનાર, કર્મોદય જન્ય દુઃખને ભોગવનાર અને જ્ઞાનાદિ દ્રવ્ય રહિત એવા દીન જીવો પ્રત્યે કૃપાના કરનાર પરમ દયાલુ હે પ્રભો! આપ અનાથના નાથ છો અને ભવસમુદ્રમાં બૂડતાં પ્રાણિઓને આધારરૂપ છો. શ્રી દેવચંદ્રજી કહે છે કે— શ્રી જિનેશ્વરની સેવના પરમ અમૃત સમાન ઉત્કૃષ્ટ સર્વ સુખને આપનારી અને ભવની વ્યાધિને નાશ કરનારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૨૦) શ્રી અજિતવીર્ય જિન સ્તવન.

મન મોહનાલાલ—એ દેશી.

**અજીત વીર્ય જિન વિચરતા રે, મનમોહનાલાલ; પુષ્કર અર્દ્ધ વિદેહરે, ભવિ બોહના લાલ. જંગમ સુરતરૂ સારિખોરે, મ૦ સેવે ધન્ય ધન્ય તેહરે. ભ૦ ૧.**

અર્થ—અતિશય સહજ પરાક્રમવડે મોહ શત્રુને જેણે લીલા માત્રમાં જીતી લીધેલ એવા શ્રી અજીતવીર્યસ્વામી વર્ત-માનકાલે પુષ્કરાર્દ્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. તે પ્રભુની પરમ શાંત સુખ-મુદ્રાને નિહાળી ભવ્યજનોનું મન પ્રશસ્ત રાગવડે મોહિત થવા પામે છે. તેથી આપ મનમોહન છો પાંત્રીશ પ્રકારના વચનાતિશય વિશિષ્ટ વાણીવડે પ્રભુશ્રી ભવ્ય-જનોને બોધ આપે છે. વલી પ્રભુશ્રી સાક્ષાત્ જંગમ કલ્પવૃક્ષ છે. સ્થાવર કલ્પવૃક્ષ એકજ સ્થળે રહીને ક્ષણિક પૌદ્ગલિક સુખને આપે છે. ત્યારે પ્રભુશ્રી અનેક સ્થલે વિહાર કરીને ભવ્યજનોના સંશયને દૂર કરી રત્નત્રયની પ્રાપ્તિ કરાવી ધ્રુવ-અવિનશ્વર આત્મિક સહજાનંદ સુખને આપે છે. માટે પ્રભુશ્રી અનુપમ અદ્વિતીય જંગમ કલ્પવૃક્ષ છે, તેમના ચરણકમલની જે ભાવપૂર્વક ભક્તિ-સેવા કરે છે તે કૃત પુણ્ય છે-ધન્ય છે.

**જિનગુણ અમૃત પાનથી રે, મ૦ અમૃત ક્રિયા સુપ-સાયરે; ભ૦ અમૃત ક્રિયા અનુષ્ઠાનથીરે, મ૦ આત્મા અમૃત થાયરે. ભ૦ ૨**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—શ્રી જિનેશ્વરના અંતરંગ જ્ઞાનાદિક ગુણનું વર્ણન ધ્યાન અને બહુમાન રૂપ અમૃતનું પાન કરવાથી અમૃત ક્રિયાની પ્રાપ્તિ થાય અમૃત ક્રિયા અનુષ્ઠાનના યોગથી આત્મા પણ અમૃતમય થાય, અર્થાત્ જન્મ મરણ રોગ રહિત અજરામર થાય. અનુષ્ઠાન ( ક્રિયાના ) પાંચ પ્રકાર છે તે આ પ્રમાણેઃ—૧ વિષાનુષ્ઠાન ૨ ગરલાનુષ્ઠાન ૩ અન્યોન્યાનુષ્ઠાન ૪ તદ્હેતુ અને ૫ અમૃતાનુષ્ઠાન–મિષ્ટાન વસ્ત્ર ધન યશઃ માન વગેરે આ લોકના સુખની ઈચ્છાપૂર્વક જે તપ જપ વગેરે ક્રિયા કરવી તે વિષાનુષ્ઠાન ક્રિયા કહેવાય તે વિષની જેમ તત્કાલ મારનાર–જન્મ મરણ કરાવનાર થાય છે. રાજા મહારાજા ચક્રવર્તિ અને દેવ વગેરે પરલોકના સુખની અભિલાષા પૂર્વક જે ક્રિયા કરે તે ગરલાનુષ્ઠાન કહીએ તે હડકાયા કુતરાની ગરલ ( વિષ ) જેમ કાલાંતરે મારનાર થાય. સૂત્રકથિત માર્ગની અપેક્ષા વિના અને શુદ્ધ પ્રણિધાનપણા રહિત સમુચ્છિમની પરે ઓઘસંજ્ઞાએ કે લોકસંજ્ઞાએ જે ક્રિયા કરવી તે અન્યોન્યાનુષ્ઠાન એ ક્રિયા તત્ત્વ શૂન્ય–કષ્ટરૂપ છે ઉપર્યુક્ત ત્રણ ક્રિયાઓ આજ્ઞારહિત હોવાથી ત્યાજ્ય છે. મોક્ષનેજ લક્ષ્યમાં રાખીને સદ્ અનુષ્ઠાનમાં પ્રશસ્ત રાગ સહિત શાસ્ત્રાનુસારિ—માર્ગાનુસારિ પુરૂષની જે ક્રિયા તે તદ્હેતુ અનુષ્ઠાન કહેવાય છે. જો કે તદ્હેતુ અનુષ્ઠાન, ચરમાવર્તમાં યાને આસન્ન સિદ્ધિની દશામાં પ્રાપ્ત થાય છે. તથાપિ એ અનુષ્ઠાનમાં જીવાત્મા વિધિ માર્ગપ્રતિ અતિ આદર–બહુમાન અને ઉપયોગ પૂર્વક પ્રવર્ત્તવાની પ્રબલ ઇચ્છા વર્ત્તે છે, તથાપિ તથા વિધ ન પ્રવર્ત્તી શકે; તો પણ એ ક્રિયા અતિશય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતકારક-સાધ્ય સાધક છે. સહજ શુદ્ધ સ્વભાવ ધર્મ સહિત જે ક્રિયા તે અમૃતાનુષ્ટાન કહેવાય છે એ અનુષ્ટાન કરનાર ચિત્તની અતિ શુદ્ધિ પૂર્વક વિધિ માર્ગ પ્રતિ યથાર્થ રીતે પ્રવૃત્તિ કરવાથી મોહનો તત્કાલ ક્ષય કરનાર થાય છે.

**પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથીરે, મ૦ વચન અસંગી સે- વરે; ભ૦ કર્ત્તા તન્મયતા લહેરે, મ૦ પ્રભુ ભક્તિ નિત્ય મેવ. ભ૦ ૩**

**અર્થ.**—અથવા ચાર પ્રકારના અનુષ્ઠાન પણ કહેલા છે તે આ પ્રમાણે—૧ પ્રીતિ અનુષ્ઠાન ૨ ભકિત અનુષ્ઠાન ૩ વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન-પ્રીતિઅનુષ્ટાન કોને કહીએ? સર્વ પરભાવમાંથી પ્રીતિને તોડી એક જિનેશ્વરના સ્વરૂપમાં એકાગ્ર ચિત્તનું જોડવું તે પ્રીતિઅનુષ્ટાન પરમોપકારી જિનરાજનું પ્રેમ પૂર્વક વંદન નમન સ્તવન અને પૂજન કરવું તે ભકિત અનુષ્ઠાન. લોકાલોક પ્રકાશક તીર્થંકર દેવની આજ્ઞા પ્રમાણે પ્રેમપૂર્વક પ્રવૃત્તિ કરવી અર્થાત્ આજ્ઞા પ્રધાની થવું તે વચનાનુષ્ટાન અને જિનાજ્ઞાવડે પૂર્વોકત ત્રણ અનુષ્ઠાન કરતાં સહજ નિરાલંબન અને કેવલ પૂર્વના અભ્યાસથી સકલ પરભાવના સંગ રહિત પ્રવૃત્તિ કરવી તે અસંગાનુષ્ઠાન પૂર્વના બે અનુષ્ઠાન દ્રવ્યાનુષ્ઠાન છે અને પાછલા બે અનુષ્ઠાન ભાવ અનુષ્ઠાન છે. દ્રવ્યાનુષ્ઠાન તે ભાવાનુષ્ઠાનનુ નિમિત્ત છે ભાવાનુષ્ઠાનના ઇચ્છક જીવાત્માએ અવશ્ય દ્રવ્યાનુષ્ઠાન પ્રેમપૂર્વક કરવા યોગ્ય છે નિરંતર પ્રભુ-ભકિત કરનાર તન્મય પ્રભુમય થવા પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરમેશ્વર અવલંબનેરે, મ૦ ધ્યાતા ધ્યેય અભેદરે;**
**ભ૦ ધ્યેય સમાપ્તિ હુવેરે, મ૦ સાધ્ય સિદ્ધિ અવિ-**
**ચ્છેદ. ભ૦ ૪**

**અર્થ**—પરમ ઐશ્વર્યવાન્ જિનેશ્વરના અવલંબનથી તેના અનુકરણથી-ધ્યાતા પુરૂષ પોતાના શુદ્ધ સિદ્ધ સમાન પરમાત્મ પદ ધ્યેયથી અભેદ થાય અર્થાત્ પરમાત્મ સ્વરૂપ થાય. જ્યારે ધ્યેય પદની સમાપ્તિ થવાથી સાધ્યની સિદ્ધિ, નિષ્કંટકપણે સાદિ અનંત ભાંગે અક્ષય થવા પામે.

**જિનગુણ રાગ પરાગથી રે, મ૦ વાસિત મુજ પરિ-**
**ણામરે; ભ૦ તજશે દુષ્ટ વિભાવતારે, મ૦ સરસે**
**આતમ કામરે. ભ૦ ૫**

**અર્થ**—જેમ મલયગિરિના ચંદનના સુગંધથી વાસિત-ગંધ વગરના વૃક્ષ નિંબાદિક તે પણ ચંદન સમાન સુગંધવાળા થાય છે. તેમ શ્રી જિનેશ્વરના દિવ્ય ક્ષાયિક ગુણની સ્તુતિ રૂપ પ્રશસ્ત સુગંધથી વાસિત મારો અંતરાતમા, દુષ્ટ વિભાવ-મિથ્યાત્વાદિક-દુર્ગંધનો ત્યાગ કરી આત્મિક ગુણ પ્રાગ્ભાવરૂપ સુગંધને પ્રાપ્ત થશે અર્થાત્ મારા કાર્યની અવશ્ય સિદ્ધિ થશે.

**જિનભક્તિ રત્ત ચિત્તનેરે, મ૦ વેધક રસગુણ પ્રેમરે;**
**ભ૦ સેવક જિનપદ પામશેરે, મ૦ રસવેધિત અયઃ**
**જેમરે ભ૦ ૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ.**—જેમ લોઢું અત્યંત કુરૂપ કઠણુ અને અલ્પમૂલ્યવાળું હોવા છતાં પણુ વનસ્પતિના પ્રયોગથી સિદ્ધ થયેલ રસ (પારદ વગેરે)ના સંયોગથી લોઢું મટી અત્યંત સુંદર પીતવર્ણવાલું મૃદુ અને બહુ મૂલ્યવાલું સુવર્ણ (સોનું) થાય છે. તેમ હું પણુ અત્યંત ક્રોધાદિકથી કદ્રૂપ, પુદ્ગલના યોગથી કર્કશ અને જ્ઞાનાવરણીયાદિ કર્મના ઉદયથી અલ્પમૂલ્યવાલો અલ્પજ્ઞ છું- લોઢા સમાન છું. તોપણુ શ્રી જિનેશ્વરદેવની પરમભક્તિ- રાગરૂપ રસથી મારૂં ચિત્ત વેધિત થયું છે, માટે હું પણુ જિનપદને અવશ્ય પામીશ. કારણુ? જડ લોઢું પણુ પારદરસથી વેધિત થવાથી સુંદર સુવર્ણ બને છે, તો આપશ્રીની ભકિતરૂપ સચેતન રસથી મારા કાર્યની સિદ્ધિ કેમ ન થાય? અવશ્ય થાયજ.

**નાથ ભકિતરસ ભાવથી રે, મ૦ તૃણુ જાણું, પરદેવ, ભ૦ ચિંતામણિ સુરતરૂ થકી રે, મ૦ અધિકી અરિહંત સેવ, ભ૦ ૭.**

**અર્થ**—આ ભવારણ્યમાં ભ્રમણુ કરતાં મોહાદિચોરોએ જેના ધર્મ ધનને લૂંટી લીધા છે એવા અનાથજનોના (મારા જેવાના) હે નાથ! આપશ્રીની ભકિતરસના પાનથી તૃપ્ત થયેલ હું, અન્ય વિષય-કષાયથી ગ્રસિત થયેલ સરાગી દેવોને તૃણુ સમાન ગણું છું. જેમ અમૃતરસનો પાન કરનાર કયારે પણુ વિષનું ભક્ષણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે નહિં. તેમ આપશ્રીની ભક્તિરૂપ અમૃતથી તૃપ્ત થયેલ હું રાગાદિ દોષયુક્ત દેવોની ભક્તિરૂપ વિષનું ભક્ષણ ન કરૂં.

અરિહંત પરમાત્માની ભક્તિ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે. અનંતગુણી છે. કારણ? ચિંતામણિ વગેરે ક્ષણભંગુર અને પૌદ્ગલિક સુખને આપે છે, અને વીતરાગદેવની સેવાભક્તિ તો અપરિમિત અને શાશ્વત આત્મિક સુખને આપે છે.

**પરમાત્મ ગુણ સ્મૃતિ થકી રે, મ૦ ફરસ્યો આતમ રામ રે; ભ૦ નિયમા કંચનતા લહે રે, મ૦ લોહ જ્યું પારસ પામ રે. ભ૦ ૮.**

અર્થ—જેમ લોહું પારસમણિના સંયોગથી અવશ્ય સુવર્ણ થાય છે. તેમ પરમાત્માના અનંત ક્ષાયક ગુણનું સ્મરણ-ધ્યાન કરવાથી—તન્મય થવાથી—લોહ સમાન મારો આત્મા પણ જિનના ગુણ સ્મરણરૂપ પારસમણિના યોગથી અવશ્ય આત્મિક ગુણની સિદ્ધિરૂપ સુવર્ણ થશે. એમ મને ચોક્કસ ખાત્રી છે.

**નિર્મલ તત્ત્વરૂચિ થઇ રે, મ૦ કરજો જિનપતિ—ભક્તિ રે; ભ૦ દેવચંદ્ર પદ પામશો રે, મ૦ પરમ મહોદય યુક્તિ રે. ભ૦ ૯.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—ભાવદયાના અતિશય પરિણામથી શ્રી દેવચંદ્રજી ગણિવર્ય, ભવ્યજીવોને ઉપદેશે છે કે— હે ભવ્યો! અનંતગુણાકર નિષ્કારણ જગદ્ઉપકારી કૃપાનિધાન અને અશરણ શરણ્ય શ્રી જિનેશ્વરદેવની પરમ ભક્તિ કરો-તે પણ પૌદ્‌ગલિક સુખની ઈચ્છાને અટકાવી ઓઘસંજ્ઞા-લોક સંજ્ઞાને ટાલી શુદ્ધ પરમાત્મ સ્વરૂપની ઓળખાણ પૂર્વક પોતાના આત્માને સંગ્રહ નયવડે તત્સમાન જાણી શક્તિથી પરમાત્માની સાથે સમાનતા વિચારી અને વ્યક્તિથી પ્રભુ વચ્ચે આપણું અંતરને નિર્ધારી એ અંતર કેમ ટળે? એકતા કેમ થાય? એવીરીતે સાધ્યનું ચોક્કસ કરીને-સાધ્યની સિધ્ધિ કરવા માટે ભક્તિ કરજો. શ્રી જિનાજ્ઞાએ વર્તજો સ્વરૂપમાં એકાગ્ર થજો. જેમ બને તેમ અધ્યાત્મ રસમાં મગ્ન થજો, તો સર્વ દેવમાં શ્રેષ્ટ પરમાત્મ પદને પ્રાપ્ત કરશો. અર્થાત્ પરમોત્કૃષ્ટ અને સ્વાધીન અનંતગુણ પ્રાગ્ભાવ રૂપ મહોદય પામશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કળશ.

રાગ ધન્યાશ્રી.

**વંદો વંદો રે જિનવર વિચરંતા વંદો, કીર્તન સ્તવન નમન અનુસરતાં; પૂર્વ પાપ નિકંદો રે વંદો વંદો રે જિનવર વિચરંતા, વંદો૦ ૧.**

અર્થ—વર્તમાનકાલે પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે વિચરતા વીશ વિહરમાન જિનેશ્વરોને ભાવસહિત વંદન કરો તેઓનું ગુણ કીર્તન–સ્તવન કરો; માર્દવ સહિત–અત્યંત ભકિત પૂર્વક નમસ્કાર કરો. તેઓની આજ્ઞાને અનુસરો, જેથી પૂર્વ સંચિત દુષ્કર્મનો નાશ થાય.

**જંબૂદ્વીપે ચાર જિનેશ્વર, ધાતકી આઠ આણંદો; પુષ્કર અર્દ્ધ આઠ મહામુનિ, સેવે ચોશઠ ઈંદો રે. જીન૦ ૨.**

અર્થ—જંબૂદ્વીપના એક મહા વિદેહમાં ચાર ધાતકીખંડ દ્વીપના બે મહાવિદેહમાં આઠ અને પૂષ્કારાર્ધ્ધદ્વિપનાં બે મહા-વિદેહમાં આઠ તીર્થંકરો. એમ સર્વ મલી વીશ વિહરમાન વિચરે છે; તેઓની બત્રીશ વ્યંતરેંદ્રો વીશ ભવનપતિના ઈંદ્રો, બે જ્યોતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષિના ઇંદ્રો અને દશ વૈમાનિક ઇંદ્રો, એકંદર ચોસઠ ઇંદ્રો સેવા કરે છે.

**કેવલી ગણધર સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકા વૃંદો;**
**જિનમુખ ધર્મ અમૃત અનુભવતાં, પામે મન આણંદો રે.**
**જિન૦ ૩**

અર્થ—શ્રી તીર્થંકરના મુખકમલમાંથી નીકલતા વચન મકરંદનો આસ્વાદ, કેવલિ ભગવાન્ ગણધર સાધુ સાધવી અને શ્રાવક શ્રાવિકાઓ હર્ષપૂર્વક લીએ છે; અને તે મકરંદરસનો અનુભવ કરી હૃદયમાં આનંદ પામે છે. યદ્યપિ કેવલિઓ સ્વયં-કૃત્ય કૃત હોય છે તથાપિ તીર્થંકરદેવને પ્રદક્ષિણા આપીને તેઓ કેવલિ–પરિષદ્‌માં બિરાજે છે; અને તીર્થંકરદેવનો ઉપદેશ સાંભળે છે. સાંભળવું એ તેઓનો આચાર માત્ર છે. જિનેશ્વરપદનું બહુ માન છે. ખાસ સાંભળવાનો કંઈ ઉદ્દેશ નથી.

**સિદ્ધાચલ ચોમાસું રહીને, ગાયો જિનગુણ છંદો;**
**જિનપતિ–ભકિત મુકિતનો મારગ, અનુપમ શિવસુખ કંદો રે. જિન૦ ૪.**

અર્થ—નેમિનાથ તીર્થંકર સિવાય ત્રેવીશ તીર્થંકરોના પવિત્ર ચરણ વડે નિર્મલ થયેલ, અને મુનિવરો જ્યાં મોક્ષ ગયેલા, અજીતનાથ અને શાંતિનાથ પ્રભુએ અનેક સાધુના પરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર સહ જ્યાં ચાતુર્માસ કરેલ અને ઋષભદેવ ભગવાન્ જ્યાં પૂર્વ ૯૯ વાર સમવસરેલા એવા મહા મહિમા વાલો જે સિધ્ધાચલ તીર્થ ( શત્રુંજય ) માં ચાતુર્માસ રહીને જિનેશ્વરોના પવિત્ર ગુણો જેમાં વર્ણવાયેલા એવા આ સ્તવનો મેં ( દેવચંદ્ર ગણિએ ) રચ્યા. રચના કરવાના કારણ તરીકે તે તેઓ કહે છે કેઃ- - શ્રી જિનેશ્વરની ભકિત એજ મુકિતનો માર્ગ છે અને ઉપમા રહિત મોક્ષના સુખનું પણ પ્રબલ નિમિત્ત છે. એટલે ભકિત માટે આ સ્તવનો રચ્યા છે.

## પ્રશસ્તિ.

**ખરતર ગચ્છ જિનચંદ્ર સૂરિવર, પુણ્ય પ્રધાન મુ-**
**ણિંદો; સુમતિ સાગર સાધુરંગ સુવાચક, પીધો**
**શ્રુતમકરંદોરે. જિન૦ ૫**

અર્થ.—સ્તવન કર્ત્તા પોતાની ગુરૂ પરંપરા કહે છેઃ— ખરતરગચ્છને વિષે યુગપ્રધાન શ્રી જિનચંદ્ર સૂરિવર્ય થયા તેમના શિષ્ય ' પુણ્યપ્રધાન ' મુનીંદ્ર, તેમના શિષ્ય ' સુમતિ સાગર ' તેમના શિષ્ય ' સાધુરંગ ' ઉપાધ્યાય થયા તે સર્વ સિધ્ધાંત રૂપ મકરંદના પાન કરનારા થયાઃ-ગીતાર્થ હતા.

**રાજ સાગર પાઠક ઉપકારી, જ્ઞાન ધર્મ દિણંદો;**
**દીપચંદ્ર સદ્‌ગુરૂ ગુણવંતા, પાઠક ધીર ગયિંદોરે જિન૦ ૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—સાધુ રંગ વાચકના શિષ્ય પરમ ઉપકારક 'રાજ સાગર ' ઉપાધ્યાય થયા. તેમના શિષ્ય અજ્ઞાન અંધકારને નાશ કરનાર સૂર્ય સમાન અધ્યાપક ' જ્ઞાનધર્મ ' તેમના શિષ્ય ( મારા સદ્ગુરૂ ) પરમ ગુણવાન્ મને જ્ઞાનાદિ ગુણના દાતાર પરમ ધીર ગજેંદ્ર સમાન પરમ ઉપકારક શ્રીમાન ' દીપચંદ્ર ' થયા.

**દેવચંદ્ર ગણી આતમ હેતેં, ગાયા વીશ જિણંદા;**
**ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ પ્રગટે, સુજશ મહોદય**
**વૃંદો રે જિન૦ ૭**

અર્થ.—સદ્ગુરૂ શ્રી દીપચંદ્ર પાઠકના શિષ્ય દેવચંદ્રજીએ વિદ્યમાન વીશ તીર્થંકરના સ્તવનો ગાયા તે કેવલ આત્મ કલ્યાણ માટે ગાયા છે. જિનેશ્વરના ગુણ ગાવાથી જ્ઞાનાદિ ઋદ્ધિની વૃદ્ધિ થાય વળી અત્યંત સુખ સંપત્તિ પ્રગટે અને અખુટ નિર્મલ યશઃ વિસ્તરે છેવટમાં પરમ મહોદય અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દોહાઃ

ગણિ વર્ય દેવચંદ્ર કૃત, સ્તવના અતિ અદ્દભૂત;
ભકિતભર અધ્યાત્મરસ, દ્રવ્યાનુયોગે યુકત. ૧

ગંભિર અર્થે એ ભરી, આશય અતિશય ગૂઢ;
લહે પરમાર્થ પંડિતો, હું કેમ જાણું ? મૂઢ. ૨

તો પણ કાંઇક શાસ્ત્રથી, સમજી સુગુરૂ પસાય;
વ્યાખ્યા કીધી તેહની, દોષ મ દેજો ભાય ( ભ્રાત ) ૩

કરૂણા મુજ પર આણીને, કોવિદ કરજો શુદ્ધ;
મિથ્યા દુષ્કૃત તેહનો, જે મેં કહ્યું અશુદ્ધ. ૪

રસ[૬] સિદ્ધિ[૮] નિધિ[૯] વિધુ[૧] વર્ષમાં, પોષ માસસિતપક્ષ;
ત્રયોદશી શશી વાસરે, વ્યાખ્યા કરી સલક્ષ. ૫

સ્વચ્છ વર કચ્છ દેશમાં, પાવન ' પત્રી ' ગ્રામ;
ઓશ વંશ વીરજી સુત, ' ગાંમજી ' એ અભિરામ. ૬

સ્વ-પરહિતાર્થે કર્યો, સરલ યથામતિ અર્થ;
વાંચી આત્મ-આરાધજો, પરમ સાધજો અર્થ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संग्रह शतक.

સંગ્રહ શતકના કર્તા પ્રથમ નમસ્કારાત્મક મંગલકર્તા કહે છે કે—

वीरं तिलोयनाहं, वंदिअ भणामि साररयण गाहा;
आय पर हिय द्वाए, उद्धरिआ सुय समुद्दाओ. ॥ १ ॥

અર્થ—ત્રણ લોકના નાથ-યોગ ક્ષેમના કરનાર-શ્રી વીર-પ્રભુને વંદન કરીને-સ્તવીને-સ્વપરના હિત-કલ્યાણ માટે સૂત્રરૂપ સમુદ્રમાંથી સારરૂપ ગાથારત્નને ઉદ્ધરૂં છું-સ્વીકારૂં છું.

नयर रह चक्क पउमे, चंदे सूरे समुद्द मेरुंमि;
जो उवमिज्जइ सययं, तं संघ गुणायरं वंदे. २

અર્થ—શ્રીમાન્ દેવવાચક ક્ષમાશ્રમણે નંદી સૂત્રમાં શ્રી સંઘને વિવિધ ઉપમાઓ આપીને સંઘની સ્તવના કરેલ છે. તે આ પ્રમાણે— ૧ નગર, ૨ રથ, ૩ ચક્ર, ૪ પદ્મકમલ, ૫ ચંદ્ર, ૬ સૂર્ય, ૭ સમુદ્ર અને ૮ મેરૂ. એ આઠ ઉપમાં વડે પ્રશંસવા લાયક શ્રી સંઘ છે. અષ્ટોપમા વિશિષ્ટ જ્ઞાનાદિ ગુણવાન્ શ્રી સંઘ રૂપ ગુણાકર (ખાણ) ને હું વંદન કરૂં છું- સ્તુતિ કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘકોને કહેવાય તેનું સામાન્ય સ્વરૂપ.—

एगो साहु एगा य, साहुणी सावयोय साविया वा;
आणा जुत्तो संघो, सेसो पुण अट्ठि संघाओ ३

અર્થ—એક સાધુ એક સાધ્વી એક શ્રાવક અને એક શ્રાવિકા એ જિનાજ્ઞાયુક્ત હોય તો તે પણ 'સંઘ' કહેવાય. પરંતુ જિનાજ્ઞા વિરૂદ્ધ હોય-રહિત હોય-તો બહુલ સમુદાય હોવા છતાં પણ તે હાડકાનો સમૂહ છે. હાડકાનો ભારો છે.

શાંતિકર અને ભયંકર સંઘનું સ્વરૂપ કહે છે—

अम्माप़िय सारिच्छो, सिव घर थंमो य होइ जिण संघो;
जिणवर-आणावज्झो, सप्पुव भयंकरो संघो. ॥ ४ ॥

અર્થ—માતા પિતા સમાન અને મોક્ષ રૂપમંદિરના સ્તંભભૂત તે સંઘ જેથી જિનેશ્વરની આજ્ઞા બાહિર-આજ્ઞા વિહીન હોય તે સર્પની માફક ભયંકર છે-દુઃખરૂપ છે.

વર્તમાન શાસન શ્રી વર્દ્ધમાન સ્વામિનું છે તે કહે છે.

निव्वुइ पह सासणयं, जयइ सया सवभाव देसणंच;
कुसमय मय णासणयं, जिणंद वर वीर सासणायं. ५.

અર્થ—નિર્વૃત્તિ ( મોક્ષ ) ના માર્ગની સદા શિક્ષા આપનારૂં, સર્વ ભાવ ( ષડ દ્રવ્ય ) ના સ્વરૂપને યથાર્થ પ્રકાશનારૂં દેખાડનારૂં અને કુસમય ( પાખંડ શાસ્ત્ર ) ના મદને નાશ કરનારૂં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જિનેશ્વર વીરભગવાનનું પ્રધાન ' શાસન ' જયવાન્ વર્તે છે. ( આ કાલમાં વીર શાસનનો પરમ આધાર છે)

**શાસન પ્રત્યે પૂરણ શ્રધ્ધાવાન્ સમકિતી કહેવાય છેઃ—**

सव्वाइ जिणेसर भासिआइं वयणाइं नन्नहा हुंति;
इअं बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ६

અર્થ—શ્રી જિનેશ્વરે કહેલ વચનો અન્યથા નથી પરમ સત્ય છે. એ બુદ્ધિ જેના મનમાં છે તેનું નિશ્ચલ સમકિત ( શ્રદ્ધાન ) છે. અર્થાત્ તે શ્રદ્ધાન સમકિત જાણવું.

સમકિતનું સ્વરૂપ કહે છે—

देवो जिणिंदो गय राग दोसो, गुरुवि चारित्त रहस्स कोसो;
जीवाइ तत्ताण य सद्दहाणं, सम्मत्तमेवं भणियं प्पहाणं ७

અર્થ—રાગ દ્વેષ રહિત જે જિનેશ્વર તે દેવ. જે ચારિત્ર-રહસ્યના ભંડાર તે ગુરૂ. જીવાદિક તત્ત્વોની યથાર્થ સદ્દહણા ( શ્રદ્ધા ) તે પ્રધાન સમકિત જાણવું.

દેવગુરૂ અને ધર્મનું સ્વરૂપ કહે છે.—

देवो जिणोट्ठारस्स दोस वज्जिओ, गुरु सुसाहुणो समलोट्ठकंचणो;
धम्मो पुणो जीव दयाइ सुंदरो, सेवेह एयं रयण तयं सया. ८

અર્થ—જે અઢાર દોષ રહિત તે દેવ. જે પત્થર અને સુવર્ણને સમાન ગણનાર ( અપરિગ્રહી ) તે ગુરૂ. અને સુંદર જીવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયા વગેરે ( સત્યાદિ ) તે ધર્મ. એ ત્રણ તત્ત્વને સદાય હે ભવ્યો! સેવો. એ તત્ત્વત્રયની શ્રદ્ધા તે સમકિત જાણવું.

**સમકિતનું મહાત્મ્ય અને ફલ—**

समद्दिट्ठी जीवो, जइवि हु पावं समायरइ किंचि;
अप्पोहि होइ बंधो, जेण न निद्धंद्धसं कुणइ. ९

**અર્થ**—યદ્યપિ સમ્યક્દષ્ટિ જીવ, જે કંઈ પાપને આચરે છે-કરે છે; તેનો બંધ ચોક્કસ અલ્પ થાય છે. કારણ ? સમકિતિનુ મન નિશુક હોય નહિ. અર્થાત્ હૃદયમાં પાપનો સત્ય ભય હોય છે તેથી ઉદાસીન ભાવે પ્રવૃત્તિ કરે છે.

**સમકિત વિના મોક્ષ ન હોય તે કહે છે—**

विरया सावज्जाओ, कसाय हीणा महव्वय धरावि;
सम्मदिट्ठी विहूणा, कयावि मोक्खं न पावंति. १०

**અર્થ**—સાવદ્ય ( પાપ સહિત ) યોગથી નિવૃત્તિ પામેલા, અલ્પ કષાયવાલા અને પાંચ મહાવ્રતના પાલનારા. તે પણ સમકિત વિના કયારે પણ મોક્ષને તે પ્રાપ્ત ન કરે.

**સમકિતી જીવ જે ગતિનું આયુષ્ય બાંધે તે કહે છે—**

सम्मत्तंमि उ लध्धे, विमाण वज्जं न बंधए आऊ;
जइ न विगय सम्मत्तो, अहव न बद्धाउओ पुव्विं. ११

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—સમકિત પ્રાપ્ત થયે છતે વૈમાનિક દેવ સિવાય અન્ય ગતિનું આયુષ્ય ન બાંધે. પરંતુ સમકિતને વમ્યું ન હોય. અથવા સમકિત પામ્યા પહેલા આયુષ્યનો બંધ ન થયો હોય; ત્યારેજ વૈમાનિક દેવ સિવાય અન્ય ગતિનું આયુષ્ય ન બાંધે.

સમકિતનું સ્વરૂપ પ્રકારાંતરે કહે છે.—

नय भंग प्पमाणेहिं, जो अप्पासाय वाय भावेण;
मुणई मोख्ख ससवं, सम्मदिट्टी य सो ने ओ. १२

અર્થ—નૈગમાદિક સાત નય, સ્યાદસ્તિ વગેરે સપ્ત ભંગ અને પ્રત્યક્ષાદિક પ્રમાણ વડે સ્યાદ્વાદશૈલિએ. જે જીવાત્મા મોક્ષના સ્વરૂપને જાણે તે સમ્યક્દ્રષ્ટિ જાણવો.

સમકિત વિના નિર્વાણ ન હોય તે કહે છે—

दंसण भट्टो भट्टो, दंसण भट्ठस्स नत्थि निव्वाणं;
सिज्झंति चरण रहिया, दंसण रहिया न सिज्झंति. १३

અર્થ—સમકિતથી ભ્રષ્ટ થયેલ જીવાત્મા ભ્રષ્ટ જાણવો. સમકિતથી ભ્રષ્ટ થયેલ જીવને નિર્વાણ (મોક્ષ) મલતું નથી. દ્રવ્ય ચારિત્ર રહિત જીવ મોક્ષ મેળવે, પરંતુ સમકિત રહિત મોક્ષ પામે નહિં.

ત્રણ પ્રકારના કરણ કહે છે—

जागंट्ठी ता पढमं, गंट्ठी समइत्थओ भवे बीअं;
अनियट्टी करणं पुण, सम्मत्त पुरक्खडे जीवे. १४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ગ્રંથિ દેશ લગણ જે આવવું તે પહેલું યથા પ્રવૃત્તિ કરણ.' ગ્રંથિનું ભેદન કરવું તે બીજું 'અપૂર્વ કરણ' અને સમ્યક્ત્વને પ્રાપ્ત કરવું તે ત્રીજું 'અનિવૃત્તિ કરણ' જાણવું. આ ત્રણ કરણ તે જીવના પરિણામ વિશેષ જાણવા. જીવે યથા પ્રવૃત્તિ કરણ અનંતવાર કરેલ છતાં સમકિતને પ્રાપ્ત કરવા માટે ગ્રંથિ (રાગ દ્વેષની ગાંઠ) નું ભેદન થયું નહિ તેથી જીવને સમકિતની પ્રાપ્તિ થવા ન પામે.

**સમકિત વિના જ્ઞાન પણ અજ્ઞાન છે તે કહે છે—**

**सद सद् विसेसणाओ, भवहेउ जहच्छिओवलंभाओ;**
**नाण फलाभावाओ, मिच्छादिट्ठिस्स अन्नाणं. १५**

**અર્થ**.—સત અસત્‌ના વિશેષણ વગરનું હોવાથી, સ્વચ્છંદ વૃત્તિથી સ્વીકારેલું હોવાથી અને જ્ઞાનના ફલરૂપ જે વિરતિ તેના અભાવવાલું જ્ઞાન હોવાથી મિથ્યાદષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન૦ છે.

**જ્ઞાન કોને કહીએ ? તે કહે છે—**

**जो जाणइ अरिहंते, दव्वत्त गुणत्त पज्जयत्तेहिं;**
**सो जाणइ अप्पाणं, मोहो खलु जाइ तस्स लयं. १६**

**અર્થ**—જે જીવાત્મા જ્ઞાન વડે દ્રવ્ય ગુણ અને પર્યાયથી અરિહંત પરમાત્માને અંતરંગ સ્વરૂપથી જાણે, તે પોતાની આત્મ સત્તાને ઓળખે અનુભવે તે જ્ઞાન કહેવાય. અર્થાત્‌ દ્રવ્ય ગુણ અને પર્યાય પૂર્વક ચૈતન્ય અને જડનું યથાર્થ સ્વરૂપ જેનાવતી જણાય તે સમ્યક્‌જ્ઞાન અને તેનું અવશ્ય મોહ નાશ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યક્જ્ઞાનની મહત્તા—

नाणाहिओ वरतरं, हीणोविहु पवयणं पभावंतो;
नय दुक्करं करंतो, सुट्ठुवि अप्पागमो पुरिसो. १७

અર્થ—જે જ્ઞાનાધિક-બહુશ્રુત-ગીતાર્થ પુરૂષ, અનુષ્ઠાન (ક્રિયા) માં હીન હોય. દુષ્કર ક્રિયાના કરનાર ન હોય-તોપણ તે અધિક શ્રેષ્ઠ છે-ઉત્તમ છે. કારણ? તે બહુશ્રુત શુદ્ધ યથાર્થ પ્રરૂપણા કરી—સત્ય માર્ગ બતાવી-અનેક જીવાત્માઓને શાસનના સાચા રસિયા બનાવી—પ્રવચનની પ્રભાવના કરે છે,—જૈન શાસનને દીપાવે છે; અને અબહુશ્રુત—અલ્પઅભ્યાસી, દુષ્કર અનુષ્ટાન (તપ જપ વગેરે) કરે તોપણ તે સારો નહિં. કારણ એકાંત દૃષ્ટિ જીવાત્મા અનુભવ જ્ઞાન સિવાય યથાર્થ સદ્દહણા કે પ્રરૂપણા ન કરી શકે. જ્યાં યથાર્થ જ્ઞાન હોય ત્યાં ક્રિયા હોવી જોઇએ જ્ઞાન વિના ક્રિયા નકામી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પણ નકામું છે તે કહે છે—

हयं नाणं कि[रि]या हीणं, हया अन्नाण ओ कि[रि]या;
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ. १८

અર્થ—ક્રિયા વગરનું જ્ઞાન નિરર્થક છે અને જ્ઞાન વગરની ક્રિયા નિષ્ફલ છે. જેમ પાંગળો (લૂલો) માણસ, અગ્નિને દેખતાં છતાં બળે છે અને આંધળો માણસ દોડવા છતાં અગ્નિમાં પડી બળે છે. તેમ જ્ઞાન પાંગળું છે અને ક્રિયા આંધળી છે. અર્થાત્ જ્ઞાન અને ક્રિયાના સુયોગથી મોક્ષ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવલ શુષ્ક જ્ઞાન પણ નકામું છે તે કહે છે—

जहा खरो चंदण-भारवाही, भारस्स भागी नहु चंदणस्स;
एवंखु नाणी चरणेण हीणो, नाणस्स भागी नहु सुग्गइए. १९

અર્થ—જેમ ગધેડો ચંદનના લાકડાનો ભાર ઉપાડે પણ ચંદનના સુગંધનો ભાગી ન બને ભારનો ભાગીદાર થાય. તેમ જે ચારિત્ર હીન હોય તે જ્ઞાનનો બોજો ઉપાડે પણ સદ્દગતિને પ્રાપ્ત ન થાય.

જ્ઞાન પૂર્વક ક્રિયા સફલ છે તે કહે છે –

नाणं पयासगं सो,–हओतवो संजमोय गुत्ती करो;
तिन्हिवी समाओगो, मुक्खो जिणसासणे भणिओ. २०

અર્થ—જ્ઞાન પ્રકાશક છે-માર્ગ દર્શક છે-( સમ્યક્ત્વ સહચારી હોવાથી નામ જોગ ગ્રહણ નથી કરેલ ) તવ શોધક છે કર્મપુંજ બાળે છે. અને સંયમ ગુપ્તિનો કરનાર છે. અર્થાત્ તપથી પૂર્વના કર્મનો નાશ થાય છે અને સંયમથી નવીન કર્મ બંધનને અટકાવે છે. એ ત્રણનું ઐક્ય થવાથી મોક્ષ મળે છે, એમ જિન શાસનમાં કહેલું છે.

ક્રિયાના રહસ્યને કોણ જાણે ? તે કહે છે—

चरण करण प्पहाणा, ससमय परसमय मुक्कवावारा;
चरण करणस्स सारं, निच्छाय सुद्धं न याणंति, २१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—જે ચરણ સિત્તરી અને કરણ સિત્તરીમાં પ્રધાન છે–આચરણ કરવામાં મુખ્ય છે–પરંતુ જિનાગમ ( સ્વસમય ) અને અન્ય દર્શનના શાસ્ત્ર ( પરસમય ) ને જાણતા નથી તે, ચરણ–કરણ સિંતેરીના તત્ત્વને–મતલબને–જાણતા નથી; અને શુદ્ધ નિશ્ચયને પણ જાણતા નથી. અર્થાત્ જે શુદ્ધ આત્મ સ્વરૂપને જાણે તે ચરણ–કરણના રહસ્યને જાણે.

**જૈન દર્શન, નિશ્ચય અને વ્યવહારને સ્વીકારે છે તે કહે છે–**

**जइ जिणमयं पवज्जह, ता मा ववहार निच्छए मुअह;**
**एकेण विणा तित्थं, छिज्जई अन्नेण उ तच्चं ( त्तं ? ) २२**

અર્થ—જો જિન દર્શનનો સ્વીકાર કરશો તો વ્યવહાર અને નિશ્ચયને મૂકશો નહિં. વ્યવહાર વિના–વ્યવહારને મૂકવાથી–તીર્થનો ઉચ્છેદ–નાશ થાય, અને નિશ્ચયને છોડવાથી તત્ત્વનું નાશ થાય. અર્થાત્ નિશ્ચય વિનાનો વ્યવહાર નિષ્ફલ છે.

**પુર્વે ચરણ–કરણ સિંતેરી કહેલ તે વિસ્તારથી કહે છે—**

**वय समण–धम्म संजम, वेया वच्चं च बंभ गुत्तीओ;**
**नाणाइ तियंतवको,–हाइ निग्गहो चरण मेयं २३**

અર્થ—મહાવ્રત[૫] શ્રમણધર્મ[૧૦] ( ક્ષમાદિ ) સંયમ[૧૭] વૈયાવૃત્ય[૧૦] [૯]બ્રહ્મચર્યની ગુપ્તિઓ ( નવ વાડ ) જ્ઞાન દર્શન[૩] ચારિત્ર તપ[૧૨] ( બાહ્યાભ્યંતર ) અને [૪]ક્રોધાદિ કષાયનો નિગ્રહ. એ ચરણ સિંતેરી કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पिंड विसोही समिई, भावण पडिमाय इंदिय निरोहो;**
**पडिलेहण गुत्तीओ, अभिग्गहो चेव करणंतु. २४**

અર્થ—પિંડ વિશુદ્ધિ[૪] સમિતિ[૫] ભાવના[૧૨] ભિક્ષુ-પ્રતિમા[૧૨] [૫]ઇંદ્રિયનો નિરોધ [૨૫]પડિલેહણ [૩]ગુપ્તિ અને [૪]અભિગ્રહ ( દ્રવ્યાદિક ). એ કરણ સિંતેરી કહેવાય.

**જ્ઞાન અને ચારિત્રનો સાર ( ફલ ) કહે છે—**

**सामाइय माईअं, सुयनाणं जाव बिंदुसाराओ;**
**सारो तस्सवि चरणं, सारो चरणस्स निव्वाणं. २५**

અર્થ—સામાયિકથી લઇને યાવત્ ચૌદ પૂર્વ પર્યંત શ્રુત જ્ઞાન, તેનો પણ સાર ચારિત્ર છે અને ચારિત્રનો મોક્ષ છે. અર્થાત્ જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણ છે.

**મોક્ષ અને બંધનું સંક્ષેપથી સ્વરૂપ કહે છે—**

**परदव्वरओ बज्झइ, विरओ मुंचेइ अट्ठकम्मेहिं;**
**एसो जिण-उवएसो, समासओ बंध-मोक्खस्स. २६**

અર્થ—આત્મદ્રવ્યથી અન્ય ( પુદ્દગલ ) માં રક્ત થયેલ જીવ બંધાય છે. અર્થાત્ પરભાવનો સંગ તેજ બંધ, અને પરદ્રવ્યથી વિરક્ત થયો થકો જીવ આઠ કર્મથી મૂકાય છે—મોક્ષ પામે છે. અર્થાત પરભાવનો સર્વથા અભાવ થવો-નાશ થવો-તે મોક્ષ. આ બંધ અને મોક્ષનો સ્વરૂપ સંક્ષેપથી જિનેશ્વર ઉપદેશે છે-કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યક્ દર્શન વિના ઘણા શાસ્ત્રનો અભ્યાસ છતાં શુદ્ધ આરાધના થવા પામતી નથી તે કહે છે—

सम्मत्त रयण भट्ठा, जाणंता बहु विहावि सत्थाइं;
सुद्धा राहण रहिआ, भमंति तत्थेव तत्थेव. २७

અર્થ—સમકિતથી ભ્રષ્ટ થયેલા જીવો ઘણા પ્રકારના શાસ્ત્રના જાણનારા હોય તો પણ શુદ્ધ આરાધનથી રહિત હોય છે તેથી તે સંસારમાં પુનઃ પુનઃ ભ્રમણ કરે છે-જન્મ મરણ કરે છે.

પરમાર્થ (સમ્યક્ જ્ઞાનાદિ) ને જાણનારા થોડા હોય છે તે કહે છે—

मिच्छ प्पवाहे रत्तो, लोओ परमत्थ जाणणो थोवो;
गुरुणो गारव रसिआ, सुद्धं मग्गं निगुहंति. २८

અર્થ—લોકો મિથ્યાત્વના પ્રવાહમાં રક્ત થયા છે. પરમાર્થને જાણનારા બહુજ થોડા હોય છે. કેટલાક ગુરૂઓ પણ સાતાગૌરવમાં-સાનુકુલ સંજોગોમાં-રસિયા-સુખશીલિયા-બનેલા છે. તેથી શુદ્ધ સત્ય માર્ગને પ્રકાશતા નથી-શુદ્ધ માર્ગને ગોપવે છે.

સત્ય ન કહેનાર-ઉત્સૂત્ર ભાષકને શું ફલ થાય? તે કહે છે—

उस्सुत्त भासगाणं, बोही नासो अणंत संसारो;
पाणच्चये विधीरा, उस्सुत्तं ता न भासंति. २९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ઉત્સૂત્રના કહેનારાઓ-પ્રરૂપનારાઓ-ને બોધિ-સમ્યક્ત્વનો નાશ અને અનંત સંસારની પ્રાપ્તિ થાય છે. તે કારણથી ધીર પુરૂષો-સત્ય પ્રેમિ જીવો પ્રાણનો નાશ છતે પણ ક્યારે ઉત્સૂત્રનું ભાષણ કરતા નથી-વિપરીત પ્રરૂપણા કરતા નથી.

**યથાર્થ વક્તા અને ઉત્સૂત્ર ભાષિનો અંતર બતાવે છે—**

**रोसोविखमा कोसो, सुत्तं भासयंत्तस्स धन्नस्स;**
**उस्सुत्तेण खमाविय, दोसो महा मोह आवासो. १०**

**અર્થ**—યથાર્થ સૂત્રના ભાષણ કરનારને ધન્ય છે. તે ધન્યાત્માનો રોષ ( ક્રોધ ) પણ ક્ષમાનો ભંડાર છે. અર્થાત્ યથાર્થસૂત્રની પ્રરૂપણા કરનાર કદાચ રોષ કરે તો પણ તે ક્ષમાનો નિધાન સમજવો ઉત્સૂત્ર ભાષી કદાચ ક્ષમાવાન્ હોય તો પણ તે દોષ રૂપ છે અને મહા મોહનો ઘર જાણવો. કારણ ? ત્યાં પ્રબલ માયાનો પ્રભાવ હોય છે. જ્યાં માયા ત્યાંજ અસત્ય હોય છે. અસત્યની જનની માયા કહી છે.

**ઉત્સૂત્ર ભાષણનું ફલ દૃષ્ટાંત પૂર્વક કહે છે—**

**इक्केण दुष्भासिएण, मरीई (चि) दुक्ख सायरं पत्तो;**
**भमिओ कोडा कोडी, सायरं सिरि नामधिज्जेण ११**

**અર્થ**—એકજ દુર્ભાષિત ( ઉત્સૂત્ર )-વચન વડે મરીચિ કુમાર પણ દુઃખ રૂપ સમુદ્રને પ્રાપ્ત થયો-એક કોડા કોડી સાગર પર્યંત સંસાર સમુદ્રમાં તે ભમ્યો. શ્રી મહાવીર ભગવાનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ મરીચિ કુમારે ઉત્સૂત્ર ભાષણનું એ ફલ મેળવ્યું. તો પછી બીજાનું શું પૂછવું ?

### આ દુખમ કાલમાં સત્પુરૂષના અભાવે સત્ શાસ્ત્ર—જિનાગમનો પરમ આધાર છે તે કહે છે—

कत्थ अम्हारिसा पाणी, दुसमा दोस दुसिआ;
हा ! अणाहा कहं हुंता, जइ न हुंतो जिणागमो. ३२

અર્થ—હે પ્રભો ! દુસ્સમ કાલથી દૂષિત થયેલ (તીર્થંકરાદિક સત્પુરૂષના વિયોગથી) અનાથ બનેલા અમારા જેવા પ્રાણિઓને હા ઇતિ ખેદે જો જિનાગમ-નિર્ગ્રંથ પ્રવચન-ન હતે તો અમારી શી દશા થાત? કોના આધારે સ્વ કલ્યાણ કરત? માટે આ કાલમાં જિનાગમનો પરમ આધાર છે.

### પરમ આધારભૂત જિનાગમની વિરાધના કરનારને શું ફલ થાય તે કહે છે—

जगगुरु जिणवर वयणं, सयलाण जिवाण होइ हिय करणं;
ता तस्स विराहणया, कह धम्मो कहणु जीव दया. ३३

અર્થ—જગદ્દગુરૂ શ્રી જિનેંદ્ર દેવનું વચન (જિનવાણી) સર્વ જીવોને હિત કરનાર છે. તેમના વચનની વિરાધના (ઉત્સૂત્રભાષણ વગેરે) કરનારને ધર્મ કે દયા ક્યાંથી. અર્થાત જિનવાણીની વિરાધના કરવાથી ધર્મ કે અહિંસા ક્યાંથી હોય? નજ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનાગમમાં કહેલ રત્નત્રયનું સ્વરૂપ કહે છે—

जीवाई सद्दहणं, सम्मत्तं तेसि महिगमो नाणं;
रागाई परिहरणं, चरणं एसो दु मुक्ख पहो. ३४

અર્થ—જીવાદિક પદાર્થ સમ્યક્ શ્રદ્ધાન-પ્રતીતિ-તે સમકિત, અને જીવાદિકનો યથાર્થ બોધ તે જ્ઞાન અને રાગાદિક પરિણુતિનો ત્યાગ તે ચારિત્ર. સમકિત પૂર્વક જ્ઞાન અને ચારિત્ર ( ક્રિયા ) એ બન્ને મોક્ષ માર્ગ છે.

જિનાગમમાં કહેલ દ્રવ્યગુણ અને પર્યાયનું સ્વરૂપતે કહે છે.

गुणाण मासओ दव्वं, एग दव्वस्सिआ गुणा;
लक्खणं पज्जवाणं तु, उभओ निस्सिआ भवे; ३५

અર્થ—ગુણોનો આશ્રય-આધાર-તે દ્રવ્ય, એક દ્રવ્યને આશ્રિત રહેલ તે ગુણ અને દ્રવ્ય-ગુણ એ બન્નેને આશ્રયે રહેલ તે પર્યાય.

दव्वं सल्लक्खणियं, उप्पाय व्वय धुवत्त संजुत्तं;
गुण पज्जयासयं वा, जं तं भणंति सव्वन्नू. ३६

અર્થ—જે 'સત' લક્ષણવાલું હોય, સત્ એટલે ? ઉત્પાદ વ્યય અને ધ્રૂવત્વ યુક્ત હોય તે. અર્થાત્ ઉત્પતિ લય ( નાશ ) અને સ્થિતિ યુક્ત જે સત તે દ્રવ્ય જાણવું. અથવા ગુણ-પર્યાયનો આશ્રય તે દ્રવ્ય. અર્થાત ગુણ પર્યાયવાલું તે દ્રવ્ય. એમ સર્વજ્ઞ જિનેશ્વરે કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दव्वं पज्जव विउत्तं, दव्वविउत्ताय पज्जवा नत्थि;
उप्पाय ठिइ भंगाइ, दव्वीयं लक्खणं एयं. ३७

અર્થ—પર્યાય વગર દ્રવ્ય હોય નહિ અને દ્રવ્ય વિના પર્યાય હોય નહિં. ઉત્પાદ વ્યય અને ધ્રૂવ વડે જે દ્રવે છે-ઉત્પાદાદિ ભાવને પામે છે તે દ્રવ્ય.-દ્રવિતપણું એ દ્રવ્યનું લક્ષણ છે.

तथा—चोक्तं-उत्पाद व्यय ध्रौव्य युक्तं सत्-सल्लक्षणं द्रव्यं.
भावस्स णत्थिणासो, णत्थि अभावस्स चेव उप्पाओ;
गुणपज्जवेसु भावा, उप्पाय व्यये पकुव्वंति. ३८

અર્થ—ભાવનો નાશ થતો નથી અને અભાવનો ઉત્પાદ થતો નથી. અર્થાત્ દ્રવ્યમાં ભાવનો (સ્વ પર્યાયનો) નાશ કયારે પણ થતો નથી અને અભાવ (પર પર્યાય) નો ઉત્પાદ થતો નથી જેમ જલમાં તરંગનો નાશ થતો નથી પરંતુ તરંગ રૂપ ભાવ જલરૂપ દ્રવ્યમાં સમાય છે. ઉત્પાદ અને વ્યય તે ભાવ (પર્યાય), અને ધ્રૂવ તે દ્રવ્ય જાણવું. અથવા ઉત્પાદવ્યય રૂપ પર્યાય તે ધ્રૂવ રૂપ ગુણ (જ્ઞાન ગુણ) માં અનેકધા થવા પામે છે.

દ્રવ્યાદિકનું સ્વરૂપ સમ્યક્ દર્શન વિના જણાય નહિ માટે દર્શન (સમકિત) ને ધર્મનું મૂલ કહેલ છે તે વર્ણવે છે—

दंसण मूलो धम्मो, उवइट्ठो जिणवरेहिं सीसाणं;
तं सोऊण सकन्ने, दंसण हीणो न वंदिव्वो. ३९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—ધર્મનું ( શ્રુત-ચારિત્ર ધર્મનું ) મૂલ સમકિત ( સમ્યક્ દર્શન ) છે. એમ જિનેશ્વર દેવે શિષ્યોને ઉપદેશ કરેલ છે. તે સ્વ કર્ણે ( કાન વડે ) સાંભળીને શું કર્ત્તવ્ય છે ? તે કહે છે— દર્શન રહિત ( ચારિત્રવાન્ હોય તો પણ ) તે વંદન કરવા યોગ્ય નથી. કારણ ? દર્શન વિના સમ્યક્ ચારિત્ર હોઇ શકે નહિ.

**પાંચ સમવાયને માનનાર તે સમકિતી હોય તે કહે છે—**

कालो सहाव नीयइ, पूव्वकयं पुरीस कारेणं पंच;
समवाए सम्मत्तं, एगंते होइ मिच्छत्तं. ४०

અર્થ—કાલ સ્વભાવ નીયતિ પૂર્વકૃત અને પુરૂષાકાર ( ઉદ્યમ ) એ પાંચ સમવાય ( કારણ સમુદાય ) છે. એ પાંચ સમવાયને વિષે સમકિત છે. અર્થાત્ પાંચ સમવાયને માનનાર તે સમકિતી; અને એક સમવાયને વિષે મિથ્યાત્વ છે અર્થાત્ એક સમવાયને માનનાર મિથ્યા દૃષ્ટિ છે.

**દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવથી દ્રવ્યનું સ્વરૂપ કહે છે—**

दव्वं गुण-समुदाओ, खित्तं ओगाह वट्टणा कालो;
गुण पज्जाय पवत्ति, भावो निअ वत्थु धम्मो सो. ४१

અર્થ—ગુણ-પર્યાયનો સમુદાય-સમૂહ તે દ્રવ્ય, પ્રદેશોની અવગાહના તે સ્વક્ષેત્ર; વર્તના ( ઉત્પાદ-વ્યય રૂપ ) તે સ્વકાલ અને ગુણ-પર્યાયની સ્વકાર્યમાં પ્રવૃત્તિ તે સ્વભાવ. એ વસ્તુનો ( પદાર્થનો ) ધર્મ છે. સ્વ દ્રવ્યાદિક અસ્તિ પણે અને પરદ્રવ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિક નાસ્તિપણે વસ્તુમાં રહેલ છે. એમ અસ્તિ-નાસ્તિની સપ્તભંગી થવા પામે છે. સ્યાદસ્તિ સ્યાદ્ નાસ્તિ સ્યાદ્ અવક્તવ્યં એ ત્રણ ભાંગા સકલાદેશી છે બાકીના ચાર ભાંગા વિકલાદેશી છે. એનું વિશેષ સ્વરૂપ સપ્તભંગી તરંગિણી વગેરે શાસ્ત્રમાંથી સમજવા યોગ્ય છે.

સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ કહે છે—

असरीरा जीव घणा, उवउत्ता दंसणेय नाणेय;
सागार मणागारं, लक्खण मेयं तु सिद्धाणं. ४२

અર્થ—શરીર રહિત આત્મ પ્રદેશના ઘનવાલા, અને જ્ઞાન દર્શનના ઉપયોગવાલા સિદ્ધ પરમાત્માઓ હોય છે. સંક્ષેપતઃ સિદ્ધનું લક્ષણ સાકાર અને અનાકાર ઉપયોગિપણું, અર્થાત્ સિદ્ધ પરમાત્માનો ઉપયોગ ( જ્ઞાન દર્શન ) સાકાર અને અનાકાર હોય છે. તેમને પ્રથમ સમયે જ્ઞાન અને બીજે સમયે દર્શન હોય-સમયાંતર ઉપયોગ હોય.

જ્ઞાન અને દર્શન ઉપયોગ કહે છે—

नाणंमि दंसणमिय, एतो एगयरंमी उवउत्ता;
सव्वस्स केवलिस्स, जुगवं दो णत्थि उवओगा. ४३

અર્થ—સિદ્ધ પરમાત્માઓ એક સમયમાં જ્ઞાનોપયોગ કિંવા દર્શનોપયોગમાંથી એક ઉપયોગવાલા-જ્ઞાનોપયોગવાલા અથવા દર્શનોપયોગવાલા હોય છે. સર્વ કેવલિઓને યુગપત્ એક સમયમાં બે ઉપયોગ નહોય, જો કે સમયાંતર ઉપયોગ અને યુગપત્ ઉપયોગ વિષયમાં આચાર્યોનો મતભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### જ્ઞાનના આઠ આચાર કહે છે—

काले विणए य बहुमाणे, उवहाणे तह अनिन्हवणे;
वंजणे-अत्थे तदुभये, अट्ठविहं नाणमायारो. ४४

અર્થ—ભણવાના સમયે ભણવું ૧ વિનય ૨ અને બહુમાન ૩ સહિત ભણવું, ઉપધાન ૪ ( તપ વિશેષ ) કંઇપણ તપ કરી ભણવું, જ્ઞાન દાન આપનારનો ઉપકાર ઓલવવો નહિ, ૫ સૂત્ર ૬ અર્થ ૭ અને તદુભય ૮ ( સૂત્ર અર્થ ) ને યથાર્થ ભણવું. એ આઠ જ્ઞાનના આચાર છે.

### દર્શનના આઠ આચાર કહે છે—

निस्संकियनिकंखिय, निवितिगिच्छिये अमुढ दिट्ठिए.
उववुह थिरी करणे, वच्छलप्पभावणेय अट्ठ. ४५

અર્થ—૧ નિઃશંકિત જિન પ્રવચનમાં નિઃશંસય રહેવું. ૨ નિષ્કાંક્ષિત પર ધર્મની આકાંક્ષા અભિલાષા રહિત થવું. ૩ ધર્મના ફલનો સંદેહ રાખવો નહિ. ૪ મૂઢ દૃષ્ટિ વર્જવી ૫ ગુણવાનની પ્રશંસા કરવી. ૬ ધર્મથી ડગતાને સ્થિર કરવો. ૭ સાધર્મીની ભક્તિ કરવી. ૮ જૈન શાસનની પ્રભાવના કરવી. એ આઠ સમકિતના આચાર છે.

### ષટ્ આવશ્યકમાં કરવાનાં કૃત્યો કહે છે—

सावज्ज जोग-विरई, उक्कित्तणं गुणवओअ पडिवत्ति;
खलिअस्स निंदणावण,—तिगिच्छा गुण धारणा चेव ४६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—૧ સાવદ્ય ( પાપ સહિત ) યોગથી વિરામ પામવું. ૨ ચોવીશ તીર્થંકરની સ્તુતિ. ૩ ગુણવાન્ ( સદ્‌ગુરૂ ) ને દ્વાદશ આવર્તન પૂર્વક વંદના કરવી. વ્રતમાં થયેલ સ્ખલનાની અતિચારની આલોચના કરવી. ૫ દોષની શુદ્ધિ કરવી વ્રણની ચિકિત્સા ૬ ગુણની ધારણા ગુણોને સ્વીકારવા.

ચોથા આવશ્યકનું નામ પ્રતિક્રમણ કહેલું છે તે કહે છે—

पडिसिद्धाणं करणे, किच्चाण म करणेय पडिक्कमणं;
असद्दहणाए तहा, विवरिय परुवणाए चेव. ४७

અર્થ—શાસ્ત્રથી નિષેધ કરાયેલા કાર્યો કીધે છતે, કરવા યોગ્ય કાર્ય ન કીધે છતે,–અશ્રદ્ધાન વડે જે કંઇ કરાયું હોય અને વિપરિત પ્રરૂપણા કરવાથી વિરૂદ્ધ કરાયું હોય તેનું પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ એટલે કરેલ પાપથી પાછું હટવું.

છઠ્ઠા આવશ્યકનું પચ્ચક્‌ખાણ નામ છે તેના ભેદ કહે છે–

नवकारसहिअ पोरिसी, पुरिमड्ढेगासणेगठाणेय;
आयंबिल अभ्भतुठे चरिमे अभिग्गहेय विगई. ४८

અર્થ—નવકારસી ૧ પોરસી ૨ પુરિમડ્ઢ ૪ એકાસણું ૫ એકલઠાણું ૬ આયંબિલ ૭ ઉપવાસ ૮ દિવસ ચરિત્ર ૯ અભિગ્રહ અને ૧૦ વિગઇ ( નીવી ) એ દશ પચ્ચખાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશ પચ્ચખાણના આગારો કહે છે—

दो नवकार छ पोरसी, सगपूरिमड्ढे इगासणे अट्ठ;
सत्तेगठाणे अंबिल,—अट्ठ पण चउत्थे छ पाणे. ४९

અર્થ—નવકારસીના બે આગાર, પોરસીના છ આગાર, પુરિમડ્ઢના સાત આગાર, એકાસણાના આઠ આગાર, એકલઠાણાના સાત આગાર, આંબેલના આઠ આગાર, ઉપવાસના પાંચ આગાર, અને પાણીના છ આગાર એ આંબેલ તિવિહાર ઉપવાસાદિ સંબંધી છે.

चउ चरिमे चउभिग्गहे, पण पावरणे नवट्ठ नीवीए;
आगारुक्खित विवेग, मुत्तु दव्व विगइ नीयमिट्ठ. ५०

અર્થ—દિવસ ચરિમ (ચઉવિહાર-પચ્ચખાણ) ના ચાર આગાર, અભિગ્રહ (ગંઠુસહિ મુઠ્ઠસહિ વગેરે) ના ચાર આગાર, મુનિને વસ્ત્રનો પાંચમો આગાર, નીવીના નવ અથવા આઠ આગાર હોય, તે દ્રવ્ય વિગયના ત્યાગિને 'ઉક્ખિત્ત વિવેગેણં' એ આગાર છોડીને આઠ આગાર પણ હોય.

નિરૂપક્રમ અને સોપક્રમ આયુષ્ય કોનું હોય? તે કહે છે–

उत्तम चरम सरीरा, सुर नेरइआ असंखनर तिरिआ;
हुंति निरुवक्कमाओ, दुहा विसेसामुणेयव्वा. ५१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—ત્રેશઠ શલાકા ઉત્તમ પુરૂષો, ચરમ શરીરિ જીવો, દેવ નારકીઓ અને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાલા મનુષ્ય તિર્યંચો નિરૂપક્રમ આયુષ્યવાલા હોય છે. બાકીના જીવો સોપક્રમ અથવા નિરૂપક્રમ આયુષ્યવાલા હોય છે, સોપક્રમ એટલે શસ્ત્ર જીવલેણ રોગાદિ વગેરે ઉપક્રમ સહિત; અને જેને કોઇ જાતનો ( શસ્ત્રાદિકનો ) ઉપક્રમ ન લાગે તે નિરૂપક્રમ જાણવું.

**તીર્થંકર નામ કર્મની સત્તા વગેરે કઇ કઇ ગતિમાં છે તે કહે છે—**

**तित्थयर देवनिरयाऊ,-उअंच तिसु तिसु गइसु बोधव्वं;**
**अवसेसा पयडिओ, हुंति सव्वासु ( चेव ) गइसु. ५२**

અર્થ—તીર્થંકર નામ કર્મની સત્તા, તિર્યંચગતિ સિવાય ત્રણ ગતિમાં હોય નરકાયુઃની સત્તા, દેવગતિ સિવાય ત્રણ ગતિમાં હોય, દેવાયુઃ ની સત્તા, નરક સિવાય ત્રણ ગતિમાં હોય, ઉચ્ચ ગોત્રની સત્તા, તિર્યંચ ગતિ સિવાય ત્રણ ગતિમાં હોય, બાકીની ૧૪૪ કિંવા ૧૫૪ પ્રકૃતિઓની સત્તા ચાર ગતિમાં હોય.

**જે કર્મની ઉત્તર પ્રકૃતિનું સંક્રમણ થવા પામે છે તે કહે છે—**

**मोत्तुण आउअंखलु, दंसण मोहं चरित्त मोहंच;**
**सेसाणं पयडीणं, उत्तरविहि संकमो भणिओ ५३.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ.**—આયુષ્ય કર્મની ચાર પ્રકૃતિનું એક બીજામાં સંક્રમણ થાય નહિં અર્થાત્ એક ગતિનું આયુષ્ય તે બીજી ગતિમાં સંક્રમણ ન પામે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનું અન્યોન્ય સંક્રમણ ન થાય બાકીની ઉત્તર પ્રકૃતિઓનું માંહોમાંહે (સ્વજાતિ પ્રકૃતિમાં) સંક્રમણ થાય સંક્રમણ એટલે ? એક પ્રકૃતિનું બીજી બંધાતી સજાતીય પ્રકૃતિમાં સંક્રમ થવું તદ્રુપ થવું અર્થાત્ તેમાં ભળી જવું મૂલ પ્રકૃતિનું સંક્રમણ ન થાય.

મોહના ઉપશમનો ક્રમ કહે છે—

अण दंसनपुंसित्थि, वेय छक्कं च पुरीस वेयं च;
दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेई. ९४

**અર્થ**—પ્રથમ અનંતાનુબંધીની ચોકડીને ઉપશમાવે પછી દર્શન મોહનીયત્રિકને ઉપશમાવે ત્યારબાદ નપુંસક વેદ પછી સ્ત્રીવેદ અને હાસ્યાદિ ષટકને ઉપશમાવે. પછી પુરૂષ વેદ ત્યારબાદ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીના ક્રોધને ઉપશમાવે; પછી સંજ્વલના ક્રોધને ઉપશમાવે ત્યાર પછી અપ્ર૦ અને પ્રત્યા૦ના માનને ત્યાર બાદ સંજ્વલના માનને ઉપશમાવે પછી અપ્ર૦ પ્રત્યા૦ની માયાને અને ત્યારબાદ સંજ્વલની માયાને ઉપશમાવે ત્યારબાદ અપ્ર૦ પ્રત્યા૦ લોભને અને ત્યારબાદ સંજ્વલના લોભને ક્રમશઃ ઉપશમાવે

કર્મપ્રકૃત્તિ ખપાવવાનો ક્રમ કહે છે—

अण मिच्छ मीस सम्मं, तिआउइग विगल थिणतिगुज्जोयं;
तिरि निरय थावर दुगं, साहरणायव अड नपुंसित्थि. ९९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**छग पुम संजलणाहो, निद्दा विग्घा वरण खये नाणी;**
**सजोगोसु पण नऊइ, संत्तं तं खवइ चरमगुणे. ९६ युग्म**

અર્થ—પ્રથમ અનંતાનુ બંધી ચતુષ્ટયને ખપાવે પછી મિથ્યાત્વ મોહનીય મિશ્રમ મોહનીય અને સમ્યકૃત્વ મોહનીયને ક્રમશઃ ખપાવે ત્યાર પછી આયુષ્ય ત્રિક ( દેવાયુઃ તિર્યંગાયુઃ અને નરકાયુઃ ) નો ક્ષય કરે ( વસ્તુતઃ ચરમ શરીરિ જીવને એ આયુષ્ય ત્રિક સત્તામાં ન હોય ) પછી એકેંદ્રિય જાતિ વિકલેંદ્રિયત્રિક થિણધ્ધીત્રિક ઉદ્યોત નામ તિર્યંચદ્વિક નરકદ્વિક સ્થાવરદ્વિક સાધારણનામ આતપનામ અપ્ર૦ પ્રત્યા૦ કષાય અષ્ટક નપુંસક વેદ સ્ત્રીવેદ હાસ્યાદિ ષટ્ક પુરૂષ વેદ સંજ્વલ કષાય ચતુષ્ટય પ્રથમની બે નિદ્રા દાનંતરાયાદિ પાંચ અંતરાય મતિજ્ઞાનાવરણીયાદિ પાંચ જ્ઞાનાવરણીય અને ચક્ષુ દર્શનાવરણીયાદિ દર્શનાવરણીય ચતુષ્ટય પ્રકૃતિને ખપાવે એકંદર એ ત્રેશઠ પ્રકૃતિનો સર્વથા ક્ષય કરે. બાકી ૯૫ પ્રકૃતિઓ ( ૧૫૮ ની અપેક્ષાએ ) તેરમે ગુણઠાણે સત્તામાં હોય તેને ચૌદમે ગુણઠાણે સર્વથા ખપાવીને મોક્ષ જાય એમનું વિશેષ સ્વરૂપ શતક પ્રમુખ ગ્રંથ (કર્મગ્રંથ) માં જોવું.

સર્વ જીવ પૂર્વકર્મનું ફલ ભોગવે છે તે કહે છે—

**सव्वे पुव्व कयाणं, कम्माणं पावए फल विवागं;**
**अवराहेसु गुणे सुअ, निमित्त मित्तं परो होइ. ९७**

અર્થ—સંસારિ સર્વ જીવો પૂર્વ કૃત કર્મના શુભા શુભ ફલને પામે છે ભોગવે છે અને અપરાધો કે ગુણો કરવામાં અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( જીવ ) નિમિત્ત માત્ર છે. અર્થાત્ બીજો કોઈપણ સુખ કે દુઃખ આપી શકતો નથી.

અભવ્યાત્મા વ્રતાદિ કરતો થકો પણ સર્વથા કર્મનો નાશ ન કરે તે કહે છે.

वय समिई गुत्तीओ, सोलतवं जिणवरेहि पन्नत्तं;
कुवंतो वि अभव्वो, अन्नाणी मिच्छ दिट्ठीओ. ५८

અર્થ—જિનેશ્વરે કહેલ વ્રત ( યમ ) સમિતિ ગુપ્તિ શીલ અને તપને કરતો આચરતો થકો અભવ્ય જીવ, અજ્ઞાની મિથ્યા દૃષ્ટિ છે. અર્થાત્ અભવ્યને અંતર દૃષ્ટિ જાગૃત થવા પામતી નથી. જે કંઇ વ્રતાદિ કરે છે તે ભવાનંદીપણે કરે છે.

પરમાર્થ વિના જીવ અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કરેલ તે કહે છે—

संसार सागरंमिणं, परिभमंतेहिं सव्वजीवेहिं;
गहियाणिय मुक्काणिय, अणंतसो दव्वलिंगाइं ५९

અર્થ—સંસાર સાગરને વિષે પરિભ્રમણ કરનાર જીવોએ અનંત વખત દ્રવ્યલિંગ ( દ્રવ્ય ચારિત્ર ) ને ગ્રહણ કર્યા અને મૂકયા. અર્થાત અનંતવાર દ્રવ્ય ચારિત્ર ગ્રહણ કર્યું પરંતુ પરમાર્થ ગ્રહણ કરવા વિના તે નિરર્થક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાંચ નિયંઠાનો સ્વરૂપ સંક્ષેપથી કહે છે—

मूलुत्तर गुण विसया, पडिसेवणा पुलाय कुसीलोय:
उत्तर गुणेसु बउसो, सेसा पडिसेवणा रहिया. ६०

અર્થ—પુલાક[૧] અને કુશીલ[૨] નિર્ગ્રંથ, મૂલ ગુણ અને ઉત્તર ગુણમાં પ્રતિસેવી ( અતિચાર દોષ લગાડનાર ) હોય. [૩]બકુશ નિર્ગ્રંથ, ઉત્તર ગુણમાં દોષ લગાડનાર હોય. શેષ [૪]નિર્ગ્રંથ અને [૫]સ્નાતક નિગ્રંથ, અપ્રતિ સેવી હોય. અર્થાત્ એ બે મૂલ ઉત્તર ગુણમાં દોષ ન લગાડે.

### મુનિના ૨૭ ગુણ હોય તે કહે છે—

छव्वय छकायरक्खा, पंचिंदिय लोह निग्गहो खंती;
भाव विसोही पडिले.-हणाइ करणे विसोहोय. ६१

संजम जोए जुत्तो, अकुशल मणवय काय संरोहो;
सीयाइ पीडसहणं, मरणं उवसग्ग सहणं च. ६२ युग्म

અર્થ—છ વ્રત ( પંચમહાવ્રત અને રાત્રિ ભોજન ત્યાગ ) છકાયની રક્ષા પાંચ ઇંદ્રિયનો નિગ્રહ લોભનો જય ક્ષમા કરવી ભાવ વિશુદ્ધિ પડિલેહણાદિ કરવામાં વિશુદ્ધિ. સંયમ યોગમાં યુક્ત અશુભ મન વચન અને શરીરનું સમ્યક્ પ્રકારે રૂંધન શીત વગેરે પીડાને સહન કરવી અને મરણાંત ઉપસર્ગને સહન કરવું. એ સત્યાવીશ ગુણ સાધુના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ્તવિક દુઃખ સુખનું સ્વરૂપ કહે છે—

सायासायं दुक्खं, त व्विरहंमिय सुहंजओ तेणं;
देहिंदियेसु दुक्खं, सुक्खं देहिंदिया भावे. ६३

અર્થ.—સાતા અને અસાતા એ બન્ને પરમાર્થતઃ દુઃખ છે; કારણ ? તે વેદનીય કર્મ જન્ય છે. સાતા અસાતાનો વિરહ ( અભાવ ) થવાથી પરમ અવ્યાબાધ સુખ થાય છે તે' જ વાસ્તવિક સુખ છે. દેહ અને ઇંદ્રિયોને વિષે પણ દુઃખ છે. અર્થાત્ જ્યાં સુધી દેહ અને ઇંદ્રિયનો સબંધ છે ત્યાં સુધી દુઃખ જ છે પરંતુ જ્યારે દેહ અને ઇંદ્રિયનો અભાવ થાય ત્યારેજ અતીંદ્રિય સુખ પ્રાપ્ત થાય.

અપ્રશસ્ત રાગનું સ્વરૂપ અને ફલ કહે છે—

जो अपसत्थो रागो, वड्ढइ संसार भमण परिवाडी;
विसयाइसु सयणाइसु, इहृत्तं पुग्गलाईसु. ६४

અર્થ—વિષયાદિકને વિષે સ્વજન કુટુંબને વિષે અને પુદ્ગલાદિકને વિષે જે રાગ ( પ્રીતિ ) તે અપ્રશસ્ત રાગ છે. તેથી સંસારમાં ભ્રમણ કરવાની પરંપરા વૃદ્ધિ પામે છે. અર્થાત્ જન્મ મરણની પરંપરા ચાલુ રહે છે.

ભવ પરંપરાથી કોણ મુક્ત થાય ? તે કહે છે--

पंचासवा विरत्ता, त्रिसय त्रिगुत्ता समाहि संपत्ता;
रागदोसा विमुत्ता, मुणिणो साहंति परमत्थं. ६५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—પાંચ આશ્રવથી વિરક્ત થયેલા વિષયથી નિર્મુક્ત દૂર રહેલા રાગદ્વેષથી મુક્ત થયેલા મુનિઓ પરમાર્થ ( મોક્ષ ) ને સાધે છે.

સાધુના પર્યાય વાચક શ્રમણ વગેરેનું સ્વરૂપ કહે છે—

समयाए समणो होइ, बंभेण होइ बंभणो;
नाणेण य मुणी होइ, तवेण होइ तावसो. ६६

અર્થ.—સમતાવડે શ્રમણ થાય-કહેવાય, બ્રહ્મચર્ય વડે બ્રહ્મના જ્ઞાનવડે બ્રાહ્મણ કહેવાય, જ્ઞાનવડે મુનિ કહેવાય અને તપવડે તાપસ કહેવાય.

પ્રશસ્ત રાગ કોને કહીએ ? તે કહે છે—

नाणाईसु गुणेसु, धम्मोवगरण साहम्मीएसु;
अरिहंताइ सुधम्मे, धम्मत्थं जोय गुणरागो ६७

सो सुपसत्थोरागो, धम्म संजोग कारणो गुणदो;
पढमं कायव्वो सो, पत्त गुणे खवइ तं सव्वं. ६८ युग्म

અર્થ—જ્ઞાનાદિકને વિષે ધર્મના ઉપકરણને વિષે સાધર્મિકોને વિષે અરિહંતાદિ અને ઉત્તમ ધર્મને વિષે કેવલ ધર્મના માટે જે ગુણાનુરાગ તે ઉચ્ચ પ્રશસ્ત રાગ, ધર્મના સંયોગનું નિમિત્ત અને ગુણનો દેનારો ગુણને પ્રગટ કરનાર જાણવો એ પ્રશસ્ત રાગ પ્રથમ કરવા યોગ્ય છે. કારણ અપ્રશસ્ત રાગ તેના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજ નાશ પામે છે માટે પ્રાથમિક કર્ત્તવ્ય છે. ગુણ પ્રાપ્ત થયે છતે શુદ્ધ આત્મિક ભાવની વૃદ્ધિ થયે છતે તે પ્રશસ્ત રાગને પણ છોડવાનો છે.

અપ્રશસ્તરાગથી જીવ દુઃખને સુખ માને છે તે કહે છે—

विसय रसासवमत्तो, जुत्ताजुत्तं न जाणई जीवो;
झूरइ कलुणं पच्छा, पत्तो नरयं महा घोरं. ६९

जह निंबदुम्म पत्तो, कीडो कडुअंपि मन्नहे महुरं;
तह सिद्धि सुह परुक्खा, संसार दुहं सुहं बिंति ७० युग्म

અર્થ.—વિષયરસરૂપ આસવ ( મદિરા ) માં માતેલો જીવ, યોગ્ય અયોગ્યને જાણતો નથી. ( તેથી અયુક્તાચરણ કરીને ) મહા ભયંકર નરકપ્રત્યે પ્રાપ્ત થયો થકો પાછલથી ઝુરણા કરે છે. જેમ લીંબડાના વૃક્ષમાં રહેલ કીડો, કડુઆરસને પણ મધુર માને છે. તેમ મોક્ષ સુખથી પરાઙ્મુખ ( વિમુખ ) થયેલ જીવ પણ સંસારના દુઃખને અપ્રશસ્ત રાગથી વિષયની પ્રીતિથી સુખ માને છે કહે છે.

યોગ્ય સાધનના અભાવે જીવ વ્યવહાર રાશિમાં આવેલ નથી એવા ભવ્ય જીવો ( જાતી ભવ્ય ) પણ અનંત છે તે કહે છે—

सामग्गि अभावाओ, ववहारिय रासियं अप्पवेसाओ;
भव्वावि ते अणंता, जे सिद्धि-सुहं न पावंति. ७१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—સામગ્રીના અભાવથી ( ભવિતવ્યતા અને શુભોદય વગેરેના અભાવથી ) ભવ્ય જીવો પણ વ્યવહાર રાશિમાં ન આવવાથી મુક્તિના સુખને પામતા નથી. એ ભવ્ય જીવો જાતિ ભવ્ય કહેલા છે, જેમ વિધવા સ્ત્રી ( સ્ત્રી જાતિ ) હોવા છતાં પણ સંતાનોત્પત્તિની યોગતા વાલી છે; છતાં પણ સામગ્રી વિના ( પતિ સંયોગ વિના ) સંતાન ન થાય. તેમ જાતિ ભવ્યો પણ મુખ્ય સાધનને અભાવે મુક્તિને પ્રાપ્ત થતા નથી.

**વિષય સુખ વાસ્તવિક દુઃખજ છે તે કહે છે—**

**विसय सुहं दुक्खं चिय, दुक्ख पडियारओ तिगिजच्छियव्व;**
**तं सुहं उवयार ओ, न उवयारो विणा तच्चं. ७२**

**અર્થ**.—વિષય સુખ તે ( પરમાર્થથી ) દુઃખ છે. છતાં પણ દુઃખના પ્રતિકારથી સુખરૂપ માને છે. જેમ વૈદ્ય રોગીને કડુઆ ઔષધ ડાંભ અને છેદ વગેરે કરે છે; તેને દરદી સુખરૂપ માને છે. તેમ વિષયિક સુખ તે ઉપચાર સુખ છે વાસ્તવિક સુખ નથી પરંતુ દુઃખજ છે.

**જીવ અને પુદ્ગલાદિકનું અલ્પ બહુત્વ કહે છે—**

**जीवा पुग्गल समया, दव्वं पएसा पज्जवा चेव;**
**थोवाणं ताणंता, विसेस महिआ दुवेणंता. ७३**

**અર્થ**.—સર્વથી થોડા જીવમાત્ર ( સર્વ જીવ ), તેથી (સર્વ જીવથી ) પુદ્ગલ અનંત ગુણા, તેથી (પુદ્ગલથી ) સમય (કાલ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત ગુણ ( વર્તનાની અપેક્ષાએ ), તેથી ( સમયથી ) સર્વ દ્રવ્ય વિશેષાધિક અને તેથી ( સર્વ દ્રવ્યથી ) સર્વ પ્રદેશ અનંત ગુણ છે. તેથી ( સર્વ પ્રદેશથી ) સર્વ પર્યાય અનંત ગુણ છે.

**પર્યાપ્તાદિ સંજ્ઞા જીવને વ્યવહારનયથી છે તે કહે છે—**

**पज्जत्तापज्जत्तय, जे सुहुमा बायराय जे चेव;**
**देहस्स जीवसन्ना, सुत्ते ववहारओ उ[वु?]त्ता. ७४**

અર્થ.—પર્યાપ્ત ને અપર્યાપ્ત સુક્ષ્મ ને બાદર વગેરે અને દેહને વિષે જીવ સંજ્ઞા કહેવાય છે તે સૂત્રને વિષે વ્યવહાર નયથી કહેલ છે. વસ્તુતઃ જીવ અરૂપી છે પણ વ્યવહારથી રૂપીગણી પર્યાપ્તાદિ જીવના ભેદ ગણેલ છે.

**ચાર અંગ ( મોક્ષના ) પામવા દુર્લભ છે તે કહે છે—**

**चत्तारी परमंगाणि, दुल्लहाणि य जंतुणो;**
**माणुसत्तं सुई सद्धा, संजमंमि य वीरियं. ७५**

અર્થ.—જીવને પરમ ઉત્કૃષ્ટ ચાર અંગ પામવા દુર્લભ છે. તે ચાર અંગ કયા? ૧ મનુષ્યપણું. ૨ સિદ્ધાંતનું શ્રવણ ૩ યથાર્થ શ્રદ્ધા અને ૪ સંયમને વિષે વીર્યશક્તિનો ઉપયોગ આ ચાર અંગ ઉત્તરોત્તર પામવા કઠણ છે.

**ઉત્સેધાંગુલ વગેરેનું સ્વરૂપ કહે છે—**

**चउसय गुणप्पमाणं,-गुलमुस्से हिंगुलाओ बोधव्वं;**
**उस्सेहं गुल दुगुणं, वीरस्सायंगुलं भणिअं. ७६**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—ઉત્સેધાંગુલથી ચારસેંગણું પ્રમાણાંગુલ જાણવું; અને ઉત્સેધાંગુલથી બમણું શ્રી મહાવીરનું આત્માંગુલ જાણવું. અંગુલનું વિશેષ સ્વરૂપ અંગુલ સિત્તેરી પ્રમુખ ગ્રંથથી જાણવું.

શ્રાવકને સવા વિસવાની દયા હોય તે કહે છે--

थुला सुहुमा जीवा, संकप्पारंभो भवे दुविहा;
सावराह निरवराहा, साविक्खा चेव निविक्खाय. ७७

અર્થ.—મુનિને વીશ વિસવા દયા હોય અને શ્રાવકને સવા વિસવાની દયા હોય છે તે આ પ્રમાણે શ્રાવક સ્થુલ ( ત્રસ ) જીવની દયા પાલી શકે પરંતુ સુક્ષ્મ ( સ્થાવર ) જીવની દયા પાળી શકે નહિં; તેથી દશ વિસવા રહ્યા હવે સ્થુલ જીવની હિંસાના બે પ્રકાર છે ૧ સંકલ્પ હિંસા અને ૨ આરંભહિંસા તેમાં સંકલ્પ હિંસા ન કરે ( આરંભ હિંસાની જયણા ) તેથી પાંચ વિસવા રહ્યા સંકલ્પ હિંસાના બે ભેદ ૧ સાપરાધિ અને ૨ નિરપરાધિ જીવની હિંસા તેમાં નિરપરાધી જીવની હીંસા ન કરે ( અપરાધિ જીવની જયણા ) તેથી અઢી વિસવા રહ્યા નિરપરાધિ જીવની હિંસાના બે પ્રકાર ૧ સાપેક્ષ અને ૨ નિરપેક્ષ તેમાં નિરપેક્ષની હિંસા ન કરે, પરતું સાપેક્ષ ( શરીરમાં ઉત્પન્ન થયેલ જંતુ વિગેરેની જયણા તેથી સવા વિસવાની દયા શ્રાવકને હોય.

પ્રાયઃ સર્વ જીવે સર્વત્ર જન્મ મરણ કરેલ છે તે કહે છે—

नसा जाइ नसा जोणि, न तं ठाणं न तं कुलं;
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो. ७८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ.—એવી કોઈ જાતિ ( એકેંદ્રિયાદિ ) નથી એવી, કોઈ યોનિ ( ચોર્યાસી લાખ જીવયોનિ ) નથી, એવો કોઈ સ્થાન ( ચૌદરાજલોક ) નથી અને એવું કોઇ કુલ નથી કે જ્યાં જીવ ઉત્પન્ન ન થયો કે મરણ ન પામ્યો. અર્થાત્ સર્વ જીવે સર્વત્ર જન્મ મરણ કરેલ છે.

**જીવને કર્મનો સંયોગ સુવર્ણ અને પત્થર ( માટી ) જેવો છે તે કહે છે–**

जह चेव कंचणोव्वलं, संजोगोणाइ संतय गयोवि;
वुच्छिछ जई सोवायं, तह जोगो जीव कम्माणं. ७९

અર્થ.—જેમ કંચન અને પત્થર યાને માટીનો સંયોગ અનાદિ છે, તોપણ અગ્નિ તાપ વગેરે ઉપાયથી સોનું શુદ્ધ થાય છે, અને માટીનો વિયોગ અભાવ થાય છે. તેમ જીવ અને કર્મનો સંયોગ અનાદિ છતાં અંતસહિત છે, તે ધ્યાનાગ્નિ વગેરે ઉપાયથી આત્મા શુદ્ધ થાય છે; અને કર્મનો સર્વથા નાશ થાય છે.

**જીવલેણ નિમિત્ત મળવાથી જીવ મરણ પામે છે તે કહે છે––**

सूल अहि विस विसूइअ, पाणीअ सत्थग्गि संभमेहिंच;
देहंतर संकमणं, करेइ जीवो मुहुत्तेणं. ८०

અર્થ.—મસ્તક વગેરેનો શૂલ સર્પ–દંશ વિશૂચિકા ( અતિ ઉલટી ) અથવા ઝાડો જલ શસ્ત્ર અગ્નિ અને ચિત્તનો સંભ્રમ ભય વગેરે કારણોથી જીવ મૂહૂર્ત માગમાં–તત્કાલ દેહાંતરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્રમે છે જાય છે. અર્થાત મરણ પામે છે.

ઋણ વગેરે અલ્પ હોય તો પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી તે કહે છે.

रुण थोवं वणथोवं, अग्गीथोवंकसाय थोवं च;
नहु मे विससिसयव्वं, लहुयं विजं तं बहु होइ. ८१

અર્થ.—ઋણ ( કરજ ) વણ ( ગુંબડું ) અગ્નિ અને કષાય ( ક્રોધાદિ એ ચાર વસ્તુ થોડી હોય તોપણ તેનો કોઇએ વિશ્વાસ કરવો નહિ. કારણ ? તે અલ્પ છતાં પણ બહુ પ્રમાણમાં થતાં વાર લાગતી નથી.

ઔદારિકાદિ આઠ વર્ગણા કહે છે—

ओरालविउव्वाहार, तेअ भासाणुपाण मण कम्माइ;
सुहुमा कम्मावगाहो, ऊणूणंगुल असंखंसो. ८२

અર્થ—૧ ઔદારિક વર્ગણા ૨ વૈક્રિય વર્ગણા ૩ આહારક વર્ગણા ૪ તૈજસ વર્ગણા ૫ ભાષા વર્ગણા ૬ શ્વાસો શ્વવાસ વર્ગણા ૭ મનો વર્ગણા અને ૮ કાર્મણ વર્ગણા એ પ્રત્યેક વર્ગણા એકેકથી સુક્ષ્મ અને અવગાહના પણ એકેકથી અસંખ્યાતમે ભાગે હીન છે.

આહારક શરીર કેટલીવાર કરવામાં આવે તે કહે છે—

चत्तारिय वाराओ, चउद्दस पुव्वि करेइ आहारं;
संसारंमि वसंता, एग भवे दुन्नि वाराओ. ८३.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—ચૌદ પૂર્વી મુનિ સંસારમાં વસતાં ચાર વખતજ આહારક શરીર કરે છે અને એક ભવ આશ્રયી ( એક ભવમાં ) બે વખત કરે.

અણાહારિપણું કયારે હોય છે તે કહે છે—

विग्गह गइ मावन्ना, केवलीणो समुहया अजोगीय;
सिद्धाय अणाहारा, सेसा आहारगा जीवा. ८४

અર્થ—વિગ્રહગતિ ( વક્રગતિ ) ને પ્રાપ્ત થયેલ જીવો, કેવલિઓ, ( જ્યારે કેવલ સમુદ્ઘાત કરે છે ત્યારે ત્રીજે ચોથે અને પાંચમે સમયે ) અયોગિ કેવલી અને સિદ્ધના જીવો; અણાહારી હોય છે. બાકીના સર્વ જીવો સદા આહારીજ હોય છે.

ઉપશમ સમકિતી જીવ કયા ગુણ સ્થાનને પ્રાપ્ત કરે ? તે કહે છે—

उवसमसम्म दिट्ठी, अंतर करणेवी लब्भइ कोवि;
देस विरइंपि कोइ, पमत्ता पमत्तं भावंपि. ८५

અર્થ—કોઈક ઔપશમિક જીવ ( ઉપશમ સમકિતી ) અંતરકરણમાં રહયો થકો દેશ વિરતિને પામે છે-મેળવે છે; અને કોઈક પ્રમત્તા પ્રમત્ત ( છઠા સાતમા ગુણ સ્થાન ) ને પણ મેળવે છે.

ઉત્તરોત્તર નિર્જરાની વૃદ્ધિ કરનાર ઇગ્યાર ગુણ શ્રેણિ કહે છે—

सम्म देस सव्व विरई, अण-विसंजोयणा दंसण खवगे;
मोह समसंत खवगे, खीण सजोगी अर गुणसेढि. ८६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—૧ સમ્યકત્વની ૨ દેશ વિરતિની ૩ સર્વ વિરતિની ૪ અનંતાનુબંધી કષાય વિસંયોજનાની ૫ દર્શન મોહ ક્ષપકની ૬ મોહ ઉપશમની ૭ મોહ ઉપશાંતની ૮ મોહ ક્ષપકની ૯ ક્ષીણ મોહની ૧૦ સયોગિ કેવલીની ૧૧ અયોગિ કેવલીની એ ૧૧ ગુણ શ્રેણિઓ એકેકથી અસંખ્યાત ગુણ નિર્જરા કરનાર થાય છે.

**ધર્મ ન કરવાથી જીવે કરેલ પશ્ચાતાપ કહે છે—**

**न कयं दीणुध्धरणं, न कयं साहम्मिआणं वच्छलं;**
**हिययम्मि वीयराओ, न धारिओ हारिओ जम्मो. ८७**

અર્થ—મેં દીન દુઃખીજનનો ઉદ્ધાર ન કર્યો ! સાધર્મિજનનું વાત્સલ્ય ન કર્યું ! ! અને હૃદયમાં શ્રી વીતરાગ દેવને ધારણ ન કર્યા ! ! ! અરે રે ! હું અમૂલ્ય માનવ જન્મ હારી ગયો !

**ધર્મકાર્ય ( સામાયિકાદિ ) ગુરૂની સાક્ષીએ કરવું તે કહે છે—**

**गंतुअ पोसह सालाए, ठावित्तु ठवणायरियं;**
**वत्थ काय विशुद्धिए, करेइ पोसहाइयं. ८८**

અર્થ—પોષધશાલામાં જઇને ( સાક્ષાત્ ગુરૂને અભાવે ) સ્થાપનાચાર્યને સ્થાપીને વસ્ત્ર અને શરીરની શુદ્ધિ વડે પોષધાદિક ધર્મકાર્ય કર્ત્તવ્ય છે—કરવા યોગ્ય છે.

**સામાયિક કરનાર શ્રાવક પણ મુનિ જેવો છે તે કહે છે—**

**सामाइअम्मि उकए, समणो इव सावयो हवइजम्हा;**
**एएण कारणेणं बहुसो सामाइअं कुज्जा. ८९**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—સામાયિક કીધે છતે શ્રાવક પણ શ્રમણ જેવો થાય છે, તે કારણથી ( એક દિવસમા પણ ) બહુ વખત સામાયિકને કરવું. ( સામાયિક કરવાનો અભ્યાસ અને હ્રદયનાં પ્રેમ વડે ક્રમશ ચિત્તની સ્થિરતા થવા પામે છે. )

ધર્મ ક્રિયામાં જે સમય જાય તે સફલ છે—

सामाइय पोसह-सं,-ट्टियस्सजीवस्स जाइ जो कालो;
सोसफलो बोधव्वो, सेसो संसारफल हेऊ. ९०

અર્થ—સામાયિક પોષધ વ્રતમાં સ્થિર થયેલ જીવનો જે સમય ( વખત ) તે સફલ જાણવા યોગ્ય છે; અર્થાત તે સફલ છે. ( ઉપલક્ષણથી સામાયિક પોષધ સિવાય અન્ય ધર્મ ક્રિયામાં પણ જે સમય જાય તે પણ સફલ છે. ) તે સિવાયનો સમય ( અવિરતિ ધર્મ ક્રિયા વગરનો કાલ ) સંસારના ફલનો હેતુ જાણવો. અર્થાત્ જન્મ મરણનો નિમિત્ત થવા પામે છે.

હમણા સામાયિકાદિ ધર્મ છેજ નહિ એમ કહેનારનો સંગ ન કરવો તે કહે છે—

जो भणइ नत्थि धम्मो, न समाइअं न चेव य वयाइं;
सो समणसंघबज्झो, कायव्वो समण संघेण. ९१

અર્થ—જે કોઇ એમ કહે કે ધર્મ નથી સામાયિક અને વ્રતો નથી. એમ કહેનાર તે શ્રમણ સંઘથી બાહ્ય છે, માટે શ્રમણ સંઘે મળી બાહેર કરવા યોગ્ય છે. ( ધર્મ નથી એમ કહેનાર માણસ અનેક જીવોને ધર્મ ભ્રષ્ટ કરે છે એક સડેલ પાન બીજા પાનને બગાડે છે માટે બગડેલને બાહેર કરવો )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ગૃહસ્થોએ કેવા ગામ કે નગરમાં વસવું ? તે કહે છે—

जत्थ पुरे जिण भवणं, समयवीउ साहु सावया जत्थ;
तत्थ सया वसियव्वं, पउर जल मिंधणं जत्थ. ९२

અર્થ—જે નગરમાં જિનભુવન હોય, સ્યાદ્વાદ શૈલિએ આગમના જાણુ સાધુ અને શ્રાવકો હોય અને પુષ્કલ પ્રમાણમાં જલ ઇંધણ હોય ત્યાં નિવાસ કરવા યોગ્ય છે. અર્થાત્ વ્યવહારિક અને ધાર્મિક સામગ્રી જ્યાં વિશેષ હોય ત્યાં શાંતિથી વ્યવહારિક અને ધાર્મિક કાર્ય સુલભ રીત્ય કરી શકાય.

### આરંભ વગેરેથી દયાદિકનો નાશ થાય તે કહે છે—

आरंभे नत्थि दया, महिला संगेणं नासए बंभं;
संकाए सम्मत्तं, पव्वज्जा अत्थ–गहणेणं. ९३

અર્થ–-અતિશય આરંભ કીધે છતે દયાનો નાશ થાય. સ્ત્રીના પ્રસંગ પરિચયથી બ્રહ્મચર્યનો નાશ થાય. શંકાવડે સમકિતનો નાશ થાય અને દ્રવ્ય ગ્રહણ કરવાથી પરિગ્રહ મેળવવાથી પ્રવ્રજ્યા-સંયમનો નાશ થાય.

### સરંભ સમારંભ અને આરંભનો સ્વરૂપ કહે છે—

संकप्पो संरंभो, परितावकरो होइ समारंभो;
जीवाणं उद्दवहो, आरंभो चेव तईयं तु. ९४

અર્થ—જીવહિંસા કરવાનો માનસિક સંકલ્પ તે સરંભ, વચનાદિક નિમિત્તથી જીવને પરિતાપ ખેદ કે દુઃખ ઉપજાવવો તે સમારંભ, અને જીવનને શસ્ત્રાદિક નિમિત્તથી પ્રાણ રહિત કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે આરંભ, અર્થાત એ ત્રણ પ્રકારની હિંસા છે માનસિક વાચિક અને કાયિક.

**સદ્‌ગુરૂને વિધિ પૂર્વક વંદન કરતાં છ ગુણ થાય છે તે કહે છે-**

**इह छच्चगुण विणओ,- वयार माणाइ भंग गुरु पूया;**
**तित्थयराणय आणा, सुय धम्माराहणा किरिया. ९५**

અર્થ—અહિં-વંદનાધિકારમાં-ગુરૂને વંદન કરવાથી છ ગુણ થાય છે, તે વર્ણવે છે-૧ વિનયોપચાર-વિનયની પ્રવૃત્તિ, ૨ માન વગેરે ( સ્વચ્છંદ ) નો નાશ થાય, ૩ ગુરૂ-પૂજા ( બહુમાન ભક્તિ વગેરે ) નો લાભ થાય, ૪ તીર્થંકરની આજ્ઞાનું આરાધન થાય. ૫ શ્રુત ધર્મની આરાધના થાય અને ૬ સમ્યક્ ક્રિયાની પ્રાપ્તિ થાય.

**સાત કારણથી આયુષ્ય ઘટે છે અને સ્થિતિ રસની અપેક્ષાએ અપવર્તન થાય છે તે કહે છે –**

**अज्झ वसाण निमित्ते, आहारे वेयणा पराघाए;**
**फासे आणापाणु. सत्तविहं जिज्झ ए आउं. ९६**

અર્થ—૧ અધ્યવસાય, ( અતિ વિષય સ્નેહ ભય પ્રમુખ ) ૨ શસ્ત્રાદિકનો નિમિત્ત. ૩ અતિ આહારનું કરવું. ૪ નેત્ર શૂલ વગેરે જીવ લેણ વેદના, ૫ અતિશય આઘાત. ૬ સર્પાદિકનો સ્પર્શ ( દંશ વગેરે ) અને ૭ શ્વાસોશ્વાસનું રૂંધન. એ સાત કારણથી આયુષ્યનું ઘટવું થાય એ વ્યવહારથી છે નિશ્ચયથી આ-યુષ્ય-દલ પૂરણ કરીનેજ મરે. પરંતુ સ્થિતિ રસની અપેક્ષાએ અપવર્ત્તન થાય છે. કારણ ? ઘણા કાળે ભોગવવા યોગ્ય આયુષ્ય દલિક અલ્પકાળમાં પ્રદેશોદયે ભોગવી પૂરા કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે પ્રકારનો વિહાર કહે છે—

पढमोगियत्थ विहारो, बीओगियत्थ निस्सिओ भणिओ;
इत्तोतइयो विहारो, नाणुन्नाओ जिणवरेहिं. ९७

અર્થ—પ્રાપ્ત કરેલ છે તત્ત્વાર્થ જેમણે એવા ગીતાર્થ (બહુ સૂત્રી) પુરૂષનો વિહાર, બીજો ગીતાર્થની નિશ્રાએ-અનુવૃત્તિએ-વિહાર કહ્યો. ત્રીજો વિહાર જિનેશ્વરોને સમ્મત નથી. અર્થાત ત્રીજા વિહારની આજ્ઞા જિનેશ્વરોની નથી.

ગુણસ્થાનોની પ્રાપ્તિનો અંતર કહે છે—

पलिआसंखं समुहू, सासण इयर गुण अंतरं हस्सं;
गुरुमिच्छि बे छसट्ठो, इयरगुणे पुगल द्धंतो. ९८

અર્થ—સાસ્વાદાન ગુણઠાણાનો જઘન્ય અંતર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય. અન્ય દશ ગુણસ્થાન-( સાસ્વાદાન છોડીને ) પહેલાથી ઈગ્યારમાં ગુણસ્થાન-નો જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્તનો હોય. મિથ્યાત્વ ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ અંતર એકસો બત્રીશ સાગરોપમનો છે. બીજાથી ઈગ્યારમાં ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ અંતર કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત હોય. ઉપરના ત્રણ ( ૧૨-૧૩-૧૪ ) ગુણ સ્થાનનો અંતર નથી.

અશઠપુરૂષની આચરણા બહુમાન્ય છે તે કહે છે—

असढाइन्नणवज्जं, गियत्थ अवारियंति मज्जत्था
आचरणा विहुआण तिवयणओ सु बहु मन्नंति. ९९

અર્થ—જે અશઠ ગિતાર્થ પુરૂષોએ આચારણા કરેલ હોય વળી પાપ રહિત આચારણા હોય અન્ય મધ્યસ્થ ગિતાર્થ પુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાએ જેનું નિષેધ ન કર્યો હોય તે આચારણા નિશ્ચે શ્રી જિનાજ્ઞા એ છે ( જીત વ્યવહારે છે ) અને તે આચારણા બહુમાન્ય છે કારણ? વર્તમાનકાળમાં બહુશ્રુત આચાર્યની પરંપરા માન્ય છે.

અનેકધા સિદ્ધના ગુણો કહે છે—

> जे अणंतगुण दुगुणा, इगतीसगुणा अहवा अट्ठगुणा;
> सिद्धाणंत चउक्का, ते सिद्धा दिंतु मे सिद्धं. १००

અર્થ—સિદ્ધના જીવો અનંત ગુણવાલા છે. કેવલજ્ઞાન અને કેવલ દર્શન એ બે ગુણવાલા છે અને એકત્રીશ ગુણ પણ છે. અથવા આઠગુણ વિશિષ્ટ છે અને અનંત ચતુષ્ટયવંત છે. એવા સિદ્ધ પરમાત્માઓ! મને સિદ્ધિને આપો.

લેખકનું અંતિમ કથન—

> वीरपहुप्पसुये हिं, गंग तरंगुव्व निम्मल वयणेहिं;
> लिहिअं संगह सयगं, जयउ जाववीर जिणतित्थं. १०१

અર્થ—વીર પ્રભુથી ઉત્પન્ન થયેલ ( કહેલ ) ગંગાના તરંગ જેમ નિર્મલ વચનો વડે મેં સંગ્રહ શતક લખ્યું છે તે જ્યાં સુધી શ્રી વીર ભગવાનનું શાસન ( તીર્થ ) ત્યાં સુધી આ શતક જયવાન્ રહો.

સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only